# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.........

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION
GRWB/057/BHARUCH/02
At. : Dayadara, Di. Bharuch
Pin. 392020 Guj. India
Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા (માસિક)


**"બરકાતે ખ્વાજા" (માસિક)**

**૧-જુલાઈ-૨૦૦૪**

**જમાદીઉલ અવ્વલ-જમાદીઉલ આખર**

**હિ.સ. ૧૪૨૫**

**વર્ષ : ૦૧ અંક : ૦૭, સળંગ અંક : ૦૭**

**★ સ્થાપક અને પ્રકાશક ★**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**★ પત્ર વ્યવહારનુ સરનામું ★**

બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા
તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## ★ જબ ભી કોઈ પૂછતા હૈ અહલે સુન્નત કી સનદ ★

જબ ભી કોઈ પૂછતા હૈ અહલે સુન્નત કી સનદ
પેશ કર દેતે હૈં હમ તો આ'લા હઝરત કી સનદ
નફ્સી નફ્સી હશ્ર મેં હોગા રસૂલોં કા જવાબ
મુસ્તફા કે હાથ મેં હોગી શફઅત કી સનદ
નક્શ કર લો નામે અહમદ અપને દિલ પર સુન્નીયો
હાં યહી હૈ નારે દોઝખ સે હિફાઝત કી સનદ
ખાનદાને મુસ્તફા કા મર્તબા ક્યા પૂછના
હૈ કુર્આને પાક મેં ઉનકી તહારત કી સનદ
ઈસ લિયે પળ્હતે હૈં હમ સુન્ની ખળે હો કર સલામ
હૈ યહી સરકારે તય્બહ્ સે મહબ્બત કી સનદ
હૈ **અલિફ** મિષ્લે કયામ **હા** હૈ રુકૂઅ સજદહ હૈ **મીમ**
**દાલે** અહમદ હૈ મુસલમાં કી ઈબાદત કી સનદ
હિંદ મેં હૈ સુન્નીયોં કે જિતને ભી દારુલ ઉલૂમ
સબ કે સબ હૈં સૈયદુલ્ ઉલ્મા કી મેહનત કી સનદ
શૈખ નજદી તુમ કો હમ કિસ તૌર સે અપના કહે
જાઓ પહેલે લાઓ તુમ સુન્ની જમાઅત કી સનદ
જિસ કા ચેહરા ખિલ ઉઠે 'અહમદ રઝા' કે નામ પર
ગોયા ઉસકો મિલ ગઈ જીતે જી જન્નત કી સનદ
ઈસ લિયે **નઝમી** પળ્હા કરતા હૈં ના'તે મુસ્તફા
મિષ્લે હસ્સાં ઉસકો ભી મિલ જાએ કુર્બત કી સનદ


**★ માનદ તંત્રી ★**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**



નૂરાની આર્ટ, દયાદરા. ફોન : ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧

**બરકાતે ખ્વાજા** *(માસિક)* **જુલાઈ–૨૦૦૪**

★ વર્ષ : ૦૧ ★ અંક : ૦૭ ★ સળંગ અંક : ૦૭

## ✪ ✪ ✪ અનુક્રમણિકા ✪ ✪ ✪


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ** : નિર્દોષ પેલેસ્ટાઈનીઓ પર ઈઝરાઈલી બુલડોઝરની બર્બરતા ! | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યલય) | ૦૮ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૧૦ |
| ૦૪. | ફતવા વિભાગ | મુફતી હારૂન રશીદ કાદરી અમજદી કંબોલ્વી | ૧૨ |
| ૦૫. | શિફા શરીફ | **લેખક** : હઝરત કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૪ |
| ૦૬. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની<br>(ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૧૭ |
| ૦૭. | કુફ્રનો મસ્અલો અને ઈમામ અહમદ રઝા | **લેખક** : હઝરત મુફતી શરીફુલ હક્ક رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૯ |
| ૦૮. | હિકમતે નમાઝ | **અઝ** : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી–મુંબઈ *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)* | ૨૨ |
| ૦૯. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૨૫ |
| ૧૦. | સાચા પીરની પરખ કરાવતો આઈનો !! | **અઝ** : હઝરત મૌલાના નિઝામુદીન મિસ્બાહી કુરચનવી<br>**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી | ૨૭ |
| ૧૧. | ઈસ્લામને ત્રાસવાદ સાથે સાંકળવામાં મીડિયાની કાવત્રાબાજી | **લેખક** : ખુશ્તર નૂરાની (અલીગ) તંત્રી : જામે નૂર–દિલ્હી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૩૨ |
| ૧૨. | સૂતેલાઓની વાતો..... | **કહેનાર** : હઝરત મૌલાના હસન આદમ કોલનવી | ૩૯ |
| ૧૩. | હાફિઝે મિલ્લતની સંક્ષિપ્ત જીવન ઝાંખી | **અઝ** : જનાબ મુહમ્મદ ઈમરાન રઝા દયાદરવી | ૪૩ |
| ૧૪. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |

## ક્યાં છે માનવ અધિકારની બૂમો પાડનારા !

# નિર્દોષ પેલેસ્ટાઈનીઓ પર ઈઝરાઈલી બુલડોઝરની બર્બરતા !

(તંત્રી લેખ)

વિ□ના સૌથી મહાન આતંકવાદી દેશ ''અમેરિકા'' તથા તેના આતંકવાદી સાથી દેશો ઈન્ટરનેશનલ કક્ષાએ (ગવર્નમેન્ટ માન્ય !) આતંકવાદને ફેલાવી રહ્યા છે એનાં દૃષ્ટાંતો કશાય પૂરાવા વિના કેવળ પોતાના ગુમાનથી ધારી લીધેલ અને મનમરજીથી ઠરાવેલ આતંકવાદી ઓસામા બિન લાદેનની તલાશના બહાના હેઠળ અફઘાનિસ્તાનમાં કીડા મકોડાની જેમ માનવ સંહાર કરીને તથા સદ્દામને હટાવવાના બહાને તથા સાબિત ન થયેલ જૂઠો આક્ષેપ કે Mass Distruction (સામુહિક સંહાર)નાં શસ્ત્રો તેની પાસે છે તેવા બહાના હેઠળ ઈરાકની પવિત્ર ભૂમિ પર માનવની લાશોના રોજ ઢગલા ખડકાતા રહ્યા અને એ જ પ્રમાણે એ જ અમેરિકાની નાજાઈઝ ઔલાદ ઈઝરાઈલ (યહૂદી વસાહત)ને આબાદ રાખવા તથા તેના સામેના સર્વ ભયોને દૂર હટાવવા પેલેસ્ટાઈની મુસ્લિમો સાથે જાનવરોથી બદ્તર વહેવાર વરસોથી થતો આવ્યો છે અને થતો રહે છે. શેરોનના બુલડોઝરો એ જ **આતંકવાદી નામના ભૂત**ની તલાશમાં નિર્દોષ લોકોની આબાદીઓ પર ક્રૂરતાપૂર્વક બુલ્ડોઝરો ફેરવી તેમને હાથે પગે કરી રહેલ છે. શું આ આતંકવાદ નથી ?! ક્યાં છે UNO અને ક્યાં છે માનવ અધિકારની બાંગો પાડનારાઓ ! શું આ કચડાય રહેલા મુસ્લિમો અને લાશોના ઢગો થઈ રહ્યા છે જે મુસ્લિમોના તેઓ માનવ નથી ?! અસલમાં ન તેમને માનવ અધિકારની કાંઈ પડી છે ન અન્ય ચીજની તેઓના મકસદો કાંઈ અન્ય જ છે !

આવા નાઝુક સંજોગોમાં The Guardian લંડનનું અંગ્રેજી ન્યૂઝ પેપર **જનાબ હાજી અબ્દુલ્લાહ મીનાવાલા દયાદરવી** સાહબે અમારા પર મોકલતાં તેમાંથી ''ઈઝરાઈલી જુલ્મોની દાસ્તાન''ના થોડાક તાજા જ નમૂના અત્રે રજુ કરીએ છીએ જેનો ગુજરાતી અનુવાદ **જનાબ હાજી ઈસ્માઈલ વલી ઈસા સાલેહ (દયાદરા)**એ કરેલ છે એને વાંચો અને વંચાવો અને કાંઈ ન કરી શકો તો અલ્લાહથી દુઆ કરો કે તે જાલિમોને ઝેર કરે. *(–તંત્રી બરકાતે ખ્વાજા)*

## ★ અલ્ અખારા ખાનદાનની કૈફિયત ★

અલ્ અખારા ખાનદાનના ઘરમાં હવે શેષ કશું જ બચ્યું નથી. એક સમયના મશ્હૂર બેદુઈન કબીલાને મજબૂરન ટેન્ટની માયૂસીભર જિંદગી તરફ ધકેલી દેવામાં આવ્યું. ઈઝરાયેલી લશ્કરના પિશાચી બુલડોઝરોએ વેરેલા વિનાશ બાદ અમારા ઘરમાંથી માત્ર એક મોટી સાઈઝના ધાતુના વાસણ સિવાય કશું જ બચવા પામ્યું નથી. દસ દસ રૂમના મકાનને એટલી બર્બરતાપૂર્વક રહેંસી નાંખવામાં આવ્યું છે કે હવે તેની દિવાલોના પણ નામ નિશાન બાકી રહ્યાં નથી. રાત્રીનો દસનો સમય હતો જ્યારે મહાકાય બુલડોઝરો તેમના મકાન તરફ ધસી રહ્યાં હતાં. તમામ આબાલ વૃદ્ધ ગભરાટના માર્યા આમતેમ ભાગી રહ્યા હતા. મારો એક ભાઈ જે અપંગ હતો તેને ખૂબ જ જેહમતપૂર્વક ઘરમાંથી બહાર ખેંચી કાઢયો. રફાહના તથા અન્ય અનેક કબીલાઓની માફક અખારા કબીલાના મકાન ઉપર અગાઉ પણ ઈ.સ. ૧૯૭૧ દરમ્યાન એરીઅલ શેરોનના એક મનસ્વી હુકમે બુલડોઝરો ફેરવી નાંખ્યાં

હતાં. અખારા એક સમયમાં ઈઝરાઈલમાં જ બિલ્ડરનો વ્યવસાય કરતા હતા પરંતુ નસીબની બલિહારી કે તે હવે ખૂદ પોતાના જ મકાનને ભવિષ્યમાં ફરીથી બેઠું કરી શકે તેવી સ્થિતિમાં નથી. અત્યંત વિષાદભર્યા સ્વરે અખારા પરિવાર કહે છે કે, "અમારી પાસે કશું જ બચ્યું નથી. ન તો અમારી પાસે પૈસા છે કે અન્ય કોઈ માલ મિલ્કત રહી જેથી અમે ફરીથી મકાન બનાવી શકીએ. અમે હવે તમામ ઘરબાર વિહોણાં નિરાશ્રીતો જ છીએ. જે દિવસ દરમ્યાન પોતાની જ પનાહગાહના મળવા ઉપર દિવસો ગુજારે છે અને ફક્ત રાત્રી દરમ્યાન જ સંબંધીઓના ઘેર આશરો લે છે કેમ કે તેઓ પણ નથી ચાહતા કે અમો સૌ દિવસ દરમ્યાન પણ એમના ઘરમાં રહીએ !"

## ★ અલ્ ઘાલી કબીલાની કરુણ કથની ★

અઝીઝા અબૂ ઘાલી ક્રોધ મિશ્રિત સ્વરે કહે છે કે, "મારા ખાવિંદ ૯૦ વરસની ઉંમરના છે હવે તેમની પાસે સૂવાની પણ જગ્યા નથી. યહૂદીઓએ બેરહમીપૂર્વક અમારા મકાનોને નેસ્તનાબૂદ કરી દીધાં છે. જ્યારે બુલડોઝરનો અવાજ સાંભળ્યો ત્યારે હું તેના ડ્રાઈવર તરફ ધસી ગઈ અને જોરજોરથી ચિલ્લાવા માંડી કે જાલિમો શું તમારે બાલબચ્ચાં નથી ?! તેઓ તદન પથ્થર દિલ હતા. મારી આજીજી વિનવણીનો કોઈ જવાબ ન મળ્યો અને તેમણે મારા પુત્રને મારી નાંખીને અમને દુઃખના દરિયામાં નાંખી દીધા. અમો અલ્લાહ પાસે દુઆ કરીએ છીએ કે જેઓ અમારા ઉપર જુલ્મો સિતમ કરી રહ્યા છે તેમને તું એવા જ અઝાબમાં પકડી લે."

અઝીઝા પણ તે કમનસીબ ઔરતોમાંની છે જેણે ઈ.સ. ૧૯૪૮ માં પણ આવા જ ખૌફનાક જુલ્મનો સામાનો કર્યો છે કે જે સમયે તે યુવાન હતી. તેને કલ્પના પણ ન હતી જિંદગીના પાછલા વર્ષોમાં પણ તેની કિસ્મતમાં આ જ આફત ફરીથી આવવાની છે. જ્યારે બુલડોઝરો દોડતાં આવી રહ્યાં હતાં ત્યારે અઝીઝા ભર ઉંઘમાં હતી. તેનો ખાવિંદ યુસૂફ બાજુના રૂમમાં સૂતો હતો. તેનો પુત્ર અને બાળકો વાડા તરફના બે રૂમમાં સૂતાં હતાં. પરંતુ થોડીક જ ક્ષણોમાં ત્યાં રૂમની જગ્યાએ રાખનો ઢગલો હતો. જે કંઈ બચ્યું હતું તે તમામ મિલ્કતમાં માત્ર એક યુસૂફની વ્હીલચેર જ હતી. સંપૂર્ણ ઘરવખરી વેરવિખેર હતી. ફ્રીઝને પણ જમીન પર ફેંકીને છૂંદી નાંખવામાં આવ્યું હતું. એક મુરઝાયલા ફૂલની કળીઓ માફક પંખાની પાંખોને પણ બેવડ વાળી દીધી હતી. યૂસુફનો પુત્ર યુ એન ક્લિનિકનો કર્મચારી કહે છે : "તેના પિતા ખરેખર નસીબદાર છે કે બચી ગયા. આખો દિવસ ફાયરીંગ ચાલુ રહ્યું. એક ટેન્ક અમારા ઘર પાસે જ હતી, હું ખૂબ જ ગભરાય ગયેલો હતો. બારી બહાર જોવાની પણ હિંમત ન હતી એટલી અંધાધૂધ ગોળીઓ વરસતી હતી. આખી રાત જાગતાં જ વિતાવી. મકાનોના તૂટવાના ભયંકર અવાજો આજુબાજુમાંથી આવી રહ્યા હતા. પ્રથમ રાત્રીએ મેં જોયું કે મારા વાલિદ જેઓ બહેરા હતા મારી વાલિદાના રૂમ પર ટકોરા મારીને કહી રહ્યા હતા કે મારે નમાઝ માટે નીચે ઉતરવું છે. મેં દોડીને તેમને પરિસ્થિતિથી વાકેફ કર્યા કે અંદર જ પૂરાયલા રહેજો. છેલ્લા થોડાક કલાક માટે જ આ અમારી પનાહગાહ હતી. તેર તેર વ્યક્તિઓનો એક આશરો હવે મિનિટોમાં જ જમીનદોસ્ત થવાનો હતો. મેં જોયું કે હવે ટેન્કનું રૂખ અમારા ઘર તરફ જ થયું છે એટલે મેં દોડીને મારા પુત્ર અને પિતાને દૂર લઈ જવા હિંમત કરી કેમ કે થોડીક જ ક્ષણો બાકી હતી. ઝડપથી મેં મારા વાલિદને ખભા પર ઊંચકી લીધા અને દૂર ભાગી ગયો. હું નથી માનતો કે મારા વૃદ્ધ પિતાને જે કંઈ પણ બની ગયું તેની લેશમાત્ર પણ કલ્પના આવી હશે."

## ★ અલ્ વાવી ખાનદાનની કરુણ દાસ્તાન ★

મૂસા જુમા અલ્ વાવી ખાનદાનનો ઈતિહાસ એરીઅલ શેરોન સાથે ઘણા લાંબા સમયથી સંકળાયેલો

છે. તેઓ શેરોનને "બુલડોઝર" કહીને જ બોલાવે છે. તેમના કબીલા સાથે આવી બુલડોઝરી બર્બરતા પ્રથમ વખત જ આચરવામાં નથી આવી બલ્કે લગભગ ઈ.સ. ૧૯૭૧ માં પણ આવી જ હયવાનિયતનો ભોગ તેમનો પરિવાર બનેલો છે જ્યારે પણ તેમના મકાનોને તોડી પાડવામાં આવ્યાં હતાં. પોતાના ઘરના કાટમાળ વચ્ચે ઊભા રહીને ૫૪ વર્ષીય દાદા અત્યંત દુઃખપૂર્વક ઉપરોક્ત વિગત બયાન કરે છે. વધુમાં તેઓ કહે છે કે તેઓ તો તેમના જન્મ પૂર્વે પણ નિરાશ્રીત જ હતા. જ્યારે તેઓ તેમની માતાના ઉદરમાં હતા અને તે વખતે પણ તેમનું ગામ ઝરનુગા તેમને છોડવું પડયું હતું તે વર્ષે ઈ.સ. ૧૯૪૮ નું હતું. તેમનું મકાન આજે પણ ત્યાં જ છે જ્યાં હવે યહૂદી કુટુંબ રહે છે. મારી માતા ખાન યુનીસ ખાતે નિરાશ્રીત કેમ્પમાં હતી. પાછળથી તેણીને રફાહ ખાતે જવું પડયું જ્યાં મારો જન્મ થયો. બુલડોઝરોના નાપાક પંજાએ ઈ.સ. ૧૯૭૧માં પણ અમારા ખાનદાનને પીંખી નાંખ્યું. તે સમયે શેરોન જનરલ હતા અને તેના હુકમથી ગાઝા પટ્ટીમાં રોડ પહોળા કરવા માટે આશરે ૨૦,૦૦૦ લોકોને ઘરબાર વિહોણા કરી દીધા હતા તે પ્રવૃત્તિ પણ તેની પી એલ ઓ વિરૂધ્ધની રાજનીતિના એક ભાગરૂપે જ હતી. શેરોને અમારું મકાન પણ તોડી પડાવ્યું. ત્યારબાદ યુ એન અને ઈઝરાયેલ દ્વારા નિરાશ્રીતો માટે બનાવેલા મકાનમાં યીબ્ના (રફાહની બાજુમાં) તે અમે ખરીદી લીધું. પરંતુ ત્યારબાદ ફરીથી તેમના દ્વારા જ અમારા મકાનો તોડી પડાયાં જે નિરાશ્રીતો માટે જ ૨૫ વર્ષ અગાઉના બનાવેલાં હતાં. ત્યારબાદ વાવી કુટુંબ અલ્ બ્રાઝિલ ખાતે હિજરત કરી ગયું અને વર્ષો બાદ નવું મકાન બનાવ્યું. તાજેતરમાં અહીંયા પણ જ્યારે બુલડોઝરો વિનાશ વેરવા આવી પહોંચ્યા ત્યારે આશરે ૨૦ પુરૂષો–સ્ત્રીઓ અને બાળકો પાછળના રૂમમાં ખીચોખીચ ભરાયેલાં હતાં. તેમાંનું કોઈપણ બહાર આવવાની હિંમત કરી શકે એમ ન હતું કેમ કે સતત ફાયરિંગ ચાલુ જ હતું એટલે ભાગવાનું અત્યંત કઠિન હતું. તે સમયે મારો ભાઈ જે પડોશમાં જ રહેતો હતો તે હથોડો લઈને આવ્યો અને ઝડપથી તેના થકી દિવાલમાં એક બાકોરું પાડયું. હવે બુલડોઝરો અમારા મકાન સાથે અથડાવા લાગ્યા હતા દિવાલો પણ ધ્રુજવા લાગી હતી. કશું જ લીધા વગર અમે જાન બચાવીને નાસી ગયા. પરંતુ હવે અમે ક્યાં જઈશું ? હજુ આજે પણ આ જ મારું ઘર છે. અમે તેને સાફસૂફ કરીને તેમાં જ કેમ્પ લગાડીને રહીશું. જો તેઓ મને, મારા પુત્ર કે પોત્રોને ઠાર મારવા માંગતા હોય તો મારા જ ઘરમાં તેમ કરી શકે છે, કેમ કે અમે મજબૂર–લાચાર તેમને કશું જ કરી શકીએ એમ નથી. પરંતુ કોઈપણ ભોગે અમે અહીં જ રહીશું !"

## ★ અબૂ હાસનીન કુટુંબની વિતક કથા ★

રાએસા ખલીલ અબૂ હાસાનીનને ૧૦ બાળકો છે. આમ પણ તેમનું નાનું મકાન હમેશાં માટે નાનું જ પડતુ હતું. તેમના છોકરાઓ એક રૂમમાં અને છોકરીઓ બીજા રૂમમાં સૂતાં હતાં. પરંતુ અફસોસ ! તેમાંથી પણ હવે માત્ર એક જ કિચન જ દુશ્મનોએ સલામત છોડયું છે. આવું કંઈક બનશે એની તો કલ્પના જ ન હતી. ઈઝરાએલી કહે છે કે તેમને ત્રાસવાદીઓની તલાશ છે, શસ્ત્ર સરંજામની દાણચોરી માટે બનાવેલી ગુપ્ત ટનલને તેઓ શોધવા માંગે છે. પરંતુ અમે તો સરહદથી કેટલાયે દૂરના અંતરે રહીએ છીએ. શું આવી કોઈ ટનલ અહીંયા હોય શકે ખરી ?! અમે બુલડોઝરોનો કાફલો જોયો અને થોડીક જ વારમાં અમે દિવાલોને ઢળતી જોવા લાગ્યા. મેં મારા બાળકોને રૂમમાં જ રહેવા દીધાં અને બુલડોઝરના ડ્રાઈવર પાસે જઈને આજીજી કરી કે મારાં બાળકો અંદર છે તેઓ રડી કકળી રહ્યાં છે પરંતુ મારી કાકલૂદીની કોઈ અસર તેના પર જોવા મળી નહીં. બસ એ તો એની પૂરી બેપરવાહીથી કામ કરતો જ રહ્યો. મેં ખૂબ જ જોરથી રડવાનું અને કીકીયારીઓ પાડવાનું ચાલુ રાખીને સફેદ રૂમાલ હલાવવાનું ચાલુ

રાખ્યું. આજુબાજુના લોકો મદદે દોડી આવ્યા અને લાકડીઓ વડે જોરજોરથી ફટકા મારીને તેમાં મોટું બાકોરું પાડયું અને તમામ ત્યાંથી ભાગી ગયાં. ત્યારબાદ પાછળથી કાટમાળ હેઠળથી મળ્યું માત્ર એક ફ્રીજ, બાળકોની સ્કૂલ બુક્સ, કેરોસીનના એક બે દિવા અને થોડું કિચન ફર્નીચર, બાકી તમામ વસ્તુઓ પથારીઓ કપડા લત્તાં તમામ ઘરવખરી નેસ્તોનાબૂદ થઈ ગઈ. હવે બાળકો આવાં ગંદા કપડાં જે તેમણે છેલ્લા કેટલાયે દિવસથી પહેર્યાં છે તે પહેરીને શાળાએ જવા માટે પણ આનાકાની કરે છે કેમ કે આવાં મેલાં ઘેલાં કપડાંમાં શાળાએ જવાનો તેમને સંકોચ થાય છે. છેલ્લા ૨૨ વર્ષથી આ મકાન મારું હતું. મેં શાદી કરી ત્યારથી અહીં જ રહું છું પરંતુ હવે માત્ર ભલે પથ્થરની પથારી જ કેમ ન બચી હોય પણ હું ગર્વભેર ઈજ્જત આબરૂ ખાતર અહીં જ રહીશ. અમને ખબર નથી કે નવું મકાન કેવી રીતે બનાવીશું ! અમારી પાસે કશું જ બચ્યું નથી. તેઓ (ઈઝરાઈલીઓ) એક માત્ર દ્વેષભાવપૂર્વક જ આવી હૈવાનિયત કરી રહ્યા છે. તેઓ નથી ચાહતા કે પેલેસ્ટાઈનીઓ દુનિયામાં હયાત રહે. બસ ! તેઓ માત્ર અમને ખતમ કરવા પર જ તૈયાર છે."

## ★ મિક્કવી ખાનદાનનું દર્દ ★

"રૂલા અબૂ આબિદ તેની ઢીંગલીને એ રીતે પકડી રાખે છે કે જાણે દુનિયામાં ફક્ત આ એક જ વસ્તુ બાકી રહી છે. તે ઢીંગલીનું નામ લારલા છે. નિર્દોષભાવે તે તેના દાદ હસન મિક્કાવીને પૃચ્છા કરે છે કે "મારી ઢિંગલીનું માથું કાટમાળમાં દટાય ગયું છે જો તમને તે મળે તો મને પાછું આપશો ?" એક ખ્યાતનામ મોટર મિકેનિકના કંપાઉન્ડમાં એક ઈમારત હતી જ્યાં બે પુત્ર કુટુંબ કબીલા સાથે રહેતા હતા. તે હવે સંપૂર્ણપણે તબાહ કરી આપવામાં આવેલ છે. માત્ર થોડી બ્લેન્કેટ, એક ટુલ બોક્ષ, ડુંગળીના બાસ્કેટ, ધાતુના રડયાં ખડયાં વાસણ જેવી જૂઝ ચીજો જ સલામત રહી છે. મિક્કાવીની કારને પણ બુલડોઝર વડે છૂંડીને સપાટ કરી દીધેલ છે મિક્કાવી દર્દસભર રજુઆત કરે છે કે, "પોતે છેલ્લા એક વર્ષથી અમેરિકામાં કાયદેસર રીતે વસવાટ કરતો હતો. તે વર્ષ ઈ.સ. ૧૯૯૬ નું હતું. આ બાબતની ખાતરી કરાવવા ખિસ્સામાંથી તે ડ્રાઈવિંગ લાઈસન્સ કાઢીને બતાવે છે પરંતુ તે તેના કુટુંબને અમેરિકા સ્થાયી કરી શકે એમ ન હતો તેથી અહીં પરત ફર્યો હતો એ જ ખ્યાલ સાથે કે હવે ત્યાં શાંતિપૂર્ણ માહોલ હશે. (હસન મિક્કાવી) પોતે છ વર્ષના હતા ત્યારે જ તેમનું ગામ ઝરનુગા છોડીને હિજરત કરવી પડી હતી જે ૧૯૪૮ નું વર્ષ હતું. ત્યારબાદ ૨૫૦૦ અરબ જ્યાં પનાહ લેતા હતા તે રફાહ ખાતે નિવાસ કર્યો હતો. આજે તેમાંના કેટલાયે તો ત્યાંથી જ આ દુનિયામાંથી જતા રહ્યા હશે. મને તે મસ્જિદ અને બાગ બરાબર યાદ છે તે સમયે ટેન્કો ન હતી પણ ફાયરિંગની ઘટના તો હું હજુ સુધી ભૂલ્યો નથી. મેં મારા મા બાપ ભાઈને રડતાં પણ જોયા છે, મારા વાલિદ તે વખતે ક્યાંકથી થોડુ ફ્રુટ અને અન્ય થોડીક ખાવાની ચીજ પણ લાવ્યા હતા. તે દિવસ પણ આજના દિવસની જેમ જ ગોઝારો હતો. ઈ.સ. ૧૯૪૮ માં અમે ગાઝા ખાતે પનાહ લીધી અને એક વર્ષ બાદ અમે રફાહ તરફ હિજરત કરી ગયા. પરંતુ ઈ.સ. ૧૯૬૭ માં ઈઝરાએલી સૈન્યે અમારા મકાનો પર હુમલો કરી તોડી પાડયાં. તેઓ ચાહતા હતા કે અમે સિનાઈ અથવા વેસ્ટ બેન્ક તરફ હિજરત કરી જઈએ પરંતુ અમોએ તેમ કરવા ધરાર ઈન્કાર કરી દીધો. ત્યાર બાદ મારા વાલિદે અહીં બે રૂમ અને બાથરૂમવાળું મકાન બનાવ્યું હતું. તમે કલ્પી શકો છો કે તે કેટલું વિશાળ હશે. તાજેતરની તબાહી પૂર્વે અહીં ૧૬ માણસો આશરો લેતા હતા. જ્યારે અમારા પર હુમલો થયો ત્યારે અમે ભાગી ગયા અને પરત ફરીને જોયું તો સંપૂર્ણ ઘર માત્ર એક કાટમાળના જંગલમાં તબદીલ થઈ ચૂક્યું હતું."

## ★ અબૂ મસોદ ખાનદાનનું આક્રંદ ★

અબૂ મસોદ એક નાનકડા કારખાનાનો માલિક. જેના નાના કારખાનામાં સીટ કવર તથા

કારસીટના કવર, ખુરશી સોફાના કવર વિગેરે બનતાં હતાં. અને એ ધંધા પર જ પૂરા પરિવારનો ગુજારો હતો. અબૂ મસોદ કહે છે કે, "તેઓ (ઈઝરાએલી) અમને એક માનવ તરીકે પણ જોવા તૈયાર નથી. માણસાઈ જેવી કોઈ ચીજ એમની પાસે નથી. જુઓ ! આ યહૂદીઓ કેટલી શાનથી જીવે છે અને અમે કેટલું બદ્તર જીવન ગુજારીએ છે. તેમ છતાં પણ અમારી પાસે જે થોડુ ઘણુ હતું તે તેમણે છીનવી લીધું છે. આ ઉજ્જડ વિરાન જેવી જગ્યામાં હવે માત્ર થોડા સિવવાના સંચા વેરવિખેર પડેલ છે જે અમે થોડા વરસ પહેલાં જ ઈટાલીથી લાવ્યા હતા. બસ એ સિવાય તૂટેલી કાર અને થોડાક બ્લેન્કેટ બચેલાં છે. અમારું ખાનદાન વાદી હનીનથી અહીં હિજરત કરીને આવેલું હતું, એ જ ગામ જે હવે ઈઝરાએલમાં અસ્તિત્વ પણ ગુમાવી ચૂક્યું છે. મુહમ્મદ રફાહ ખાતે ૧૯૪૮ માં આવેલ હતો ત્યારે એક બાળક હતો. તે અગાઉ પણ તેમના ઘરોને શેરોનના દ્વારા તોડી પાડવામાં આવ્યાં હતાં, એ જ ત્રાસવાદીઓની તલાશના જૂઠ્ઠા બહાના હેઠળ. ત્યાર બાદ અમો અલ્ બ્રાઝિલ ખાતે હિજરત કરી સ્થાયી થયા અને અહીં છ ભાઈઓએ આ મકાન બનાવ્યું જેમાં ૪૦ માણસોનું કુટુંબ રહેતું હતું. જ્યારે બુલડોઝરો આવ્યાં ત્યારે (અબૂ મસોદ) તેના બે બાળકો, ૨૦ વર્ષીય જબર અને ૧૬ વર્ષીય મસોદ સાથે ઘરમાં જ હતો. તે સિવાય અન્ય પાંચ ભાઈઓ તથા તેમનાં બાલબચ્ચાં પણ મૌજૂદ હતાં. અમે સફેદ રૂમાલ ફરકાવતા બુલડોઝરના ડ્રાઈવર પાસે દોડી ગયા અને વિનવણી કરતા રહ્યા કે અમારાં બાળકો અંદર છે. પરંતુ ઈઝરાએલી સૈન્યે તમામ પુરૂષોને એક તરફ કરી દઈને તમામના હાથ બાંધી દીધા અને આંખો પર પટ્ટી બાંધી દઈને તપાસ માટે સરહદ તરફ લઈ ગયા. આ સમયે બાળકોને પડોશીઓએ આશરો આપ્યો. ત્યારબાદ પૂરી ઈમારતને તબાહ કરી નાંખવામાં આવી. અમે હવે ઘરબાર વિનાના નિરાશ્રીતોની હાલતમાં છીએ. હું અહીં જ મારા મકાનના કાટમાળ ઉપર જ દિવસો ગુજારું છું. મારા પડોશીઓ બાળકોને સાચવે છે, નિભાવે છે. હું મારા બાળકો માટે કશું કરી શકું એમ નથી અને મારા મકાનને પણ ફરી બનાવી શકું એમ નથી કેમ કે માત્ર પહેરેલ કપડાં એ જ મારી તમામ પુંજી છે."

*[ગાર્ડિઅન ન્યુઝ પેપર, તા. ૦૪–૦૬–૨૦૦૪ ના લંડનના વિશેષ રિપોર્ટનો સંક્ષિપ્ત સાર]*

હે લોકો ! અલ્લાહને ત્યાં દેર છે અંધેર નથી. જાલિમોને તો તેમના જુલ્મની સજા મળશે જ ! અને અહીં તમે ન જુઓ તો જહન્નમનો અઝાબ એમના માટે શું કમ છે ?! આ દુનિયા તો પરીક્ષાખંડ જ છે. અહીં તો આ સર્વમાંથી પસાર થવું જ પડે.

પણ સાથોસાથ હું તે મુસલમાનોને પૂછુ છું કે જો તમારા દિલમાં સાચે જ દુઃખનો એહસાસ આ બધું જોતા ખરેખર થાય તો સમજો એ ઈમાનની નિશાની કહી શકાશે. પણ અફસોસ કે અફઘાન, ઈરાક, પેલેસ્ટાઈન, ચેચન્યા તેમજ વિવિધ દેશોમાં બલ્કે ગુજરાતમાં તો થોડાક સમય પૂર્વે નજરે જોયું કે મુસલમાનો પર શું સિતમ થયા તથા થઈ રહ્યા છે છતાંય નચિંત બની કાફિરો જેમ અમન ચમન તથા મોજ મજામાં મુસલમાન પડેલો જોવા મળે છે. શાદીના પ્રસંગે કે ગમે તે પાર્ટીના બહાને નાચ ગાન, બેન્ડ બાજા, યહૂદ તથા નસારાના જ ઈશારે નાચવામાં પડેલો છે ! હે મુસલમાનો ! ઈમાની ગૈરતને પેદા કરો અને મઝલૂમો માટે દુઆ કરો. "મુસલમાન એક શરીરની જેમ છે કે કોઈ અંગમાં પીડા થશે તો આખુ શરીર અસર પામશે." તો જો ખરેખર તમે મુસલમાન છો તો તમારામાં એ અસર જણાવી જ જોઈએ કે સમયની ગંભીરતાને ધ્યાનમાં લઈ કમસે કમ તમારાં તે નાણાં તો નિરાધારોને આપો જે તમે નાચ ગાનમાં, મોજ મજા તથા ફુઝૂલ ઉડાડો છો. અને તોફાનનો રેલો ક્યાંક તમારા ઘરે પણ ન અથડાય તે વિચારીને આજે જ તૌબા કરી ઈસ્લામી જીવન અપનાવો. *(સંપૂર્ણ)*

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

હપ્તો : ૦૭

કાર્યાલય

**અઝ :** ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

وَاِنْ كُنْتُمْ فِيْ رَيْبٍ مِّمَّا نَزَّلْنَا عَلٰى عَبْدِنَا فَأْتُوْا بِسُوْرَةٍ مِّنْ
مِّثْلِهٖ ۪ وَادْعُوْا شُهَدَآءَكُمْ مِّنْ دُوْنِ اللّٰهِ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ
فَاِنْ لَّمْ تَفْعَلُوْا وَلَنْ تَفْعَلُوْا فَاتَّقُوا النَّارَ الَّتِيْ وَقُوْدُهَا
النَّاسُ وَالْحِجَارَةُ ۚ اُعِدَّتْ لِلْكٰفِرِيْنَ ۝ وَبَشِّرِ الَّذِيْنَ اٰمَنُوْا
وَعَمِلُوا الصّٰلِحٰتِ اَنَّ لَهُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ
كُلَّمَا رُزِقُوْا مِنْهَا مِنْ ثَمَرَةٍ رِّزْقًا قَالُوْا هٰذَا الَّذِيْ رُزِقْنَا
مِنْ قَبْلُ وَاُتُوْا بِهٖ مُتَشَابِهًا ۭ وَلَهُمْ فِيْهَآ اَزْوَاجٌ مُّطَهَّرَةٌ
وَّهُمْ فِيْهَا خٰلِدُوْنَ ۝ اِنَّ اللّٰهَ لَا يَسْتَحْيٖٓ اَنْ يَّضْرِبَ مَثَلًا
مَّا بَعُوْضَةً فَمَا فَوْقَهَا

**તર્જુમો :** અને તમે જાણો છો, અને જો તમને શંકા હોય એમાં જે અમે નાઝિલ કર્યું અમારા (ચહીતા) બંદા પર તો લઈ આવો એક સૂરત એના જેવી[32] અને બોલાવી લો તમારા સમર્થકોને અલ્લાહના સિવાય જો તમે સાચા હોઉ. પછી જો એવું ન કરી શકો, અને કદાપિ કરી શકશો નહીં તો ડરો એ આગથી જેનું બળતણ ઈન્સાન અને પથ્થર છે જે તૈયાર કરવામાં આવી છે કાફિરોના માટે અને ખુશખબરી[33] આપો તેમને જેઓ ઈમાન લાવ્યા અને કર્યા નેક અમલો (કે) યકીનન ! તેમના માટે બાગો છે વહે છે તેમના નીચે નેહેરો, જ્યારે ખવડાવવામાં આવશે એ બાગોએથી કોઈ ફળ (તો સૂરત જોઈને) કહેશે કે આ તો તે જ છે જે અમને પહેલાં ખવડાવવામાં આવેલ છે[34] અને આપવામાં આવ્યું તેમને ફળ (સ્વરૂપમાં) મળતુ જુલતુ અને તેમના માટે જન્નતમાં પાકીઝા પત્નીઓ હશે[35] અને તેઓ એમાં હમેશાં રહેશે.[36] બેશક ! અલ્લાહ હયા નથી ફર્માવતો[37] એનાથી કે વર્ણન કરે કોઈ દૃષ્ટાંત મચ્છરનું કે એનાથી પણ તુચ્છ ચીજનું....

## ★ તફસીર ★

**૩૨.** આ દલીલ છે કુર્આને કરીમના કલામે ઈલાહી હોવાની અને હુઝૂર ﷺ ની રિસાલતની. આ ચેલેંજ કેવળ અરબના શાયરો અને ઉચ્ચ સ્પીચવાળાના માટે નથી બલ્કે અરબ તથા અરબ સિવાયની દુનિયા (અજમ)ના સૌ મુન્કિરો (નકારનારાઓ)ના આપવામાં આવી રહી છે. ઈસ્લામના દુશ્મનોના માટે એ કેટલો સરળ તરીકો હતો કે ત્રણ આયતોની એક સૂરત બનાવીને કુર્આનના આ ચેલેંજનો જવાબ આપી દેત. અને આ રીતે કુર્આન, નબુવ્વત અને ઈસ્લામની સદાકત અને અઝમતને એકદમ ખત્મ કરીને એક સાથે ત્રણ કરિશ્માનો મન્ઝર દેખાડી આપત. પરંતુ ૧૪ સદીઓ વહી ગઈ આજ સુધી જવાબ નથી આપી શક્યા અને ન કિયામત સુધી આપી શકશે જેમ કે કુર્આને આગાહી કરી આપી છે. તો હવે કોઈ ઈન્સાફ પ્રિય, બાહોશના માટે એ માનવામાં ઈન્કારનો કોઈ અવકાશ નથી રહી જતો કે કુર્આન અલ્લાહનું કલામ છે અને જે મુકર્રબ બંદા ﷺ પર આ કુર્આન નાઝિલ થયું છે તે અલ્લાહ તઆલાનો પ્રિય રસૂલ છે. આ એક આયતમાં કુર્આનના કલામે ઈલાહી હોવાના અને હુઝૂર સરવરે

આલમ ﷺ ના રસૂલ હોવાની એવી દલીલ રજુ કરી આપી જેની સમક્ષ મહાન મહાન સરકશ (નાફર્માન) વિરોધીઓની ગરદનો ઝુકી ગઈ !

**૩૩.** હક્ક જાહેર થઈ ગયા પછી હક્કનો ઈન્કાર કરનારાઓના માટે જે અઝાબ તૈયાર કરવામાં આવ્યો છે તેના ઉલ્લેખ પછી તે લોકોને જેઓ ઈમાન તથા નેક અમલોથી સજ્જ છે અલ્લાહ તઆલાની કાયમી નેઅમતોની ખુશખબરીથી ખુશ કરવામાં આવી રહેલ છે. હઝરત મઆઝ ફર્માવે છે; નેક અમલ તે છે જેમાં ચાર ચીજા હોય : ઈલ્મ, નિય્યત, સબ્ર અને ઈખ્લાસ. (મઝહરી) તેમ જ એનાથી એ વાત પણ સ્પષ્ટ થઈ ગઈ કે **જન્નતની હમેશાં માટેની નેઅમતોનો હકીકી હક્કદાર તે છે જે ઈમાન તથા નેક અમલ બંને વડે સજ્જ હોય.**

**૩૪.** એટલે જન્નતના મેવાઓનું સ્વરૂપ તો એવું હશે જેનાથી તે પહેલેથી માહિતગાર છે પરંતુ તેનો સ્વાદ અને ખુશ્બુ તદ્દન નિરાળી હશે.

**૩૫.** એટલે કે તદ્દન પાક તથા સાફ ન શારીરિક ગંદકીઓને ત્યાં સ્થાન હશે અને ન અખ્લાકી અયબોથી તેમની સીરતનો દામન દાગદાર હશે.

**૩૬.** તે ઈનામોની મહાન વિશિષ્ટતા એ હશે કે તે ટેમ્પરરી નહીં હોય બલ્કે જન્નતવાસીઓ હમેશાં હમેશાં માટે તેનાથી મજા માણતા રહેશે.

**૩૭.** અલ્લામા કુર્તબી رحمۃ اللہ علیہ ફર્માવે છે : (અર્થ) : મકસદ એ થયો કે કોઈ હકીકતને સ્પષ્ટ કરવાના માટે જો માખી, કરોળિયા, મચ્છર અને એનાથી પણ અતિશય તુચ્છ ચીજનું દષ્ટાંત આપવું જરૂરી હોય તો અલ્લાહ તઆલા કોઈના વાંધાના ડરથી એવું દષ્ટાંત આપવું જરૂરી હોય તો અલ્લાહ તઆલા કોઈના વાંધાના ડરથી એવું દષ્ટાંત ત્યજતો નથી. સારા સ્વભાવના લોકો દષ્ટાંતના લાભદાયી હોવાને લઈને તેનો સ્વીકાર કરે છે કે આ અલ્લાહનું કલામ છે. પરંતુ જેમની પ્રકૃતિમાં બગાડ આવી ચૂક્યો છે તેઓ વાંધો ઉઠાવવાનું શરૂ કરી આપે છે કે આ વિચિત્ર પ્રકારનું ખુદાનું કલામ છે જેમાં કરોળિયા તથા મચ્છરોનો ઉલ્લેખ છે. *(ક્રમશઃ)*

*(પેજ નં. ૧૬ નું ચાલુ...)* માટે અલ્લાહ તબારક વ તઆલાએ તેનું વર્ણન ગુપ્ત ઈશારાથી કર્યું. જે ઈજ્જત અને મોભાના કાર્યની દલીલ છે. એ માટે તો ખુદાનો ઈર્શાદ થયો : فَاَوْحٰی اِلٰی عَبْدِہٖ مَا اَوْحٰی ۝ આ પ્રકારના કલામને ફસાહતવાળા અને બલાગતવાળા (સુંદર તથા અલંકારિક શૈલીવાળા)ઓએ વહી અને ઈશારાનું નામ આપ્યું છે અને તેમના નજીક આવું કલામ ટૂંકસારના ક્ષેત્રમાં બધાથી અલંકારિક શાસ્ત્રમાં ગણના પામે છે. ખુદાનું ફર્માન છે : لَقَدْ رَاٰی مِنْ اٰیٰتِ رَبِّہِ الْکُبْرٰی એટલેકે આપની તરફ તે વાતો વહી કરી જેના સમજવાથી અક્કલ અસમર્થ છે અને આપે કુદરતે ઈલાહિયાની તે મોટી મોટી નિશાનીઓને જોઈ જેને સમજતા સમયે અક્કલના પલ્લામાં આશ્ચર્ય સિવાય કાંઈ પડશે નહીં. અબુલ ફઝૂલ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, આ આયત તે વાતને પ્રગટ કરે છે કે આ સૈરમાં અલ્લાહ તબારક વ તઆલાએ સાઈરે લામકાં શહનશાહે દો જહાં હબીબુર્રહ્માન ﷺ ની ઉચ્ચ કમાલની રીતે સફાઈ ફર્માવી અને તેની સર્વ આફતોથી આપને સુરક્ષિત રાખ્યા. અને આપના મુબારક હૃદયને, મુબારક ઝબાન અને હાથ પગ તથા બીજા અવયવોને પણ પાક કર્યા હતાં. જેવું કે કલ્બે નૂર સંબંધી ફર્માવ્યું છે : مَا کَذَبَ الْفُؤَادُ مَا رَاٰی ۝ (દિલે જૂઠુ નથી કહ્યું જે જોયું) અને મુસ્તફાની મુબારક ઝબાન માટે ફર્માવ્યું :–

وَمَا یَنْطِقُ عَنِ الْھَوٰی ۝ اِنْ ھُوَ اِلَّا وَحْیٌ یُّوْحٰی ۝ (અને તેઓ કોઈ વાત પોતાની ઈચ્છાથી નથી કરતા તે તો જે વહી તેમને કરવામાં આવે છે તેના સિવાય બીજું કશું જ નથી.) નિગાહે મુસ્તફાના વિશે ઈર્શાદ છે : مَا زَاغَ الْبَصَرُ وَمَا طَغٰی ۝ (આંખ કોઈ બાજુ ફરકી નહીં ન તો હદથી વધી.) *(ક્રમશઃ)*

(દર્સે હદીષે પાક)

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

(એટલે)

# મિર્કાત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه رحمة الله القوى

(કાર્યાલય) હપ્તો : ૦૭

★ હદીષ : ૧૭ ★

ઓબાદા ઈબ્ને સામતથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું નબી صلى الله تعالى عليه وسلم એ જયારે કે આપની આસપાસ સહાબાની જમાઅત[૨] હતી કે મારાથી એ માટે બયઅત કરો[૩] કે અલ્લાહની સાથે કોઈને શરીક (ભાગીદાર) ન કરવો, ન ચોરી કરવી અને ન વ્યભિચાર, ન પોતાની ઔલાદને કત્લ કરવી, ન પોતાની સામે ઘડી કાઢેલ આક્ષેપ લગાડવો અને કોઈ સારી વાતમાં નાફર્માની ન કરવી[૫]. તમારાંમાથી જે વાયદો પાળશે તેનો સવાબ અલ્લાહના કરમના જિમ્મે છે[૬]. અને જે એમાંથી કાંઈક[૭] કરી બેસે અને દુનિયામાં સજા પામી લે તો તે સજા કફ્ફારો છે.[૮] અને જે એમાંથી કાંઈક કરી લે પછી રબ તેની પર્દાપોશી કરે[૯] તો તે અલ્લાહના સુપ્રત છે, જો ચાહે તો માફી આપે ચાહે સજા કરે[૧૦]. જેથી મેં તમારાથી એના માટે બયઅત કરી. *(મુસ્લિમ, બુખારી)*

## ★ સમજુતી ★

**૧.** આપનું નામ ઓબાદા, કુન્નિયત અબુલ્ વલીદ છે. આપ નકીબુલ્ અન્સાર છે. પ્રથમ તથા બીજી બયઅતે ઉકબામાં સામેલ થયા. કુર્આન જમા કરવાવાળાઓમાં આપ પણ હતા. બદર તથા અન્ય તમામ ગઝવાતમાં શરીક રહ્યા. ફારૂકી યુગમાં શામ (સીરીયા)ના કાઝી રહ્યા. હમ્સ મકામ હતું. પેલેસ્ટાઈનના રમલા સ્થળે ૭૨ વરસની વય પામીને હિ.સ. ૩૪ માં વફાત પામ્યા.

**૨.** અસાબહ્ અસ્બહ્થી બનેલ છે મજબૂતીના અર્થમાં. હવે દસથી ચાલીસ સુધીની જમાઅતને અસાબહ કહે છે.

**૩** આ "બયઅતે તક્વા" છે એટલે કે હવે પછી શિર્ક, ચોરી, ઝિના ન કરવું, નહીં તો આ સહાબીઓની જમાઅત ઈસ્લામની બયઅત તો પહેલેથી જ કરી ચૂકી હતી. આજકાલ જે મશાઈખના (પીરોના) હાથ પર "બયઅતે તકવા" કરવામાં આવે છે તેની દલીલ આ હદીષ છે. હુઝૂરે સહાબાથી જેહાદ માટે પણ બયઅત લીધેલી છે.

**૪.** કેમ કે અરબમાં આ ગુનોહ વધારે રિવાજ પામેલ હતો, બલ્કે ઝિના તથા છોકરીઓને જીવતી દાટી દેવા પર ફખ્ર કર્યા કરતા હતા એટલા માટે હુઝૂરે તેની જ ભારપૂર્વક મનાઈ ફર્માવી. આક્ષેપ (બોહતાન) સાંભળીને લગાડવામાં આવે છે અને ઘડી કાઢીને પણ લગાડાય છે પણ ઘડી કાઢેલો (બનાવટી) આક્ષેપ અધિક મોટો જુર્મ છે એટલા માટે આ પાબંદી લગાડી. અમુક સ્ત્રીઓ અન્યોનાં બાળકોને લઈને કહેતી હતી કે આ તારો બાળક છે જે મેં પેદા કર્યો છે, આ ફર્માનમાં એના પ્રતિ આ ઈશારો છે, તે સામેથી મુરાદ શર્મગાહ છે. એનાથી જાણવા મળ્યું કે નસબ (વંશ) બદલવો સખત જુર્મ છે.

**૫.** ન મારી, ન ઉલમાની, ન હાકિમો, ન માંબાપ, ન શૈખની, જે પણ સારી વાતનો હુકમ આપે તેની વાત માનો. યાદ રાખશો કે હુઝૂર જે પણ

હુકમ આપે તે સારો છે, જો નમાઝ છોડવાનો હુકમ આપે તો તે વખતે નમાઝ પઢવી હરામ થઈ જાય છે. હુઝૂરના હુકમોનું પાલન મુત્લકન વાજિબ છે. હુઝૂરના મશ્વરા તથા રાય પર અમલ બેહતર છે, લાઝિમ નથી. અહીં મઅરૂફની કૈદ હુઝૂર માટે વાકઈ છે અન અન્યના માટે એહતેરાઝી છે, કેમ કે બુરી વાતમાં બાદશાહ વગેરે કોઈની ઈતાઅત (આજ્ઞાપાલન) નથી.

**૬.** એમાં નિર્દેશ રૂપે ફર્માવવામાં આવ્યું કે આ ફર્માંબરદારીનો બદલો દુનિયામાં જ લોકો પાસેથી ન ચાહો, ઈખ્લાસ અપનાવો તો ઈન્શાઅલ્લાહ ! દુનિયા તથા આખેરતમાં બદલો પામશો.

**૭.** કુફ્રના સિવાય કોઈ અન્ય જુર્મ જેની સજા શરીઅતની રૂએ નિશ્ચિત હોય, જેમ કે ઝિના, ચોરી, શરાબખોરી, અથવા નિશ્ચિત ન હોય, તઅઝીર પણ હોય જેમ કે લવાતત (સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્ય) વગેરે અથવા ન હોય જેમ તર્કે નમાઝ વગેરે.

**૮.** મોટા ભાગના આલિમો ફર્માવે છે કે હુદૂદ અને તઅઝીરાત ગુનાહનો કફ્ફારો બની જાય છે, જેના પછી તે ગુનાહની સજા ઈન્શાઅલ્લાહ ! આખેરતમાં મળશે નહીં. અમુકે ફર્માવ્યું, આ સજાઓ બંદાના હક્કોનો કફ્ફારો છે, અલ્લાહનો હક્ક તૌબાથી જ માફ થશે. રબ ફર્માવે છે : وَمَنۡ لَّمۡ يَتُبۡ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوۡنَ પણ હક્ક એ છે કે મુજરિમનું પોતાને સજાના માટે રજુ કરી આપવું જ તૌબા તથા કફ્ફારો છે.

**૯.** એમાં નિર્દેશ રૂપે ફર્માવવામાં આવ્યું કે કોઈ શખ્સ પોતાના છુપા ગુનાહોને જાહેર ન કરે, બંદાનો હક્ક જરૂર અદા કરી આપે.

**૧૦.** આમાં આ આયત પ્રતિ ઈશારો છે :–

اِنَّ اللّٰهَ لَا يَغۡفِرُ اَنۡ يُّشۡرَكَ بِهٖ وَيَغۡفِرُ مَادُوۡنَ ذٰلِكَ اَنۡ يشاء

એટલે કે **કુફ્ર પર મૃત્યુ પામનારની બખ્શિશ નથી**, બાકી તમામ ગુનેહગારો માટે ગુંજાઈશ છે. *(ક્રમશઃ)*

## ★ અમારું અવલોકન ★

**ફલાહે ઈસ્લામ (ગુજરાતી માસિક)નો ખ્વાજા મહમૂદ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ વિશેષાંક**

**નિગાહે વલીમેં વો તાસીર દેખી**
**બદલતી હઝારોં કી તકદીર દેખી**

ગુજરાતના મહાન મશહૂર બુઝુર્ગ માદરઝાદ વલી હઝરત ખ્વાજા મહમૂદ મહબૂબુલ્લાહ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہનો મઝારે પાક બીરપુર શરીફ (જિ. ખેડા)માં ફયૂઝના દરિયા વહાવી રહેલ છે, જ્યાં પહોંચીને પરેશાન દિલો સુકૂનની દૌલતથી માલમાલ થાય છે, બીમારો શિફા પામે છે, નામુરાદો મુરાદ પામી લે છે.

**તેરે દરબારમેં જો આએ મુરાદેં દિલ કી વો પાએ**
**સખી સરકાર હે તેરી મિયાં મહમૂદ દરિયાઈ**

આ વિશેષાંકમાં દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ ના આબા વ અજદાદ, આપની પેદાઈશ વિશે બશારતો તથા આપના મુબારક જીવન પર હઝરત પીર સફીયુલ્લાહ બાવા દરિયાઈ અશરફી (સજ્જાદાનશીન–બીરપુર દરગાહ શરીફ) તેમજ અન્ય લેખકોના ઈમાન અફરોઝ લેખો, હઝરત દરિયાઈ દુલ્હાની ઈબાદતગાહો, વિવિધ કરામતો, આપનાં ઝોહદ તથા તકવાના કમાલોનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. બુઝુર્ગોની સવાનેહે હયાત પ્રકાશિત કરવી, પબ્લિકમાં આમ કરવી ખૂબ જરૂરી છે, કેમ કે ઘણા બુઝુર્ગોથી ફયૂઝ તો પબ્લિક પામે છે પણ તેમના જીવન વિશે, કરામતો વિશે, તકવા તહારત વિશે, શરીઅતની પાબંદી વિશે તેમના કથનો વગેરે કિતાબો ન હોવાથી લોકો તેમની મહાન હસ્તીની અસલિયતથી અજ્ઞાત રહે છે. જેથી આ એક બેહતરીન કદમ આ વિશેષાંક બહાર પાડીને તેના પ્રકાશકોએ કર્યું છે. સુંદર ટાઈટલ તથા લેખોની સારી સેટિંગ જોઈને દિલ ખુશ થઈ જાય છે. સંપાદક પ્રકાશકને મુબારકબાદ ! *–(તંત્રી : બરકાતે ખ્વાજા)*

★ પેજીસ : ૧૨૬ *(જાહેરાતના પેજ બાદ કરતાં)*
★ હદિયો : રૂા. ૨૫/–

**★ પ્રકાશક ★**

**તરક્કીએ ઈસ્લામ કાર્યાલય**
આયશા પાર્ક, તવક્કલ સોસાયટી પાછળ
સરખેજ–અહમદાબાદ (ફોન : ૨૬૮૨૫૧૧૨)

# ફતવા વિભાગ

અઝ : હઝરત મુફ્તી મુહમ્મદ હારૂન રશીદ કાદરી અમજદી કંબોલવી

## ★ ફતવા નં. : ૦૧ ★

**સવાલ** : શું ફર્માવે છે દીન તથા મિલ્લતના મુફતીઓ આ મસ્અલામાં કે ક્યાંક ક્યાંક ટ્રસ્ટીઓમાં સુન્ની, દેવબંદી, વહાબી સૌ ભેગા છે અને કોઈ ઈમામને મસ્જિદના ઈમામ તરીકે રાખે છે એ શર્તે કે તમારે દેવબંદી, વહાબી સૌની નમાઝે જનાઝ પઢાવવી હોય તો રહો, નહીં તો ચાલ્યા જાવ ! જો સુન્ની ઈમામ એ રીતે હટતા જાય તો સુન્નિયતને ખતરો છે તો આવા સંજોગોમાં શું કરીએ ? જો શરીઅતમાં બચવાનો કોઈ માર્ગ હોય તો લખો.

એક મૌલાના સાહબે એક દેવંબદીની જનાઝાની નમાઝ પઢાવી. તેમને પૂછવામાં આવ્યું તો તેમણે જવાબ આપ્યો કે મેં તો કેવળ ચાર તકબીરો જ કહી આપી છે, નમાઝમાં કાંઈ જ પઢયો નથી. તો એના બારામાં શો હુકમ છે ? બૈયનૂ વ તુજરૂ –[**પ્રશ્નકર્તા** : *સૈફુર્રઝા રઝવી, ઘાંચી વાડા, નાની દમણ, ગુજરાત*]

**જવાબ** : મોલ્વી અશરફઅલી થાનવી, કાસિમ નાનોત્વી, રશીદ અહમદ ગંગોહી તથા ખલીલ અહમદ અંબેઠવીનાં કતઈ કુફ્રી કથનો હિફ્ઝુલ ઈમાન, પેજ–૮, તહઝીરુન્નાસ, પેજ–૩, ૧૪, ૨૮ અને બહાહીને કાતિઆ, પેજ–૫૧ ના સબબે મક્કા મુકર્રમા, મદીના મુનવ્વરા, હિંદુસ્તાન, પાકિસ્તાન, બંગલાદેશ તથા બર્મા વગેરેના સેંકડો ઉલમાએ કિરામ તથા મુફિતયાને એઝામે તેમને કાફિર તથા મુર્તદ ઠરાવ્યા અને ફર્માવ્યું : "જે તેમના કુફ્ર તથા અઝાબમાં શક કરે તે પણ કાફિર છે." અને સર્વ દેવબંદી મોલ્વીઓ આ જણાવેલ મોલ્વીઓને પોતાના પેશવા તથા મુસલમાન સમજે છે અથવા કમસે કમ તેમના કુફ્રમાં શક કરે છે એટલા માટે તેઓ પણ "હુસ્સામુલ હરમૈન" તથા "અસ્સવારિમુલ્ હિંદિયા"ના આધારે ઈસ્લામથી ખારિજ છે.

અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદિષે બરેલ્વી عليه الرحمة والرضوان લખે છે કે, "હવે વહાબીઓમાં કોઈ એવો નથી રહ્યો જેની બિદઅત કુફ્રથી પર હોય, ચાહ તે ગૈર મુકલ્લિદ હોય અથવા જાહેરમાં (કહેવાતો) મુકલ્લિદ હોય." *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૩, પેજ–૧૭૦)* અને લખે છે કે, "વહાબી, નેચરી, કાદયાની ગૈર મુકલ્લિદો, દેવબંદી અને ચકળાલ્વી કતઅન યકીનન કાફિરો તથા મુર્તદો છે." *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૬, પેજ–૯૦)*

વિચારવાની વાત છે કે જો ટ્રસ્ટના કોઈ મેમ્બરના બાપ કે પૂરા ટ્રસ્ટનો કોઈ દુશ્મન હોય તો તેને ટ્રસ્ટમાં સામેલ રાખવાનું માન્ય રાખશે નહીં, પણ જે અલ્લાહ عزوجل વ રસૂલ صلى الله تعالى عليه وسلم નો ગુસ્તાખ તથા દુશ્મન હોય તેને ટ્રસ્ટમાં સામેલ રાખવાનું કેવી રીતે માન્ય કરે છે ! ઈમાનનો તકાઝો તો એ છે કે જો કોઈ સુલેહકુલ્લી પણ ટ્રસ્ટમાં સામેલ હોય તો તુરત જ તેને કાઢીને અલગ કરી દો.

જેથી સુન્ની ટ્રસ્ટીઓ પર લા'ઝિમ છે કે તેઓ દેવબંદી, વહાબીને ટ્રસ્ટમાં સામેલ ન કરે અને જો સામેલ હોય તુરત જ કાઢીને અલગ કરી દે અને આ હદીષ પર અમલ કરે :–

ایاکم وایاهم لا یضلونکم ولا یفتنونکم وان مرضوافلا تعودوهم ماتوا فلا تشهد وهم وان لقیتموهم فلا تسلمو اعلیهم ولا تجالسوهم ولا تشاربوهم ولاتواکلوهم ولاتناکحوهم ولاتصلوعلیهم ولا تصلوامعهم

**(અર્થ)** : બદ્‌મઝહબથી દૂર રહો, તેને તમારાથી દૂર રાખો ક્યાંક તે તમને ફિત્નામાં ન નાખી દે. તે બીમાર પડે તો તેની બીમારપુર્સી ન કરો, જો મૃત્યુ પામે તો તેમના જનાઝામાં શરીક ન થાવ, તેમનાથી મુલાકાત થાય તો તેમને સલામ ન કરો, તેમની પાસે ન બેસો, તેમની સાથે પાણી ન પીઓ, તેમની સાથે ન ખાવ, તેમની સાથે શાદી વિવાહ ન કરો, તેમના જનાઝાની નમાઝ ન પઢો અને તેમની સાથે નમાઝ પણ ન પઢો." આ હદીષ મુસ્લિમ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ્, ઓકૈલી તથા ઈબ્ને હબ્બાનની રિવાયતનો સમુહ છે. *(અન્વારુલ્ હદીષ)*

અને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ عليه الرحمة والرضوان લખે છે કે, "દેવબંદી મુર્તદોને કમિટી સભ્ય બનાવવા જાઈઝ નથી. જો અજાણપણે મેમ્બર બનાવવામાં આવ્યા તો હવે તેને બહાર કરી દે." *(ફતાવા મુસ્તફવિયહ્, પેજ–૨૧૨)*

જેથી ઈમામની સાથે ઉપરોક્ત શરત હરગિઝ જાઈઝ નથી અને ઈમામના માટે પણ જરૂરી છે કે તે એવી શર્ત

કદાપિ કબૂલ ન કરે. ઈર્શાદે બારી તઆલા છે :–

وَلَا تُصَلِّ عَلٰى اَحَدٍ مِّنْهُمْ مَّاتَ اَبَدًا وَّلَاتَقُمْ عَلٰى قَبْرِه
اِنَّهُمْ كَفَرُوْا بِاللّٰهِ وَرَسُوْلِه وَمَاتُوْا وَهُمْ فٰسِقُوْنَ۔

**(અર્થ)** : "કદી પણ તેમના કોઈ મુડદાની જનાઝાની નમાઝ ન પઢો, તેમની કબર પર ઊભા ન રહો, તેમણે અલ્લાહ વ રસૂલની સાથે કુફ્ર કર્યું છે અને મરતા દમ સુધી બેહુકમ રહ્યા." *(પારા–૧૦, સૂરએ તૌબા, આયત–૮૪)*

અને સુન્ની ઈમામના હટતા રહેવાથી સુન્નિયતને ખતરો છે તો વહાબીઓ દેવબંદીઓની જનાઝાની નમાઝ પઢવા અને તેમનાથી મેલજોલ તથા સલામ તથા કલામથી સુન્નિયતને અધિક વિશેષ ખતરો છે, જેથી સુન્નિયતને બચાવવાનો એ જ માર્ગ છે કે ઉપરોક્ત હદીષ પર અમલ કરવામાં આવે અને વહાબી દેવબંદીઓનો તદ્દન બોયકોટ કરવામાં આવે.

અને હુકમ જાહેર પર લાગે છે, ભલે આ ઈમામે જનાઝાની નમાઝમાં કાંઈપણ ન પઢયું તો પણ ફર્ઝની અદાયગી જોવા મળી, કેમ કે જનાઝાની નમાઝમાં કેવળ બે ફર્ઝ છે : કિયામ તથા ચાર તકબીરો. જેથી આ ઈમામે જ્યારે કે દેવબંદીના જનાઝાની નમાઝ તેને કાફિર સમજીને પઢાવી અને એ આધારે કેવળ ચાર તકબીરો કહી તો હરામ કામમાં સંડોવાયો, કાફિરના જનાઝાની તા'ઝીમ કરી અને પોતાના કાર્યથી મુસલમાનો પર જાહેર કર્યું કે દેવબંદી જે ઉલમાએ હરમૈન શરીફૈનના ફત્વાના આધારે કાફિર તથા મુર્તદ છે તેની જનાઝાની નમાઝ પઢવી જાઈઝ છે ! જેથી આ સંજોગોમાં પણ તે ઈમામ જાહેરમાં તૌબા તથા ઈસ્તિગફાર કરે. જો તે એવું ન કરે તો તેની પાછળ નમાઝ પઢવી જાઈઝ નથી. અને મુસલમાનો પર લા'ઝિમ છે કે એવું ન કરવાને લીધે તે ઈમામનો બોયકોટ કરે. રબ તઆલા ફર્માવે છે :–

وَاِمَّا يُنْسِيَنَّكَ الشَّيْطٰنُ فَلَا تَقْعُدْ بَعْدَا لذِّكْرٰى
مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ۔

*(પારા–૭, સૂ. અન્આમ, આયત–૬૮)* અલ્લાહ બેહતર જાણનાર છે.

***લખનાર** : મુહમ્મદ હારૂન રશીદ કાદરી અમજદી કંબોલ્વી*

***અલ્ જવાબુ સહીહુન્** : જલાલુદ્દીન અહમદ અમજદી*

## ★ ફતવા નં. : ૦૨ ★

**સવાલ** : શું ફર્માવે છે દીન તથા મિલ્લતના મુફતીઓ આ મસ્અલામાં કે એક ઈસ્લામી ભાઈ ખસ ખસી (એક મુટ્ઠીથી ઓછી કટ કરેલી) દાઢી રાખે છે અને મસ્જિદમાં અઝાન, તકબીર કહે છે, છતાં મૌલાના સાહબ અથવા મસ્જિદના વહિવટકર્તા શેહ શરમમાં ના પાડી શક્તા નથી. તો નમાઝ થાય કે નહીં ? એનો જવાબ સવિસ્તાર હવાલા સાથે આપવા વિનંતિ છે, તથા વહિવટકર્તાઓ ઉપર કોઈ ગુનો લાગે કે નહીં ? બયનૂ વ તૂજરૂ

*–[**પ્રશ્નકર્તા** : જાવિદ વોરા, મુ. બીરપુર]*

**જવાબ** : દાઢી મૂંડાવવી અથવા શરીઅતની હદથી ઓછી રાખવી સખ્ત નાજાઈઝ, હરામ છે. દુર્રે મુખ્તાર મઅશામી, ભાગ–૯, પેજ–૫૮૩ માં છે : **(અર્થ)** : **"મર્દ માટે દાઢી મુંડાવવી હરામ છે."** અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان લખે છે કે, "શરીઅતની હદ (એક મુટ્ઠી) થી ઓછી દાઢી રાખવાવાળો ફાસિકે મુઅલીન છે." *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૩, પેજ–૨૩૪)* અને ફાસિકને અઝાન આપવી મકરૂહ છે. તન્વીરુલ અબ્સાર મઅ દુર્રે મુખ્તાર, ભાગ–૨, પેજ–૬૦ માં છે : **(અર્થ)** : **"ફાસિકની અઝાન મકરૂહ છે."**

અને હઝરત સદરુશ્શરીઅહ્ **(અર્થ)** : લખે છે કે, "હિજડા, ફાસિક ભલે તે આલિમ હોય, નશાવાળા, પાગલ, નાસમજ છોકરા તથા નાપાક આદમીની અઝાન મકરૂહ છે. એ બધાની અઝાન ફરીથી આપવી જોઈએ. *(બહારે શરીઅત, ભાગ–૩, પેજ–૨૬)*

માટે ખસ ખસી (કટિંગ) દાઢી રાખવાવાળાની અઝાન મકરૂહ છે. તેની આપેલી અઝાન ફરીથી આપવામાં આવે. પરંતુ તેની આપેલી અઝાન, તકબીર પછી જે નમાઝો પઢવામાં તે થઈ ગઈ, પણ હવે પછી બચવું બેહતર છે. એ જ પ્રમાણે ફતાવા મુસ્તફવિય્યહ્, પેજ–૧૧૯ માં છે.

અને દરેક જિમ્મેદાર માટે જરૂરી છે કે ખસ ખસી દાઢી રાખવાવાળાને અઝાન, તકબીર પઢવાથી રોકે બાકી એ પણ ગુનેહગાર થશે.

હદીષ શરીફમાં છે : **(અર્થ)** : તમે બધા પોતાના નીચેવાળાઓના હાકિમ અને જિમ્મેદાર છો અને દરેક જિમ્મેદારથી કયામતના દિવસે અને નીચેવાળા વિશે પૂછવામાં આવશે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૧૭૧)* અલ્લાહ પાક બેહતર જાણનાર છે.

***લખનાર** : મુહમ્મદ હારૂન રશીદ કાદરી અમજદી કંબોલ્વી*

***અલ્ જવાબુ સહીહુન્** : જલાલુદ્દીન અહમદ અમજદી*

"ઈમાનની જાન રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાન પ્રદર્શિત કરતો સંગ્રહ" એટલે

# શિફા શરીફ

شفا شریف

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ઉર્દૂ અનુવાદક ★
મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★
ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

## *(વિભાગ-૫)*

**અલ્લાહ તઆલા પોતાના હબીબના નામની કસમ યાદ ફર્માવે છે :–**

બારી તઆલાનો ઈર્શાદ છે :–

وَالضُّحٰى ۝ وَاللَّيْلِ إِذَا سَجٰى ۝ مَا وَدَّعَكَ رَبُّكَ وَمَا قَلٰى ۝ وَلَلْآخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْأُوْلٰى ۝ وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى ۝ أَلَمْ يَجِدْكَ يَتِيْمًا فَآوٰى ۝ وَوَجَدَكَ ضَالًّا فَهَدٰى ۝ وَوَجَدَكَ عَائِلًا فَأَغْنٰى ۝ فَأَمَّا الْيَتِيْمَ فَلَا تَقْهَرْ ۝ وَأَمَّا السَّائِلَ فَلَا تَنْهَرْ ۝ وَأَمَّا بِنِعْمَةِ رَبِّكَ فَحَدِّثْ ۝

**અર્થ** : ચાશ્તની કસમ અને રાત્રીની જયારે પડદો નાંખે કે તમને તમારા પરવરદિગારે નથી તો પડતા મૂક્યા નથી તો અગમ્ય ગણ્યા અને બેશક ! પાછલી તમારા માટે પહેલી કરતાં ઉત્તમ છે અને બેશક ! નજીક છે કે તમારો રબ તમને એટલું આપશે કે તમે ખુશ થઈ જશો. શું તેણે તમને યતીમ ન ભાળ્યા ? પછી સ્થાન આપ્યું. અને તમને તેની મહોબ્બતમાં ચકચૂર જોયા તો પોતાની તરફ માર્ગ આપ્યો અને તમને હાજતમંદ દેખ્યા પછી ગની કરી દીધા. તો યતીમ પર દબાણ નાખો નહીં અને ભિક્ષુકને ઘુરકાવો નહીં અને પોતાના રબની નેઅમતનો ખૂબ ઉલ્લેખ કરો.

આ સૂરતના નુઝૂલ (ઉતરવા)ના બાબત ઉલ્માનો મતભેદ છે. એક કથન છે કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કોઈ મજબૂરીના કારણસર રાત્રી કિયામ તર્ક કરી દીધું હતું ત્યારે આ સમયે કોઈ શખ્સે આ વિશે મહેણું માર્યું. એક કથન એ છે કે, થોડા દિવસ માટે વહી બંધ રહી અને તેને લક્ષમાં રાખી મુશ્રિકો જાત જાતની વાતો કરવા લાગ્યા. તેમની જીભ બંધ કરવા માટે આ સૂરત નાઝિલ થઈ.

ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ એ ફર્માવે છે કે, આ સૂરતમાં અલ્લાહ તઆલાએ પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم નું સન્માન અને મર્તબાને છ કારણોથી જાહેર કરેલ છે.

**પ્રથમ કારણ** : અલ્લાહ તઆલાએ મહબૂબની હાલતની ખબર આપતાં ફર્માવ્યું : وَالضُّحٰى ۝ وَاللَّيْلِ إِذَا سَجٰى એટલે બપોર અને રાતના રબની કસમ અથવા બપોર જેવા ચમકતા રોશન ચહેરાવાળા અને રાતના જેમ કાળા વાળવાળા મહબૂબના રબની કસમ ! (બારી તઆલાએ પોતાની કસમ થકી ભરોસો આપવા) અહીં નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બેહદ દરજ્જે ફઝીલત (પ્રતિષ્ઠા) અને કરામત જાહેર થાય છે.

**બીજું કારણ** : બારગાહે ખુદાવંદીમાં જે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો મહાન રુત્બો તથા અત્યંત માનમર્તબો છે તેને مَا وَدَّعَكَ رَبُّكَ وَمَا قَلٰى ۝ થી સ્પષ્ટ

કર્યું છે કે, ન તમને ખુદાએ છોડયા છે અને ન તે તમારાથી નારાજ છે. એક કથન એ પણ છે કે, તમને તમામ મખ્લૂકથી પસંદ કરી લીધા પછી કેવી રીતે છોડી શકાય છે.

**ત્રીજું કારણ** : ઈર્શાદે બારી તઆલા : وَلَلْاٰخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى ની તફસીરમાં ઈબ્ને ઈસ્હાક رحمۃ اللہ علیہ નું કથન છે કે, આખેરતમાં તમારો મુકામ દુનિયવી રુત્બાના (મર્તબાના) કરતાં કરામત અને બુઝુર્ગી જાહેર કરવા સંબંધે અધિક માનનીય હશે. હઝરત સુહેલ બિન અબ્દુલ્લાહ તસતરી رحمۃ اللہ علیہ નું કથન છે કે, જો કે આખિરતમાં શફાઅત અને મકામે મહમૂદ તમારા માટે ખાસ કરી દીધેલ છે એટલે દુનિયાવી જિંદગીથી તમારી ઉખરવી (આખિરતની) જિંદગી શ્રેષ્ઠ હશે.

**ચોથું કારણ** : અલ્લાહ તઆલાનું ફર્માન وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى ۝ આ આયતે કરીમા, કરામત (હિકમત)ના કારણો, જાત જાતના સદ્ભાગ્ય અને બંને જહાંના ઘણા બધા ઈનામોનો સમુહ છે. ઈબ્ને ઈસ્હાક رحمۃ اللہ علیہ નું કથન છે કે દુનિયામાં તમને સફળતા આપીને અને આખિરતમાં સવાબ આપીને રાજી કરી દેવામાં આવશે. કેટલાકનું કથન છે કે, શફાઅત અને હૌઝે કૌષર અર્પણ કરી રાજી કરી લીધા છે.

ફખ્રે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના કેટલાક શહઝાદાઓથી રિવાયત છે કે, કુર્આને કરીમની આયતથી વધીને દિલાસો આપનારી આયત બીજી કોઈ નથી અને રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم જો તેમનો એક ઉમ્મતી પણ દોઝખમાં રહી જશે તો કદાપી પણ રાજી થશે નહીં.

**પાંચમું કારણ** : આ સૂરતમાં અલ્લાહ તઆલાએ ત્યાં સુધી પોતાના ઈનામો અને લુત્ફો કરમ (દયા)નું વર્ણન ફર્માવ્યું છે જેનો આપ પર વરસાદ વરસતો રહ્યો. એનાથી આગળ અઝીમુશ્શાન રુત્બા સુધી પહોંચાડવા, આપના દ્વારા મખ્લૂકને હિદાયત આપવાની ચર્ચા છે. (જેવું કે તેમની તફસીરમાં જુદાં જુદાં કથન છે.) પછી તે કાર્યની ચર્ચા કરી છે કે આપના પાસે માલ ન હતો તો માલ આપી તેમને ગની (માલદાર) કરી દીધા. આપના મુબારક દિલને ગુપ્ત વાતોની બેપરવાઈથી ભરપૂર કરી દીધું આપને યતીમ જોયા તો આપના કાકા (જનાબ અબૂ તાલિબ)ને આપ પર મહેરબાન કરીને તેમના પાસે મહેરબાનીનું ઠેકાણું બનાવી દીધું.

આની તફસીરમાં એક કથન આ પણ છે કે :

**અર્થ** : શું તમને એવી اَلَمْ يَجِدْكَ فَهَدٰى بِكَ હાલતમાં ન જોયા કે ضَآلًّا وَّ اَغْنٰى بِكَ عَآئِلًا તમારા દ્વારા ગુમરાહને وَّاٰوٰى بِكَ يَتِيْمًا (ص ۲۹) હિદાયત આપી, કંગાલને ગની (માલદાર) બનાવી દીધા અને યતીમને ઠેકાણું બક્ષ્યું. *(પેજ–૨૯)*

આ વાત તફસીરોથી માલૂમ થઈ ચૂકી છે કે જ્યારે અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના હબીબને તેમના બચપણમાં નિઃસહાય ન છોડયા જે જાહેરમાં યતીમીનો જમાનો હતો, ત્યારે આખી મખ્લૂકમાંથી પસંદ કરી લેવા અને પોતાના હબીબ બનાવી લીધા પછી કેવી રીતે છોડી શકાય છે !

**છઠ્ઠું કારણ** : અલ્લાહ عزوجل એ પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ને હુકમ આપ્યો કે જે ઈનામોથી તમને સન્માનિત કર્યા છે તેને પ્રગટ કરો. તમને જે ઉચ્ચ હોદ્દા પર પહોંચાડયા છે તેનો શુક્ર અદા કરવા માટે લોકોમાં ખૂબ જાહેરાત કરો જેવો કે બારી તઆલાનો ઈર્શાદ છે : وَاَمَّا بِنِعْمَةِ رَبِّكَ فَحَدِّثْ ۝ કેમ કે નેઅમતોનું બયાન કરવું પણ શુક્ર ગુઝારી છે. આ કાર્ય હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم માટે ખાસ અને ઉમ્મતે મુહમ્મદિયહ્ માટે આમ છે. નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઉપર જણાવેલી ફઝીલતો (વિશિષ્ટતાઓ)ને પ્રગટ કરવા માટે આ પણ ઈર્શાદે બારી તઆલા છે :–

وَالنَّجْمِ اِذَا هَوٰى ۙ مَا ضَلَّ صَاحِبُكُمْ وَمَا غَوٰى ۝ وَمَا يَنْطِقُ عَنِ الْهَوٰى ۝ اِنْ هُوَ اِلَّا وَحْيٌ يُّوْحٰى ۝ عَلَّمَهٗ شَدِيْدُ الْقُوٰى ۝ ذُوْ مِرَّةٍ ؕ فَاسْتَوٰى ۝ وَهُوَ بِالْاُفُقِ الْاَعْلٰى ۝ ثُمَّ دَنَا فَتَدَلّٰى ۝ فَكَانَ قَابَ قَوْسَيْنِ اَوْ اَدْنٰى ۝ فَاَوْحٰى اِلٰى عَبْدِهٖ مَا اَوْحٰى ۝ مَا كَذَبَ الْفُؤَادُ مَا رَاٰى ۝ اَفَتُمٰرُوْنَهٗ عَلٰى مَا يَرٰى ۝ وَلَقَدْ رَاٰهُ نَزْلَةً اُخْرٰى ۝ عِنْدَ سِدْرَةِ الْمُنْتَهٰى ۝ عِنْدَهَا جَنَّةُ الْمَاْوٰى ۝ اِذْ يَغْشَى السِّدْرَةَ مَا يَغْشٰى ۝ مَا زَاغَ الْبَصَرُ وَمَا طَغٰى ۝ لَقَدْ رَاٰى مِنْ اٰيٰتِ رَبِّهِ الْكُبْرٰى ۝

**અર્થ** : તે પ્યારા ચમકતા તારા મુહમ્મદની કસમ ! જ્યારે કે તે મેઅરાજમાંથી ઉતર્યા, તમારા સાહેબ ન તો ભટકયા ન તો ખોટા માર્ગે ચાલ્યા અને તેઓ કોઈ વાત પોતાની ઈચ્છાથી નથી કરતા. તે તો જે વહી તેમને કરવામાં આવે છે તેના સિવાય (બીજું કશું જ) નથી. તેમને શિખવ્યું સખત તાકાતવાળા શક્તિશાળીએ પછી તે જલ્વાએ ઈરાદો કર્યો અને તે આકાશની સર્વથી ઊંચી કિનારી પર પછી નજીક આવ્યો. પછી ખૂબ ઉતરી આવ્યો તો તે જલ્વા અને મહબૂબ વચ્ચે બે હાથનું અંતર રહી ગયું બલ્કે એનાથી પણ ઓછું. હવે વહી કરી પોતાના બંદાને જે વહી કરી. દિલે જૂઠ નથી કહ્યું જે જોયું. તો શું તમે તેમની સાથે તેમના જોયેલા બાબત ઝઘડો છો અને તેમણે તો એ જલ્વો બે વખત જોયો. સિદરતુલ્ મુન્તહા પાસે, તેની પાસે જન્નતુલ માવા છે. જ્યારે સિદરહ પર છવાઈ રહ્યું હતું.જે છવાઈ રહ્યું હતું. આંખ કોઈ બાજુ ફરી નહીં ન તો હદથી વધી. બેશક ! પોતાના રબની બહુ મોટી નિશાનીઓ જોઈ. *(સૂ. નજ્મ, આયત ૧ થી ૧૮)*

અલ્લાહ તઆલાનો ઈર્શાદ **વન્નજ્મિની** તફસીરમાં તફસીરકારોનો મતભેદ છે. એક કથન એ છે કે, **નજ્મ** પોતાના જાહેર અર્થમાં છે. બીજું કથન એ છે કે તેનાથી મુરાદ કુર્આને કરીમ છે. કેમ કે એ પણ **નજમન નજમન** (ધીમે ધીમે) નાઝિલ થયેલું હતું. ઈમામ જા'ફર સાદિક رضی اللہ عنہ નું કથન છે કે તેનાથી હઝરત સૈયદના મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم મુરાદ છે. સુહૈલ બિન અબ્દુલ્લાહ તસતરી رحمۃ اللہ علیہ નું કથન છે કે, તેનાથી મુરાદ મુસ્તફાનું દિલ છે અને અલ્લાહ તઆલાનો ઈર્શાદ :– وَالسَّمَآءِ وَالطَّارِقِ ۝ وَمَا اَدْرٰىكَ مَا الطَّارِقُ ۝ النَّجْمُ الثَّاقِبُ ۝ માં પણ **નજમ**થી સૈયદના મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બરકતવાળી મુબારક ઝાત મુરાદ છે. આ કથનની વાત ઈમામ અબૂ અબ્દુર્રહ્માન સલ્લમી رحمۃ اللہ علیہ એ પણ કરી છે.

આ આયત (સૂરએ નજ્મની) ફખ્રે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના એટલા ફઝાઈલ અને કમાલાત (વિશષ્ટતાઓ અને ખૂબીઓ) બયાન કરી રહી છે જેનું વિસ્તૃત વર્ણન અને વાણી દ્વારા બયાન કરવાની તાકતની બહાર છે. અલ્લાહ عزوجل એ પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના માર્ગદર્શક હોવાની કસમ યાદ કરી છે. પછી આપની કામવાસના સંબંધિત ઈચ્છાઓથી પાક, સચ્ચાઈ અને અમાનતથી માલામાલ હોવા પર કસમ યાદ ફર્માવી અને ઝિક્ર કર્યુ કે જે કાંઈ આપ તિલાવત કરે છે તે ખરેખર અલ્લાહની વહી છે. જિબ્રઈલ علیہ السلام જેઓ ખૂબ જ તાકાતવાળા અને અમાનતવાળા છે તેમણે આ કલામને અલ્લાહ રબ્બુલ عزوجل ની તરફથી તેમના સુધી પહોંચાડયું છે. ત્યારબાદ અલ્લાહ તઆલાએ નબી આખિરૂઝ્ઝમાં صلی اللہ تعالیٰ علیہ وسلم ની ફઝીલતનું વર્ણન કર્યુ જે આપને મેઅરાજ અને અસ્રા દ્વારા અર્પણ કરી હતી અને "સિદરતુલ્ મુન્તહા" સુધી પહોંચવાની ચર્ચા કરી. મુસ્તફાની શાન પ્રમાણે દાદ આપી અને હબીબે પરવર દિગારે દસ્તે કુદરત (તાકત)ની જે ખૂબીઓ અને નિશાનીઓનું નિરીક્ષણ કર્યુ, અલ્લાહ તઆલાએ તેની ચર્ચા કરી. આ મેઅરાજના બનાવની શરૂઆતના હાલાત સૂરએ બની ઈસ્રાઈલમાં પણ ચર્ચાવામાં આવ્યા છે.

ફખ્રે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم પર આલમે જબરૂતથી જે કાંઈ જાહેર થયું અને આલમે મલકૂત (ફરિશ્તાઓની દુનિયા)ની જે અજાઈબીઓ આપે નિહાળી ઝબાન વાણી અને કલમ તેના ઘેરાવથી (વર્ણન કરવાથી) અસમર્થ છે. અક્કલો તેના સાંભળવા અને સમજવાથી લાચાર છે. એટલા *(વધુ પેજ નં. ૦૯ પર...)*

# ઈસ્લામ અને આધુનિક શોધો


અરબી લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની

ઉર્દૂ અનુવાદક : અબૂ હમ્માદ મુફ્તી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)

ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


હપ્તો : ૦૭

## ★ એરોપ્લેન અને તેના વિવિધ પ્રકારોનું વર્ણન ★

એ જ બનાવોમાંથી કે જેને આપણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માનના પ્રમાણે જોઈ રહ્યા છીએ તે એ કે ઊંચાઈએ ઉડવું, મુસાફરોને લઈ જતું વિમાન (એરોપ્લેનની શોધ ઈ.સ. ૧૯૦૩ માં બે અમેરિકાવાસીઓ ઓરવીલ અને વેર રાઈટે કરી) જે સેંકડો વ્યક્તિઓને તેમના જરૂરી સામાનની સાથે અને ખાવા પીવાની ચીજો સાથે ઉઠાવે છે અને બોમ્બવર્ષા કરતું લડાયક વિમાન જે શહેરો તથા આબાદીઓને ઘણા ભારે ભારે બોમ્બ વડે વિરાન કરી મૂકે છે. એ બંનેના બારામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો છે.

મુસાફિરોને લઈ જતુ હવાઈ જહાજ (એરોપ્લેન) તો આ હદીષમાં દાખલ છે જેમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કિયામત આવવાથી પહેલાં જમાનો તથા બજાર એકબીજાથી નિકટ થઈ જશે અને જમીન સંકોચાઈ જશે. તે ઉપરાંત તે તમામ હદીષો જેમાં મોટરો તથા બસો વગેરેની તરફ નિર્દેશ છે તે એના માટે દલીલ પૂરી પાડે છે બલ્કે હવાઈ જહાઝ પર એ અધિક દરજે લાગુ પડે છે એટલા માટે કે એ તો જમીનનું અંતર પાર કરવામાં અને સમયને નજીક કરવામાં ખૂબ જ અધિક પ્રમાણમાં તેજ છે. ભૂતકાળના જમાનામાં જે અંતર એક સાલમાં કાપી શકાતુ હતુ એમાં હવે એક દિવસ લાગે છે. પહેલાં હાજીઓ મરાકશથી હિજાઝ એક વરસે પહોંચતા હતા આજે તેઓ એરોપ્લેનોના સહારે એક દિવસથી ઓછા સમયમાં પહોંચી જાય છે. એ જ પ્રમાણે એરોપ્લેન એ હદીષોમાં દાખલ છે જે દજ્જાલના બારામાં છે કે તે લગભગ દોઢ વરસના ગાળામાં આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરશે અને સર્વ શહેરોમાં ઘુમશે. આટલા અરસામાં પૃથ્વીના પટની પ્રદક્ષિણા એ જ સંજોગોમાં શક્ય છે કે કદીક તે મોટરોમાં સફર કરે તો કદી હવાઈ જહાઝોમાં (એરોપ્લેનમાં) સફર કરશે.

પાછળ અમે વર્ણન કર્યું છે જેનાથી સાબિત થઈ જાય છે કે તે હવાઈ જહાઝો થકી પણ સફર કરશે. જેમ કે મુસ્લિમમાં નવાસ ઈબ્ને સમ્આનથી જે હદીષ રિવાયત થયેલી છે એમાં એ છે કે :–

قلنا یارسول اللہ وما اسراۃ فی الارض
قال کالغیث اوتدبرہ الریح

"અમે અર્ઝ કરી યા રસૂલલ્લાહ ! તે જમીનમાં કેટલો ફાસ્ટ ચાલશે ?! ફર્માવ્યું, એ વાદળની જેમ જેને હવા પાછળથી ધક્કો આપતી હોય." *(મુસ્લિમ, ભાગ–૨, પેજ–૪૦૧)*

તિબ્રાનીમાં રિવાયત છે :–

قیل یارسول اللہ فما سرتہ فیالارض؟
قال کالسحاب استدبرہ الریح

"કહેવામાં આવ્યું કે યા રસૂલલ્લાહ ! તેની ગતિની તીવ્રતા જમીન પર કેટલી હશે ? ફર્માવ્યું, એ વાદળની જેમ જેને હવા પાછળથી ધક્કો આપે છે." *(તિબ્રાની)*

અને આકાશમાં હવાઈ જહાઝ (એરોપ્લેન) એવી રીતે જ ઉડે છે જે શખ્સે એરોપ્લેનના જમીન પર ઉતરતી વખતે તે તેજ ચાલનારાં વાદળોને જોયાં હોય તે જાણે લેશે

કે નબી ﷺ એ તેનાં જે ગુણો બયાન કર્યા જે જરા પણ તફાવતવાળાં નથી જાણે આપ તેમને એ રીતે જોઈ રહ્યા હતા જેવી રીતે અત્યારે આપણે જોઈએ છીએ. (આધુનિક જેટનો ઉપયોગ એ રીતે થાય છે જેવી રીતે હવા વાદળને ધક્કો મારતી હોય.)

તિબ્રાની કબીરીમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

لاتقوم الساعت حتی لاتنطح ذات قرن جماء
وحتی یبعث الغلام الشیخ بریدابین الا فقین
وحتی یبلغ التاجر بین الافقین فلا یجد ربحا

"કિયામત કાયમ થશે નહીં ત્યાં સુધી કે નવયુવાન માણસ વૃદ્ધને કાસિદ (મેસેન્જર) બનાવીને આસ્માનના બે કિનારાઓ દરમ્યાન મોકલે અને ત્યાં સુધી કે વેપારી આસ્માનોના કિનારાઓની દરમ્યાન પહોંચશે તો પણ નફો પામશે નહીં. *(તિબ્રાની, કબીર)*

અને એની જ એક રિવાયતમાં છે કે કિયામત આવવાથી પહેલાં સ્થિતિ એ હશે કે લોકો કેવળ ઓળખીતા પારખીતાને જ સલામ કરશે, મસ્જિદને રસ્તો બનાવી લેશે અને તેમાં અલ્લાહના માટે સજદો નહીં કરે. નવયુવાન ઘરડાને સંદેશવાહક (કાસિદ) બનાવીને બે ક્ષિતિજોની વચ્ચે મોકલશે. વેપારી બે ક્ષિતિજો દરમ્યાન જશે તો પણ નફો મેળવશે નહીં. *(તિબ્રાની કબીર, મુસ્તદરક, ભાગ–૪, પેજ–૪૪૬)*

ક્ષિતિજ પર માણસ હવાઈ જહાઝ (એરોપ્લેન) સિવાય અન્ય કોઈ ચીજ વડે નથી પહોંચી શકતો. કેટલાયે નવયુવાન રાજાઓ એવા છે જેઓ પોતાના નાયબ અથવા વૃદ્ધ વઝીરને સફીર બનાવીને વિમાનમાં રવાના કરે છે, ત્યાં સુધી કે તે ક્ષિતિજમાં પહોંચી જાય છે. અને કેટલાયે એવા વેપારીઓ છે જેઓ પોતાની સાથે હલકો ફુલકો પરંતુ કિંમતી સામાન લઈને વિમાનોમાં મુસાફરી કરે છે પરંતુ જો એ જ વેપારી વેપારનો સામાન લઈને ન જાય તો તેને કાંઈ નફો ન થાય. જેમ કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું.

પછી બે એક મહીના પછી એ જ વેપારી અમુક વેપારનો સામાન કોઈ શહેરમાં લઈ જઈને વેચે તો પણ પાછો આવશે તો એવું જ કહેશે કે કાંઈ નફો ન થયો. *(મુસ્તદરક, ભાગ–૪, પેજ–૪૪૬)*

## ★ જંગી બોમ્બર વિમાનો ★

લડાયક વિમાનોનું વર્ણન કુર્આનમાં પણ છે (બોમ્બરની શોધ ઈ.સ. ૧૯૩૦ માં બ્રિટનના નાગરિક વિટલે કરી) અને હદીષોમાં પણ તેનો ઉલ્લેખ છે :–

કુર્આને કરીમ ઈર્શાદ ફર્માવે છે :–

والمرسلات عرفا، العا صفات عصفا، والنا
شرات نشراً فالفارقات فرقاً فالملقيات
ذکراً، عذراً اونذرًا، انما توعدون لواقع

"કસમ તેની જે લગાતાર છોડવામાં આવે છે પછી તબાહ તથા બર્બાદ કરી દેનાર, પછી પ્રસારિત કરનાર પછી ખૂબ જુદા કરી દેનાર, પછી ગંભીર ચર્ચા કરવાના માટે મુલાકાત કરનાર, માફી માંગતા કે અંજામથી ડરતાં, બેશક ! જે વાતનો તમને વાયદો આપવામાં આવે છે તે જરૂર થઈને રહેશે." *(સૂરએ મૂરસિલાત, પારા–૨૯, આયત–૧ થી ૭)*

આ તમામ ગુણો લડાયક વિમાનોનાં છે કે તેઓ બોમ્બવર્ષા કરીને તબાહી ફેલાવે છે. "અસ્ફુન"ના શબ્દકોષમાં બે અર્થો થઈ શકે છે : **(૧)** એ કે લોકો ચરી ખાધેલી ખેતિનાં પાંદડાંઓ જેમ થઈ જાય છે. **(૨)** ક્યારેક તો બોમ્બ નિશાન ચૂકી જાય છે એ પણ 'અસ્ફુન"ના અર્થમાં છે. જંગના મેદાનમાં લશ્કરને તથા શહેરોમાં રહેનારાઓને રક્ષાત્મક યુક્તિઓ અપનાવવા તથા જંગના એલાન માટે સરકારી ફર્માનો પ્રસારિત કરવામાં આવે છે. લોકોમાં તથા લશ્કરોમાં ગભરાહટ પેદા થઈ જાય છે એટલા માટે કે તે બોમ્બોનો ધાક અને ગર્જનામય અવાજ તેના પરિણામ કરતાં અધિક સખત છે, લોકો તે વિમાનો નીચે તદ્દન રોકાતા નથી બલ્કે તેને દૂરથી જોતાં જ લોકોમાં ભાગદોડ મચી જાય છે અને તેઓ છુપાવા માટે શરણ સ્થાન અને ખાઈઓ (બંકરે)ની તરફ ભાગે છે. પછી બાદમાં સંપર્કો કરે છે અને નિષ્પક્ષ વિસ્તારો તથા ગૈર ફોજી ઠેકાણાઓ પર બોમ્બવર્ષાની માફી માંગે છે, તો એ મજબૂરી થઈ અથવા ડરીને મુલાકાત કરે છે કે ત્યાંના રહેવાવાળા ડર અનુભવે છે, ધમકીઓ આપે છે, ડરાવે છે અને યુદ્ધ વિરામ ચાહે છે. તદ્ઉપરાંત આ પ્રકારની ઘણી સ્થિતિઓ ઉભી થાય છે જેમ કે મશહૂર છે. *(ક્રમશઃ)*

# કુફ્રી મસ્અલો અને ઈમામ અહમદ રઝા

★ લેખક ★
ફકીહે આ'ઝમે હિંદ, શારેહે બુખારી હઝરત અલ્લામા મુફ્તી શરીફુલ્ હક્ક رحمۃ اللہ علیہ
★ અનુવાદક ★
અલ્હાજ હાફેઝ મૂસા ઝંઘારવી *(પ્રેસ્ટન, યુ.કે.)*

હપ્તો : ૦૭

## ★ હાસ્યાસ્પદ વાતો ★

આ બરાહીને કાતેઅહ્માં અમુક હાસ્યાસ્પદ વાતો પણ છે !

આ સ્પષ્ટ ગંદી કુફ્રી વાતો સિવાય બીજી પણ કેટલીક હાસ્યાસ્પદ વાતો પણ છે, જેમ કે :–

**(૧)** શૈતાનના ઈલ્મની વિશાળતા સાબિત કરવા ફક્ત નસ (દલીલ) પર સંતોષ માની લીધો, પણ હુઝૂરના ઈલ્મની વિશાળતા માટે માત્ર નસ્સને પૂરતી ગણવામાં આવી નથી. બલ્કે તેના માટે નસ્સે કતઈની માંગણી કરવામાં આવી !

**(૨)** હુઝૂરના ઈલ્મે પાકના ઈન્કારને પુરવાર કરવા એક દલીલ વગરની રિવાયત રજુ કરવામાં આવી, અને એનો સંબંધ હઝરત શૈખ અબ્દુલ હક્ક મોહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ સાથે જોડી દેવામાં આવ્યો. અને લખ્યું કે :–

"શૈખ અબ્દુલહક્ક રિવાયત કરતે હૈં કે મુઝે દીવાર કે પીછે કા ભી ઈલ્મ નહીં."

આ હઝરત શૈખ رحمۃ اللہ علیہ પર જૂઠુ બોહતાન છે, રિવાયત તો દૂરની વાત છે બલ્કે પોતે મદારિજુન્નુબુવ્વત, જિલ્દ–૧, પેજ–૯ ઉપર એ રિવાયતનો રદ કરી ફર્માવ્યું છે કે :–

"ઈસ જગહ ઈશ્કાલ લાતે હૈં કે બાઅઝ રિવાયતોંમેં આયા હૈં કે આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માયા કે મૈં બંદા હૂં નહીં જાનતા કે ઈસ દીવાર કે પીછે ક્યા હૈ. ઈસકા જવાબ યેહ હૈ કે ઈસ બાતકી કોઈ અસલ નહીં ઔર યેહ રિવાયત સહીહ નહીં." *(ફારસી પરથી ઉર્દૂ)*

શું જેના દિલમાં અલ્લાહના નબી صلی اللہ تعالیٰ علیہ وسلم થી જરા જેટલી પણ મહોબ્બત હોય તે એવી હિંમત કરી શકે ખરો કે હુઝૂરના ઈલ્મને ઘટાડવા ખાતર ખૂદ હુઝૂર પર જ જૂઠો આક્ષેપ કરે અને હુઝૂરના ફર્માનનો પણ ખૌફ ન રાખે કે હુઝૂરે તો ફર્માવ્યું છે કે, "જે જાણી બુઝી મારા ઉપર જૂઠો આક્ષેપ કરે તે પોતાનું ઠેકાણું જહન્નમમાં બનાવી લે."

વળી પાછી કેટલી મોટી હિંમત કે એ ગંગોહી સાહેબ જે બુઝુર્ગે (શૈખ અબ્દુલ હક્ક મોહદ્દિષ દહેલ્વી) આ રિવાયત રદ કરી તેમને જ રાવી (રિવાયત કરનાર) તરીકે લખે છે ! જૂઠ ઉપર મહાન જૂઠ !!

## ★ અન્ય ઉલમાનો ટેકો ★

આજથી ૧૦૦ વર્ષ પહેલાં હિ. ૧૩૦૬ ની વાત છે. ભાવલપુર રાજ્યમાં "બરાહીને કાતેઅહ્"ની ગુમરાહ કરનારી ઈબારતો (લખાણો) પર એક ઘણો જ જરૂરી ફૈસલાકુન મુનાઝિરો થયો હતો. એ વેળા દેવબંદી જમાઅતના તે સમયના સૌથી મોટા ગણાતા આલિમ એમના શૈખુલ હિંદ મેહમૂદુલ હસન કોંગ્રેસી અને અંબેઠવી સાહેબ પોતે પણ (કે જેમના નામથી આ કિતાબ "બરાહીને કાતિઅહ્" છપાઈ છે) હતા. એહલે સુન્નતની તરફથી ઈમામુલ્ મુનાઝેરીન અલ્લામા ગુલામ દસ્તગીર કિસ્વરી رحمۃ اللہ علیہ મુનાઝિર હતા, આ મુનાઝિરો લેખિત હતો. (અર્થાત સામ સામે સવાલ જવાબ લખીને આપવા) આ મુનાઝિરના જજ તરીકે હઝરત મૌલાના શાહ ગુલામ ફરીદ સાહેબ ચાચિરાં શરીફ નવાબના પીર હતા. એમણે આ મુનાઝિરા બાદ જે ફેંસલો આપ્યો છે તે

આ મુજબ છે :–

"મોઅલ્લિફ (કિતાબના લેખક) ખલીલ અહમદ અંબેઠવી એમના મદદગારો સહિત વહાબી છે એહલે સુન્નતથી ખારિજ (નીકળી ગયેલા) છે." *(તકદીસુલ વકીલ, પેજ–૨)*

આ મુનાઝિરો લેખિત હતો એની તમામ વિગત "તકદીસુલ વકીલ અન્ તવહીને રશીદો ખલીલ" નામથી છપાઈ ચૂકી છે. એમાં મૌલાના ગુલામ દસ્તગીર સાહેબે "બરાહીને કાતિઅહ્"ની એ ઈબારત પર એ જ વાંધો ઉઠાવ્યો છે કે આ લખાણમાં હુઝૂર ﷺના ઈલ્મને શૈતાન મરદૂદના ઈલ્મથી ઓછો બતાવ્યો છે.

"ફકીર કાનલ્લાહુ લહૂકા એ'તેરાઝ યેહ હૈ કે સરવરે કાએનાતે આઅ્લમે મખ્લૂકાત ﷺ કી વુસ્અતે ઈલ્મ કા જો ઈન્કાર કિયા હૈ ઔર શૈતાન કે ઈલ્મસે આપકે ઈલ્મકો કમ લિખ દિયા હૈ. યેહ નિહાયત દરજહ કી તૌહીન હૈ." *(તકદીસુલ વકીલ, પેજ–૧૯૩)*

એ જ તકદીસુલ વકીલની સચ્ચાઈમાં મૌલાના રહ્મતુલ્લાહ્ કેરાનવી મુહાજિર મક્કી رحمۃ اللہ علیہ એ લખ્યું છે કે :–

"હું મૌલ્વી રશીદ અહમદને રશીદ સમજતો હતો, પરંતુ મારી ધારણાની વિરૂધ્ધ કાંઈક જુદા જ નીકળ્યા, એમણે એ બાબત સાબિત કરવામાં ખૂબ જ મહેનત કરી છે કે, હુઝૂર ﷺ નો ઈલ્મ શૈતાન (મરદૂદ)થી ઓછો હતો અને એનાથી વિરૂધ્ધ માન્યતાને (અકીદા) શિર્ક કહ્યું." *(તકદીસુલ વકીલ, પેજ–૪૧૯)*

હઝરત મૌલાના રહ્મતુલ્લાહ્ કેરાનવી તે વ્યક્તિ છે કે જેમને તુર્કીના તે વખતના બાદશાહે "પાયએ હરમૈન" (હરમૈન શરીફની બુન્યાદ) નામનો ઈલ્કાબ આપ્યો. જેમના માટે ખૂદ બરાહીને કાતિઅહ્માં "અમારા શયખુલ હિંદ" રહમતુલ્લાહ લખ્યુ છે.

જે લોકો આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની ઉપર પાયા વગરનો જૂઠો આક્ષેપ મૂકે છે કે તેઓએ વિના કારણે (એ દેવબંદી, વહાબી આલિમોને) કાફિર કહ્યા છે, તેઓને આમંત્રણ છે કે આવો અને જુઓ, મૌલાના રહ્મતુલ્લાહ્ અને મૌલાના ગુલામદસ્તગીર قدس سرہ આ'લા હઝરતના ન તો મુરીદ છે ન તો ખલીફા છે કે ન પીરભાઈ છે ! એ લોકોએ પણ એ જ કહ્યું છે અને લખ્યું કે આ ઈબારતમાં નબી ﷺની તૌહીન છે, એમાં આપના ઈલ્મને શૈતાનના ઈલ્મથી ઓછો બતાવ્યો છે.

શું આવી પરિસ્થિતિમાં પણ આ'લા હઝરતને બુરૂં ભલું કહેવું ઠીક ગણાશે ? કે એમણે વિના કારણે એ બંનેવ દેવબંદી ઉલમાને કાફિર કહ્યા. શું કોઈ મુસલમાનને એમાં શંકા ઉભી થઈ શકે છે કે નબીએ કરીમ ﷺની તૌહીન કરવી કુફ્ર છે ?

## ★ થાનવી સાહેબનું કુફ્રી લખાણ ★

દેવબંદી જમાઅતના હકીમુલ ઉમ્મત અશરફઅલી થાનવી સાહેબે પોતાની પુસ્તિકા "હિફઝુલ ઈમાન"ના પેજ સાત ઉપર લખ્યું છે કે;

"ફિર યેહ કે આપકી ઝાતે મુકદ્દસા પર ઈલ્મે ગૈબકા હુક્મ કિયા જાના બકૌલે ઝૈદ સહીહ હો તો દર્યાફ્ત તલબ યેહ અમ્ર હૈં કે ઈસ ગૈબ સે મુરાદ બાઅઝ ગૈબ હૈ યા કુલ ગૈબ. અગર બાઅઝ ઉલૂમે ગૈબિયહ્ મુરાદ હૈ તો ઈસમે હુઝૂર કી ક્યા તખ્સીસ હૈ. ઐસા ઈલ્મે ગૈબ તો ઝૈદ, અમર વ બકર બલ્કે હર સબી (બચ્ચે), મજનૂન (પાગલ) બલ્કે જમીઅ હૈવાનત (જાનવર) વ બહાઈમ (જંગલી પ્રાણીઓ) કે લિયે ભી હાસિલ હૈ."

અમુક લીટીઓ પછી લખાણ લખ્યું છે કે :–

"ઔર અગર તમામ ઉલૂમે ગૈબિયહ્ મુરાદ હૈં ઈસ તરહ કે એક ફર્દ ભી ખારિજ ન રહે તો ઈસ

બુતલાન દલીલે અકલી વ નકલી સે ભી ષાબિત હૈ."

ઉપરોક્ત ઈબારત (લખાણ)નો સ્પષ્ટ મતલબ એ જ છે કે થાનવી સાહેબે હુઝૂર ﷺ ના ઈલ્મને ઝૈદ, અમર, બકર બલ્કે જાનવરો, પાગલો અને પ્રાણીઓના ઈલ્મ સાથે સરખાવ્યો છે અને હુઝૂરના ઈલ્મને એમના જેટલો ઈલ્મ કહ્યું છે.

(**નોંધ** : આ રદિયો એટલા માટે કરવામાં આવે છે કે થાનવી સાહેબના ચેલાઓ પરસ્પર એકબીજા સાથે ઉલઝનમાં પડેલા છે કે થાનવીજી એ "ઐસા" શબ્દ વાપર્યો છે તેનો મતલબ સરખામણી માટે છે કે પછી "એટલો", "એના જેવો"ના અર્થમાં છે.)

બંનેવ પક્ષોની આ બાબતમાં એકમતી છે આ બંનેવ વાતોમાં હુઝૂર ﷺ નું ઘોર અપમાન છે. અને કોઈ પણ નબીનું અપમાન (તૌહીન) અને તે પણ નબીઓના સરદારનું અપમાન (તૌહીન) સર્વાનુમતે કુફ્ર છે અને તૌહીન કરનાર કાફિર છે.

આ ઈબારતથી ઉપરોક્ત મઝમૂન કોઈપણ જાતના અંધારપટ વગર, કોઈપણ જાતની હેરાફેરી વગર સ્પષ્ટ થાય છે, વધુ ચોખવટ માટે અરજ એ છે કે :–

**(૧)** શરૂઆતમાં લખ્યું છે કે, "આપકી ઝાતે મુકદ્દસા પર ઈલ્મે ગૈબ કા હુકમ કિયા જાના" આનો મતલબ માત્ર એ જ છે કે "એવું કહેવું કે હુઝૂર ગૈબ જાણતા હતા" કારણ કે હુકમનો અર્થ એ જ થાય કે એક વસ્તુ બીજા માટે સાબિત કરવામાં આવે.

આગળ લખ્યું કે, "ઈસ ગૈબસે મુરાદ બાઅ્ઝ ગૈબ હૈ યા કુલ ગૈબ"

આ ઈબારત (વાક્ય)માં "ઈસ"નો ઈશારો પ્રથમ વાક્યમાં વપરાએલા તે "ઈલ્મે ગૈબ" તરફ છે, અર્થાત જે ઈલ્મે ગૈબ હુઝૂર ﷺ જાણતા હતા. તે કે જે "બાઅઝ ઈલ્મે ગૈબ" જે હુઝૂર ﷺ ને પ્રાપ્ય હતું. તે પછી આ "બાઅઝ ઈલ્મે ગૈબ" વિશે લખ્યું છે કે, "ઈસમેં હુઝૂર હી કી ક્યા તખસીસ હૈ ! ઐસા ઈલ્મે ગૈબ તો હર ઝૈદ અમ્ર વ બકર બલ્કે હર સબી, મજનૂન બલ્કે જમીઅ હૈવાનાત વ બહાઈમ કે લિયે ભી હાસિલ હૈ."

હવે કોઈપણ જાતની શંકા વિના સ્પષ્ટ થઈ ગયું કે **થાનવી સાહેબે હુઝૂરના ઈલ્મેપાકને દરેક લાયક, નાલાયક, ઝૈદ, અમ્ર, બકર બલ્કે બાળકો, પાગલો અને જાનવરો, ચોપગાં પ્રાણીઓના ઈલ્મ સાથે સરખાવ્યું છે, અથવા તો તેમના જેટલો ઈલ્મ કહ્યો.**

એને ટૂંકાણમાં આ રીતે કહી શકો છો કે થાનવી સાહેબે હુઝૂરે અકદસ ﷺ ના માટે ઝૈદના કહેવા પ્રમાણેનો જે ઈલ્મે ગૈબ મળેલો માન્યો, તેના બે પ્રકાર ગણાવ્યા; **એક** બાઅઝ ઈલ્મે ગૈબ અને **બીજો** કુલ ગૈબ. કુલ ગૈબ મળ્યા હોવાનું દરેક રીતે નકારી કાઢયું. હવે જરૂરી રીતે નક્કી થયું કે હુઝૂર માટે એમણે બાઅઝ ગૈબ હોવાનું કબૂલ કર્યું અને એ ઈલ્મે ગૈબ માટે એમણે લખ્યું કે, "એવો ઈલ્મે ગૈબ તો ઝૈદ, અમ્ર, બકર બલ્કે બાળકો, પાગલો, જાનવરો, પ્રાણીઓને પણ મળેલો છે."

હવે જો "ઐસા" શબ્દને બરાબરી–સરખામણી માટે ઉપયોગ કરેલો માનીએ જેમ કે દેવબંદીઓના શૈખુલ ઈસ્લામ હુસૈન અહમદ ટાંડવીની તહકીક છે, તો તેમણે (થાનવી સાહેબે) હુઝૂરના મુકદ્દસ (મહાન) બુલંદ મર્તબા ઈલ્મને એક હલકી, નીચ, હીણ ચીજો સાથે સરખાવવાની ચેષ્ટા કરી.

એમાં સ્પષ્ટ રીતે સરકારે દો આલમ ﷺ ની તૌહીન (બેઅદબી) છે.

હવે જો "ઐસા" શબ્દને "એટલો" કે "એના જેવડો"ના અર્થમાં માનવામાં આવે જેમ કે હસન દરભંગી સાહબ (નાઝિમે તા'લીમાત)ની તહકીક છે તો પણ તેમણે (થાનવીજીએ) હુઝૂર ﷺ ના ઈલ્મે પાકની વિશાળતા કે જેને ખાસ ફરિશ્તાઓ, નબીઓ અને રસૂલો પણ નથી જાણી શક્યા તેને એક હલકી, નીચ હીણ ચીજોના ઈલ્મની બરાબર કરી દીધો, એ પણ બદ્તરીન (ખરાબમાં ખરાબ) તૌહીન છે. *(ક્રમશઃ)*

# હિકમતે નમાઝ

حکمت نماز

હપ્તો ૦૩

અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી—મુંબઈ *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

આજ કોઈ ભી ઐસા બે ગૈરત આપકો નહીં મિલેગા જો નમાઝ સે પહલે વુઝૂ ન કરતા હો. લેકિન મુઝે બતાઈએ આપકા વુઝૂ હૈ યા નહીં ઉસકા ઈલ્મ આપ કે ઈલાવા કિસી ઔર કો હો સકતા હૈ ?! આપ હી જાનતે હૈં કે આપ કા વુઝૂ હૈ યા નહીં. લેકિન આપ બે વુઝૂ નમાઝ નહીં પળ્હ રહે હૈં. યહ કૌન સા જઝબા હૈ જો આપ કો બે વૂઝુ નમાઝ પળ્હને સે રોક રહા હૈ ? વો અપને પરવરદિગાર કા ડર હૈ. આપ તય કર લેતે ઔર સોચતે હૈં કે કોઈ દેખે યા ન દેખે મેરા કરીમ તો દેખ રહા હૈ ! મેરા રબ તો દેખ રહા હૈ, વહીંસે યહ મિજાઝ બનાઓ કે જો વુઝૂ કી કૈફિયત કો દેખ રહા હૈ, ક્યા રાસ્તે કે કિરાદાર કો વો નહીં દેખ રહા હોગા ?! ગલિયોંમેં ચલતે હૂએ વો નહીં દેખ રહા હોગા ? અલ્લાહુ અકબર ! નમાઝ મિજાઝ દે રહી હૈ કે અય બંદે જિસ તરહ સે તેરા કરીમ તુઝે દેખ રહા હૈ ઐસે હી તેરે અમલ કો ભી દેખ રહા હૈ, ફિર દિલમેં ડર પેદા હોતા હૈ. યહી ફર્ક હૈ હમારી નમાઝોં મેં ઔર ઔલિયાએ કિરામ કી નમાઝોં મેં. ગૌર કરો ! ફર્ક હૈ બહુત બળા ફર્ક હૈ ! કૈફિયત તો દેખો ! સૈયેદના અલી કે કદમ મુબારક મેં તીર લગા હૈ, નિકાલના ચાહતે હૈં તો પરેશાની હોતી હૈ. આપ ફર્માતે હૈં, મૈં જબ હાલતે નમાઝ મેં રહૂં તબ મેરા તીર નિકાલ લેના. હઝરત અલી ! આખિર આપ કી નિગાહોં મેં કિસ કા જલ્વા હૈ કે જબ નમાઝ કી હાલત મેં હોં તો તીર નિકાલ લિયા જાએ ઔર તકલીફ ભી ન હો ?! તો હઝરત અલીને જો મદીના કે તાજદાર સે તર્બિયત પાઈ થી વો તર્બિયત જવાબ દેતી નઝર આઈ કે મેરે સરકારને ફર્માયા, નમાઝ ઈસ તરહ પળ્હો જૈસે તુમ ખુદા કો દેખ રહે હો. ઔર જો કિસી કે દીદાર કે અંદર મહ્‌ઝ હો ઉસે તકલીફોં કા એહસાસ નહીં હોતા, ઉસે તકલીફ કા ખયાલ નહીં હોતા. ઈસ લિએ મૈં જબ નમાઝ પળ્હતા હૂં તો યહ સોચતા હૂં કે મૌલા કો મૈં દેખ રહા હૂં, વરના કમ અઝ કમ યહ તસવ્વુર રહતા હૈ કે મેરા કરીમ મુઝે દેખ રહા હૈ.

યહાં તો નમાઝ મેં સારા હિસાબ હો જોતા હૈ ! ભૂલી હૂઈ ચીઝેં યાદ આ જાતી હૈં ! અબ આપમેં સે કોઈ સાથી મુઝ સે યહ કહે કે આપ કહતે હૈં કે નમાઝ બેહયાઈ સે રોકતી હૈ લેકિન ! બહુત સારે લોગોં કો હમ દેખતે હૈં કે નમાઝ ભી પળ્હતે હૈં ઔર બેહયાઈ ભી કરતે હૈં ! ઉસકી ક્યા વજહ હૈ ? કયા સબબ હૈ ?

તો સુનો ! આપ અગર કિસી ફેક્ટરી મેં, કિસી કંપની મેં ગએ જો ગાળીયોં કી કંપની હૈ, મારૂતી ખરીદ ને કે લિએ પહોંચે. દેખા યહ ગાળી બળી અચ્છી હૈ. આપને ઉસકી પૂરી તફસીલ માલૂમ કી, ઉસને તફસીલ બતા દી, તો આપને કીમત દે કર ગાળી ખરીદ લી. ઉસકે બાદ આપ ગાળી લેકર નિકલે, દિલો દિમાગ કે અંદર યહ તસવ્વુર હૈ કે મૈં ઈસ કાર કે ઝરીઆ અપની મંઝિલ તક બહુત જલ્દ પહોંચ જાઉંગા. બાહર નિકલે અચાનક ગાળી કા ટાયર ખરાબ હો ગયા. અબ આપ દૌળને કી કોશિશ કરેંગે ? નહીં ! બલ્કે રોક દેંગે. ફિર આપ પહોંચેંગે કંપનીવાલે કે પાસ. બળે અજીબ આદમી હો ! તુમને કહા થા કે યહ કાર લોગે તો બળી તેઝી સે મંઝિલ તક પહોંચ જાઓગે ! મગર મેરી ગાળી કા ટાયર ખરાબ હો ગયા હૈ, અબ મૈં ચલાના ચાહતા હૂં તો ગાળી નહીં ચલતી. તો વો જવાબ દેગા, ટાયર અગર પંચર હો જાએ તો ઉસકે બાદ વો ગાળી ચલતી નહીં હૈ, પહલે ઉસકો દુરુસ્ત કરો ! ફિર આપને ઉસકો દુરુસ્ત કિયા, ઉસકે બાદ ગાળી મેં પેટ્રોલ કમ થા, આપ નિકલે ઔર પેટ્રોલ પંપ પર પહોંચે. અબ

પેટ્રોલ કે બજાય આપને ડિઝલ ડલવા દિયા, ઉસકે બાદ ચલાના ચાહતે હૈં તો થોળી દેર કે બાદ ગાળી બંદ હો જાતી હૈ. ફિર કંપનીવાલે કે પાસ આપ પહોંચે, તુમ ક્યૂં મઝાક કર રહે હો ?! બળી અજીબ પોઝીશન હૈ ! મૈં ઈત્ને પૈસે દેકર યહ ચીઝ ખરીદા હૂં લેકિન મેરી ગાળી ચલતી નહીં ! એર આ ગયા ઔર ગાળી રૂક ગઈ. વો કહેગા, આપને કૌનસા તેલ ઈસ્તેમાલ કિયા હૈ ? આપ કહેંગે, ડિઝલ ! વો કહેગા, અરે ભાઈ ! ઈસમેં પેટ્રોલ ઈસ્તેમાલ હોતા હૈ ! આપ ડિઝલ ઈસ્તેમાલ કરેંગે તો કહાંસે ચલેગી ?!

યહ તમષીલ સિર્ફ સમઝને ઔર સમઝાને કે લિએ હૈ, વરના સારી ચીઝેં જબ પરફેક્ટ હોં તબ ગાળી પરફેક્ટ ચલા કરતી હૈ. અબ નમાઝ કે સિલસિલેમેં ભી સમઝ લો કે જબ શુબ્હાવાલા (શંકામય) યા લુક્માએ હરામ હલક કે નીચે ઉતરેગા તો નમાઝ કી વો બરકત નઝર નહીં આએગી, જબ જિસ્મ પર લિબાસ હરામ કા હોગા તો નમાઝ કે વો ફવાઈદ નઝર નહીં આએંગે, આપ સોચેંગે, અબ હમ કહાં તહકીક કરને જાએં ? ઘરોં મેં અનાજ પળા હુવા હૈ વો કૈસા હૈ ? જિસ્મ પર લિબાસ હૈ વો કૈસા હૈ ? હમ નહીં જાનતે ! તો અબ બતાઈએ, હમ ક્યા કરેં ?! તો સુનો ! આજસે યહ અહદ કરેં કે જિત્ને સાબિકા (પાછલા) ગુનાહ હૂએ હૈં કભી વો ગુનાહ નહીં કરેંગે ઔર અપની ઝિંદગી કો ગુઝારેંગે તો હૂઝૂર ﷺ કે ફર્માન કે મુતા'બિક ગુઝારેંગે. ઉસી કે સાથ સાથ નમાઝ કે મસાઈલ સે વાકિફિયત ભી ઝરૂરી હૈ અગર મસાઈલ નહીં જાનતે હોંગે તો ઉસકી વજહસે ભી નમાઝ કે અષરાત આપકે ઉપર મુરત્તબ હોતે નઝર નહીં આએંગે. લેહાઝા નમાઝ કે લિએ જિન જિન ચીઝોં કા હુક્મ આયા હૈ ઉન સારી ચીઝોં કો દુરુસ્ત કરેં ફિર નમાઝ કી બરકતેં મિલતી નઝર આએંગી. લેકિન ! યહ ભી સમઝ લેં :–

**એક ફર્દ ઈબાદત હી નહીં મર્દે મુજાહિદ**
**ઔર ભી તો કુછ શાહે ઉમમ છોળ ગએ હૈં**

હમ સિર્ફ નમાઝ પળ્હને કી તા'લીમ નહીં દેતે, વો ઔર જમાઅતેં હોંગી જો નમાઝ હી કી બાત કરતી હૈ. ઈસ લિએ કે કોઈ શખ્સ અગર કિસી બાદશાહ કે યહાં મુલાઝિમ હો ઔર બાદશાહ ઉસે કહે, જાઓ ! બીવી બચ્ચોં કે હક્ક ભી અદા કરો. ફિર ભી વો દરવાઝે પર ખળા હુવા બાદશાહ સલામત આપ કા ક્યા કહના હૈ ! ઔર બાદશાહી કી તા'રીફ હી કર રહા હૈ, ઔર જબ કે બાદશાહ કહ રહા હૈ ઘર પર જાઓ ! બાદશાહ કહ રહા હૈ, દુકાન ખોલો ! બાદશાહ કહ રહા હૈ, બીવી બચ્ચોં કે હક્ક અદા કરો ! હલાલ કમાઈ કમાઓ ! જાઓ ! બચ્ચોં કી તા'લીમ કા ઈન્તેઝામ કરો. ઔર વો કહ રહા હૈ, બાદશાહ સલામત આપ કા ક્યા કહના ! બતાઓ ! ઉસકા બાદશાહ ઉસસે ખૂશ હોગા ? નહીં હોગા. તો યહ સારી મિષાલેં સમઝને ઔર સમઝાને કે લિએ હૈં, હમારે રબ કી ઝાત ઈસસે પાક હૈ. બાત યહ હૈ કે હમ સિર્ફ નમાઝ પળ્હતે રહેં ઔર રસૂલે પાક ﷺ કી મહબ્બત જિસકે બારેમેં રબ્બે કદીરને ફર્માયા હૈ અગર ઉસકો હમને સીને મેં દાખિલ નહીં કી તો મૌલા નમાઝોં કો કબૂલ નહીં ફર્માએગા.

અગર હમને બીવી બચ્ચોં કે હક્ક અદા નહીં કીએ, હમને તા'લીમ કા ખયાલ નહીં કિયા, બાપ બિસ્તર પર તીમારદારી કે (ચાકરી) લિએ ઈન્તેઝાર કર રહા હૈ કે બેટા આએગા ઔર મેરી દવા લેકર આએગા. લેકિન યે જનાબ ચાલીસ દીનકી જમાઅતમેં ગએ હૂએ હૈં ! ઔર સમઝતે હૈં કે બાપ કો શિફા મિલ જાએગી. અરે સોચો ! જબ હઝરત ઉવૈસ કરની رضی اللہ عنہ માં કી ખિદમત કી વજહસે રસૂલે પાક ﷺ કે દીદાર કે લિએ હાઝિર ન હો સકે, ફિર ભી સરકાર ઈતને રાઝી હો જાતે હૈં કે ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ કો ભેજતે હૈં, જાઓ ! ઉવૈસ કરની رضی اللہ عنہ કો મેરા પૈરહન દેના ઔર કહના, મેરી ઉમ્મત કે લિએ બખ્શિશ કી દુઆ કરે ! ઔર યહાં (તબ્લીગ ઢોંગી કી તરફસે) તા'લીમ દી જાતી હૈ કે સબ કુછ તસ્બીહ હૈ !

બિલા શુબ્હા તસ્બીહ અપની જગહ પર મુસલ્લમ હૈ, મગર મૌલા બંદોં કે સજદોં કા મોહતાજ નહીં હૈ, બલ્કે બંદોં મેં ડિસિપ્લિન કે લિએ ઔર અપની યાદ કે લિએ નમાઝ કા હુકમ દિયા ઔર નમાઝ કે સિલસિલેમેં ફર્માયા, બંદે નમાઝ બે હયાઈ ઔર બુરી બાતોં સે રોકતી હૈ. આપ દેખેં, બચ્ચા અગર ચરસ કા આદી બન જાએ, શરાબ કા આદી બન જાએ, વાલિદૈન પરેશાન હોતે હૈં કે બચ્ચેકો કૈસે સુધારેં ?!

લેકિન ! બચ્ચા અગર નમાઝ કા આદી હોતા તો શરાબ કે અડ્ડોં પર ન જાતા, ઈસ લિએ કે કુર્આન કહતા હૈ : لا تقربوا الصلوٰة وانتم سكارىٰ *(સૂ. નિસા, ૪૩)* **તર્જુમા** : "નશાકી હાલતમેં નમાઝ કે પાસ ન જાઓ." *–(કન્ઝુલ ઈમાન)*

યા'ની નમાઝ કે કરીબ મત જાઓ ઉસ હાલમેં કે જબ તુમ નશેમેં હો. અબ મુઝે બતાઓ, અગર બચ્ચે કે દિલો દિમાગ કે અંદર નમાઝ કી અઝમત પૈદા કી ગઈ હોતી, બચ્ચે કો નમાઝ કા આદી બનાયા ગયા હોતા, તો શરાબ કે અડ્ડે પર ન જાતા. ઈસ લિએ કે વો નમાઝ સે મહબ્બત કરતા ઔર નમાઝ કી તરફ જાને સે રોકનેવાલી હર ચીઝસે અપને દામન કો બચાતા નઝર આતા. નમાઝ કાઈમ કરો અલ્લાહ કી યાદ કે લિએ.

યહાં યહ ભી બતાઓ ! બરેલી કે તાજદાર ઈમામ અહમદ રઝાને સિર્ફ સલામ પઢ કર હી નહીં બતાયા ! નમાઝ તો ઐસી પઢી કે ખુદા કી કસમ માઝી કરીબ મેં અદાઈગીએ સલાત કે જઝબે ઔર જમાઅત કી પાબંદી કે સિલસિલેમેં ઉનકી નઝીર (ઉદા.) મિલના મુશ્કિલ હૈ. સોચો ! ઈમામે ઈશ્કો મહબ્બત કી ઝિંદગી કે આખરી અય્યામ થે, જિસ્મસે રૂહ કા રિશ્તા જબ ટૂટને કે કરીબ થા, બિસ્તરે મર્ગ પર ખ્વાબ પઝીર થે, (મૃત્યુશૈયાએ હતા) ઐસે આલમ મેં જબ અઝાન કી આવાઝ કાનોં કે અંદર પહોંચતી હૈ તો આ'લા હઝરત દો સાથિયોં કે કાંધે પર હાથ રખકર અલાલત કે બાવજૂદ મસ્જિદ કી તરફ જા રહે હૈં, મસ્જિદ કી તરફ બઢ રહે હૈં. નમાઝ જબ અદા કર લી તો લોગોં ને કહા, હુઝૂર ! ઈસ આલમ મેં મસ્જિદ કી તરફ આને કી ક્યા ઝરૂરત ?!

કુર્બાન જાઓ ! ઈશ્કે રસૂલ કા પયકર જવાબ દેતા હૈ, મૈં ને સોચા, અપને નબી કી ઈસ સુન્નત પર ભી અમલ કર લૂં, ઈસ લિએ કે જબ રસૂલે આ'ઝમ ﷺ અલીલ થે ઔર મસ્જિદ કી તરફ નમાઝ કે લિએ બઢે થે તો પૈરોં મેં સકત વ કુવ્વત બઝાહિર નઝર નહીં આતી થી. સરકારે દો આલમ ﷺ દો સહાબા કે કાંધે પર હાથ રખે મસ્જિદ કી તરફ જા રહે થે. અહમદ રઝાને સોચા અપને નબી કી ઈસ અદા પર ભી અમલ કર કે અપને આકા કો ખૂશ કર દૂં ! કૌન કહતા હૈ ઈમામ અહમદ રઝાને સિર્ફ સલામ કી તા'લીમ દી હૈ ? બલ્કે ઈમામ અહમદ રઝાને જિસ એહતેમામસે સજદે કિયે હૈં બતાઓ તુમ્હારે પાસ ઐસા કોઈ સજદા કરનેવાલા હૈ ?! ઔર સુનો ! ઈમામે ઈશ્કો મહબ્બતને કિસી અમલ પર ભરોસા નહીં કિયા, ન જિબ્રઈલકી મદદ તલબ કી ! ઈસ લિએ તો કહતે હૈં :–

**પુલ સે ઉતારો રાહ ગુઝર હો ખબર ન હો**
**જિબ્રીલ પર બિછાએં તો પરકો ખબર ન હો**

સરકાર હમેં જિબ્રઈલ કે પરકી ઝરૂરત નહીં, હમેં તો બસ ઈસકી ઝરૂરત હૈ :–

**"રઝા" પુલસે અબ વજ્દ કરતે ગુઝરીએ**
**કે હૈ રબ્બે સલ્લિમ સદાએ મુહમ્મદ ﷺ**

યહ કૌન કહ રહા હૈ ? યહ વો કહ રહા હૈ જિસકા સીના ઈશ્કે રસૂલ કા મદીના થા, જિસને ઝિંદગી કે કિસી ગોશે કે અંદર ઔર કિસી લમ્હે મેં અપને મહબૂબ કો કભી ન ભૂલાયા થા. ઈસ લિએ તો ખૂદ કહતે હૈં :–

**જો ન ભૂલા હમ ગરીબોં કો "રઝા"**
**યાદ ઉસકી અપની આદત કીજિએ**

*(ક્રમશઃ)*

# ગુનાહોનો ઈલાજ

હપ્તો : ૦૩

લેખક : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
અનુવાદક : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

## ★ કંજૂસી અને તેનો ઈલાજ ★

કંજૂસી ઘણી જ મનહૂસ આદત છે. માલ તથા આધારો હોવા છતાં પણ જરૂરત પ્રમાણે ખર્ચ ન કરવો બુખ્લ (કંજૂસી) છે. બુખાલત (કંજૂસી) ઘણી મોટી અખ્લાકી બુરાઈ છે કારણ કે તેનાથી બીજી ઘણીયે બુરાઈઓ જન્મે છે, દુશ્મની, અદાવત, બદ્દિયાનત, તંગ નઝરી વગેરે (સંકૂચિત દષ્ટિ) જેવી બુરાઈઓ આનાથી જ પૈદા થાય છે અને ખાસ કરી જે હક્કો તેના પર (બખીલ પર) અદા કરવા જરૂરી હોય છે તેને પણ અદા નથી કરતો અને દૌલતને જમા કરી રાખે છે. કયામતના દિવસે આ જ દૌલત તેના માટે અઝાબનું કારણ બનશે. કારણ કે અલ્લાહ તઆલનો ઈર્શાદ છે : "જે લોકો અલ્લાહની આપેલ દૌલતમાં બુખ્લ (કંજૂસી) કરે છે તે હરગિઝ પોતાના માટે સારું ન સમજે, નજીકમાં તેમના ગળામાં તોક પહેરાવવામાં આવશે તે વસ્તુથી જે તેઓએ બુખાલત (કંજુસી) વડે એકઠી કરી હશે." *(આલે ઈમરાન્)*

બખીલ માણસ વિવિધ બીમારીઓમાં સપડાયેલો રહે છે. ઘણુ બધુ હોવા છતાં જરૂર પ્રમાણે તેને ખર્ચ કરવાનું નસીબ નથી થતું આથી કોઈપણ માણસ તેને ઝલીલ અને બેઈજ્જત જાણે છે.

હઝરત અબૂહુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે સખી (સખાવત કરનાર) અલ્લાહથી નજીક છે, જન્નતથી નજીક છે અને લોકોથી નજીક છે, જહન્નમથી દૂર છે. જયારે બખીલ અલ્લાહથી દૂર, જન્નતથી દૂર, લોકોથી દૂર છે અને જહન્નમથી નજીક છે. અને ખરેખર જાહિલ (અજ્ઞાન) સખી અલ્લાહ તઆલાને પરહેઝગાર બખીલ (કંજૂસ) કરતાં વધુ પ્યારો છે. *(મિશ્કાત શરીફ)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જયારે બંદાઓ સવાર કરે છે તો બે ફરિશ્તા નાઝિલ થાય છે જેમાંથી એક કહે છે કે, હે અલ્લાહ ! તારા રાહમાં ખર્ચ કરનારને તેનો બદલો અતા ફર્માવ. અને બીજો કહે છે કે, હે અલ્લાહ ! બખીલ (કંજૂસ)ના માલને ખતમ ફર્માવ. *(બુખારી શરીફ)*

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, મક્કાર (ધોકા બાઝ), બખીલ (કંજૂસ) અને એહસાન જતાવનારો જન્નતમાં દાખલ નહીં થાય.

## ★ બુખ્લ (કંજૂસી)નો ઈલાજ ★

હઝરત ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે કંજૂસી એક એવી બીમારી છે જેનો ઈલાજ ઘણો જ મુશ્કેલ છે. ખાસ કરી ઘરડા માણસ જયારે બખીલ થઈ જાય તો લગભગ લાઈલાજ બની જાય છે. કંજૂસીનું કારણ માલની મહબ્બત છે તો જયાં સુધી દિલમાંથી માલની મહબ્બત દૂર નહીં થાય ત્યાં સુધી કંજૂસીની બીમારી નીકળી નથી શકતી. છતાં આ સિવાય બે ઈલાજો ઘણા જ કામયાબ અને કાર્યમય છે : **પ્રથમ ઈલાજ** એ કે માણસ એ વિચારે કે માલનો મકસદ શું છે ? અને હું શા માટે પૈદા કરવામાં આવ્યો છું ? અને મારે દુનિયામાં માલ જમા કરવાની સાથે સાથે આખિરતની જિંદગી માટે પણ કંઈક ખજાનો જમા

કરવો જોઈએ. જ્યારે આ ખયાલ દિલમાં જામી જશે તો દુનિયાના ખતમ થવાનું અને આખેરતની જિંદગીનું ધ્યાન પૈદા થશે અને થોડાક જ સમયમાં દિલમાં એવું નૂર પૈદા થશે કે દુનિયા અને તેની માલમત્તાથી બે તવજ્જુહી અને નફરત પૈદા થવા લાગશે પછી બખીલી અને કંજૂસીની બીમારી આપો આપ રફૂચક્કર થઈ જશે તથા સખાવત એ રીતે પૈદા થઈ જશે કે અલ્લાહની રાહમાં માલ ખર્ચ કરતાં તેને લિજ્જત પ્રાપ્ત થશે. **બીજો ઈલાજ** એ કે બખીલો તથા સખી લોકોની હિકાયતો (કિસ્સા) વાંચે અને આલિમોથી આ પ્રકારના કિસ્સા સાંભળતો રહે કે બખીલોનો અંજામ કેટલો બુરો છે અને સખી લોકો માટે કેટલો સારો બદલો છે. તો આ પ્રકારના કિસ્સા અને હિકાયતો વાંચતાં વાંચતાં તથા સાંભળતાં બખીલી (કંજૂસી)થી નફરત અને સખાવતથી મહોબ્બત પૈદા થઈ જશે અને ધીમે ધીમે કંજૂસીની બીમારી ખતમ થઈ જશે. *(અહયાઉલ ઉલૂમ)*

વધુ એનો ઈલાજ એ છે કે ખ્વાહિશો (મોટી મોટી તમન્નાઓ)ની મહોબ્બત માણસને બખીલી તરફ ધકેલવા લાગે છે. અને આનો ઈલાજ કનાઅત (મોટી તમન્નાઓ ન કરી થોડા પર રાજી રહેવું)થી થઈ શકે છે. માટે મોટી મોટી ખ્વાહિશો પર સબરથી કામ લે અને તેમને છોડી દે જેથી માલ તથા દૌલતથી બેનિયાઝી પ્રાપ્ત થાય. અને જ્યાં સુધી લાંબી લાંબી ઉમરની તમન્નાઓનો સવાલ છે તો તેનો ઈલાજ એ છે કે પોતાના માટેનો ખ્યાલ પોતાના દિમાગમાં રાખે અને બીજા લોકોના મૃત્યુ વિશે વિચારે કે કઈ રીતે તેના દોસ્તો અને સાથે બેસનારા જોત જોતામાં આ દુનિયાથી ચાલ્યા ગયા અને તેમની તમ્મનાઓ અને કંજૂસીએ તેઓને મૌતથી ન બચાવ્યા તથા અફસોસ અને અરમાનો સિવાય કશુંયે પોતાની સાથે લઈ જવાનું નસીબ ન થયું, સગા સંબંધીઓએ બે ચાર વાતોમાં જ તેમનો માલ વહેંચી નાખ્યો. જ્યાં સુધી ઔલાદ માટે બેસહારા અને મોહતાજ થવાની ફિકરનો સવાલ છે તો તેનો ઈલાજ આ પ્રકારની વિચાર શક્તિથી કરે કે પોતે પણ અલ્લાહ પર ભરોસો કરે અને ઔલાદને પણ તેની શિખામણ આપે કે જે પૈદા કરનાર રઝ્ઝાકે આપણને પેદા કર્યા છે તે રોજી પણ આપશે અને જો તકદીરમાં મોહતાજી અને મુફલીસી જ લખેલી છે તો તેની બુખાલત અને ફિકર ઔલાદને માલદાર નહીં બનાવી શકે. અને આ તો ઘણીવાર જોવામાં આવે છે કે અમુક લોકોએ વારસામાં કાંઈ પણ ન મેળવ્યું પણ જોત જોતામાં તે ઘણા મોટા માલદાર બની ગયા. એથી વિરૂધ્ધ એવું પણ જોવામાં આવ્યું છે કે અમુક લોકોએ વારસામાં ઘણીયે માલ મિલકત મેળવી પણ બેવકૂફી અને ફુઝૂલ ખર્ચીના કારણે તેઓ મુફલિસ અને કંગાળ થઈ ગયા. સારાંશમાં એ કે જો ઔલાદ ગુનેહગાર અને નાફર્માન હોઈ તો તેમનું કંગાળ હોવું સારું છે જેથી માલો દૌલત તેમને વધુ ગુનાહોમાં ન નાખી દે.

વધુ એ કે બખીલે એ વિચારવું જોઈએ કે કંજૂસીનો શું ફાયદો ?! જે દોઝખમાં પહોંચાડી દે અને તેની ઈબાદત આખિરતમાં તેના કોઈ કામ ન આવે. અને પોતે જ પોતાની જાતને સવાલ કરે કે શું માલો દૌલતનો આ જ ફાયદો કે અલ્લાહની નારાજગીનું કારણ બની મને જહન્નમમાં પહોંચાડે ?! પછી વિચારે કે દુનિયામાં કંજૂસ માટે કેટલી મોટી બેઈજ્જતી અને રુસ્વાઈ છે કે લોકો તેઓને નફરત તથા તુચ્છ નજરે જુએ છે બલ્કે તેઓને ઈન્સાનિયતના દુશ્મન ગણે છે. પછી પોતાને એ રૂપમાં જુએ કે હું પણ કંજૂસ થાશ તો મારી સાથે પણ આ જ પ્રકારનું વર્તન થશે, આ જ રીતે લોકો નફરત કરશે તથા લોકો મને પણ બેહયા અને કમીનો જાણશે તથા સમજશે.

આ (ઉપરોક્ત) કામો પર ગૌરો ફિક્ર પછી જો કંજૂસીના કીટાણુઓ ના'બૂદ થઈ જાય અને દિલમાં માલને ખર્ચ કરવા તથા સખાવત કરવાનો જઝબો પેદા થવા લાગે તો તુરત જ અમલ કરવા લાગી જવું જોઈએ અને માલ ખર્ચ કરવાની શરૂઆત કરી દેવી જોઈએ.

# સાચા પીરની પરખ કરાવતો આઈનો !!

અઝ : હઝરત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી
*(ખતીબો ઈમામ મસ્જિદે રઝા, બાલાકલાવા, બ્લેકબર્ન, યુ.કે.)*
**અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

## ★ વિચારવાની વાત........ ★
### (અનુવાદકની કલમે)

પ્રસ્તુત લેખમાં તમામ તે પીરોની હકીકત રજુ કરવામાં આવી છે **જેઓ દીની ઈલ્મવાળા હોય** કે **દીની ઈલ્મ વગરના અજ્ઞાન હોય** પણ શરીઅતની વિરૂધ્ધ કામો જાહેરમાં કરતા હોય છે અને ખાનદાની શોહરત તથા અવનવી ટ્રિકો વડે પબ્લિકનું આકર્ષણ જમાવીને બેઠા છે.

અજબની વાત છે કે **કુર્આન, હદીષ તથા આગલા સાચા પીરો, બુઝુર્ગાને દીન તથા મહાન આલિમોની દષ્ટિએ જેઓ પીર થવાને લાયક નથી છતાં ઈલાકાના ઈલાકા તેમના કબજા હેઠળ છે !** અને શરીઅત વિરૂધ્ધ વર્તતા આવા પીરો વિશે જાણવા છતાં પણ પબ્લિકમાંથી કે આલિમોમાંથી (અમુક સિવાય)કોઈ કાંઈ કહેવા તૈયાર નથી ! ઈલ્લા માશાઅલ્લાહ ! બલ્કે દુનિયાવી લાભ ખાતર તેવા પીરોની ખુશામદમાં લાગેલા જોવા મળે છે. લોકોને રાજી રાખવા ખાતર હક્ક વાત નથી કહેતા ! હકીકતમાં ખિદમતે દીન તો એ જ છે કે હક્ક વાતનું એલાન કેવળ ખુદાનો ખૌફ રાખીને કરવામાં આવે જેથી પબ્લિક ખોટા ભરમોમાં રહી ગુમરાહ થતાં બચે.

વર્તમાનકાળમાં અમીર ખુશરૂ જેવા મુરીદ બનવા તાકીદ થાય છે પણ હઝરત નિઝામુદ્દીન ઔલિયા જેવા પીર ક્યાં છે ? બેશક ! યકીનન ! સાચા પીરની તા'ઝીમ લા'ઝમી તથા જરૂરી છે, પણ આજકાલ પીરનો મકામ શું છે ? તથા પીરની કેવી અદબ કરવી ? વગેરે દર્શાવતી સૂફિયાણી વાતો ખૂબ લખાય તથા છપાય છે પણ **શરીઅતની રૂએ પીર કોને કહેવાય ? તેની શું શરતો છે ? તે ફાડી તોડીને (અમુક સિવાય) કોઈ ભાગ્યે જ લખે છે. ઈલ્લા માશાઅલ્લાહ !** વળી આજે ઘણા લોકો પોતાના પીરની તથા પોતે મુરીદ થયા તે જ સિલસિલાની તારીફ કરવામાં ખૂબ જ અતિશયોક્તિ કરી નાખતા હોય છે. અને અમુકનો તો કેવળ એ જ જોબ બની ગયો છે અને કેવળ એને જ ખિદમતે દીન સમજી લીધી કે વાત વાતમાં પોતાના પીરની ખરી ખોટી તારીફ કર્યા કરવી અને અન્યોની વિરૂધ્ધ ખોટો પ્રચાર કરવો ! જ્યારે કે દરેક સિલસિલા તથા **બાશરઅ પીર**ની તા'ઝીમ જરૂરી છે.

બહુ સારી વાત છે, **જેને શરીઅતનો ચુસ્ત પાબંદ તથા અન્ય "પીર થવા માટેની શરતો ધરાવનાર" પીર મળે તો ખુશ થાય, ખુશ રહે અને તેની ચર્ચા કરતો રહે.** પણ અમુક તો બસ અંધશ્રધ્ધામાં રહીને પીર થવાની શરતો જેનામાં પૂરી નથી થતી છતાં બસ હઠધર્મીની જેમ એક જુનૂન (દીવાનાપન) લઈને ફરે છે અને **શરીઅતના હુકમો મુજબ જે પીર થવાને પણ લાયક નથી તેને "વલી" અને ન જાણે શું શું લકબો આપી દે છે અને તેની કાંઈ કેટલીયે કરામતો પણ વહેતી થઈ જાય છે !**

આશ્ચર્યની વાત તો એ છે કે **આગલા મહાન**

**વલીઓએ વલી કોને કહેવાય તે સમજાવ્યું તેમના કથનાનુસાર જે વલી હરગિઝ નથી, છતાં પોતે પોતાના માની લીધેલા પીરને મહાન કામિલ વલી જ ગણે છે !**

અને અફસોસની વાત એ છે કે **જો કોઈ પ્રેમપૂર્વક પણ એવા માણસને "કુર્આન" તથા "હદીષ"ની રૂએ "ઉલ્માના અકવાલ" (બુઝુર્ગો તથા આલિમોના કથનો) થકી જણાવે છે કે તમે જેને પીર ગણો છો તે પીર નથી થઈ શક્તો વલી તો દૂરની વાત છે, તે ઈમામતને લાયક પણ નથી ! આ રહી પીર થવા માટેની શરતો એને વાંચો અને સચ્ચાઈને સ્વીકારો !** તો સત્ય સ્વીકારવાને બદલે તે વ્યક્તિનો દુશ્મન બની જશે ! આ કેવા આશિકે રસૂલ કે રસૂલની શરીઅત સ્વીકારવી નથી ગમતી ! અને ગલત પીરની પાછળ દીવાના બની દોડવું છે !

એથી અધિક અફસોસ તથા આશ્ચર્ય તો ત્યારે થાય છે **જયારે પોતાને આલિમ-મોલ્વી કહેવડાવનારા અમુક લોકો પણ શરીઅત વિરૂધ્ધ વર્તતા પીરોને મહાન હસ્તી અને વલી કહે છે અને રોજ બરોજ લકબો ઉમેરતા જાય છે !** અને અજ્ઞાન પબ્લિકને ગેરમાર્ગે દોરે છે.

હે લોકો ! **આપણે કુર્આન, હદીષ પર ઈમાન રાખનારા છીએ અને ઉલમા તથા ઔલિયાના કથનોને જીવ જાનથી માનનારા છીએ, પછી દેખતી આંખે શા માટે ગુમરાહીમાં પડીએ ?!** અને જો આપણે કુર્આન, હદીષ તથા ઉલમાથી મોઢું ફેરવી કોઈ વ્યક્તિની અકીદતમાં આંધળા બનીએ તો પછી એને વ્યક્તિ પૂજા જેમ નહીં કહેવાય ?! અને શરીઅતની વાતોથી મોઢું ફેરવવાનો અંજામ ગુમરાહીની ઊંડી અંધારી ખાઈ સિવાય કાંઈ જ નથી. આવા નાઝુક સમયે સાચા પીરને પારખવા માટે ક્લીન આઈનાની જરૂર હતી જે અત્રે **ફાઝિલે નવજવાન જનાબ મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી** સાહબે રજુ કરી આપ્યો છે, દરેક ઈમાનદારીથી પોતાના પીરને એમાં જોઈ લે, પારખી લે, તપાસી લે અને હક્કને સ્વીકારી ગુમરાહીથી બચે એ જ વિનંતિ છે. *(-અનુવાદક)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બયઅતનો સિલસિલો એટલે કે પીરી મુરીદી એ મુસલમાનોની હાલતોની સુધારણા, નફ્સની પાકી, દિલની આંત્રિક સફાઈ અને ખુદા عزوجل સુધી પહોંચવાનો એક શ્રેષ્ઠ ઝરીયો તથા વાસ્તો છે. તેની જરૂરત તથા મહત્વનો ઈન્કાર નથી થઈ શક્તો. પરંતું કોઈ મર્દના હાથમાં હાથ આપતાં પહેલાં એ બાબતને લક્ષમાં રાખવામાં આવે કે **આ રંગબેરંગી દુનિયામાં એવા અસંખ્ય લોકોથી વાસ્તો પડશે જેઓ જાહેરમાં તો દરવેશ સૂરત જોવા મળશે પરંતુ હકીકતમાં દરવેશના લિબાસમાં ધોકાબાઝ હશે અને રાહબરોના સ્વાંગમાં લૂંટારા મળશે.** તમારે એવા જૂઠા સૂફીઓ સાથે પણ વાસ્તો પડશે જેઓ મસ્નદે ઈર્શાદ (પીરની ગાદી)ની શોભા તો હશે પરંતુ તેમનો દામન ઈલ્મ તથા અમલથી તદ્દન ખાલી હશે. જો થોડો ઈલ્મ હશે તો તકવાથી દૂર જોવા મળશે, ઈલ્લા માશાઅલ્લાહ ! એ વાત ધ્યાનમાં રાખશો કે પીરો જેવો દેખાવ તથા ભપકો ઉભો કરીને કોઈ પીરે તરીકત નથી બની શક્તું !

અમુક પોતાની ચાલાકીઓ અને વાકછટા વડે લોકોને પ્રભાવિત કરીને પોતાની દુકાનદારી ચમકાવે છે અને **ઘણા ભોળાભાળા લોકો તેમની પ્રપંચજાળમાં સપડાય જાય છે અને તેમને એહસાસ સુધ્ધાં નથી થતો કે તે એક પ્રપંચી ધોકાબાઝની જાળમાં ફસાઈ ચૂકેલ છે !** એમાંના અમુક સમજદાર મુરીદોને જ્યારે એ એહસાસ થાય છે કે તે એક નફસ પરસ્ત દુનિયાદારની પ્રપંચજાળમાં ફસાઈ ચૂકેલ છે તો તેઓ અફસોસ સાથે કહે છે કે :-

**ચમન કે રંગો બૂને ઈસ કદર ધોકે દિયે મુઝકો**
**કે મૈંને ઝૌકે ગુલબોસીમેં કાંટોં પર ઝબાં રખ દી**

અમુક ગાદીનશીન તમને એવા પણ મળશે

જે જાતે પોતે **ઈલ્મે તરીકત તો દૂરની વાત છે શરીઅતના ઈલ્મથી પણ જાહિલ હોય છે !** અલ્બત્ત ! તેમની ખુશનસીબી કહી લો કે તેમણે એવા ખાનદાનમાં અને ઘરનામાં જન્મ લીધો કે જેમના બાપદાદામાં કોઈ અલ્લાહનો વલી જરૂર થઈ ગયો હોય છે જેની ગાદી તેમને વારસામાં હાથ લાગી ગઈ ! અને આ જનાબ કુર્આન તથા હદીષ અને દીનના ઈલ્મોથી કોરા હોવા છતાં **"સજ્જાદાનશીન"** અને **"પીરે તરીકત"** બની બેસે છે. **જેમ કે આજકાલ રિવાજ ચાલે છે કે "પીરનો બેટો પીર !" ચાહે પીર થવાની શરતોવાળો હોય કે ન હોય !**

*મીરાષમેં આઈ હૈ ઉન્હેં મસ્નદે ઈર્શાદ*
*ઝાગોં કે તસર્રુફમેં એકાબોં કે નશેમન*

કેમ કે એ જનાબ ખૂદ જ તરીકતથી જાહિલ છે તો અન્યોની રહનુમાઈ કઈ રીતે કરી શકે છે ?! એવા જ લોકો માટે કોઈકે શું સરસ કહ્યું છે ! :–

*તુમ્હેં આબાસે અપને ક્યા નિસ્બત ?*
*તુમ સરાપા ગુફતાર, વો સરાપા કિરદાર !*

[**અર્થ** : તમારે તમારા બાપદાદા સાથે શું સંબંધ ? તેઓ કિરદારના ધણી હતા અને તમે વાતોનાં વડાં કરનારા છો !]

કેટલાક આમિલ પ્રકારના (તાવીઝ–દોરા કરનારા) લોકોએ પોતાના અમલિયાતના જોર પર પીરી મુરીદીનો ધંધો ચમકાવી રાખ્યો હોય છે, આ બેપર્દા ઔરતોનાં ટોળાં લઈ બેસનારાઓને ઝોહદ તથા તકવાથી દૂરનોય સંબંધ નથી હોતો. ભોળાભાળા લોકો અને સ્ત્રીઓ તેમના તાવીઝ દોરાના કારણે અકીદત રાખીને તેમનાં મુરીદ થઈ જાય છે.

એ જ પ્રમાણે એવા લોકો પણ મળશે જેમણે દુરવેશીનો કેવળ પોશાક ઓઢી રાખ્યો હોય છે, તેઓ જભ્ભા તથા પાઘડીમાં સજ્જ બુઝુર્ગોની જેમ રૂપ ધારણ કરીને ખરેખર બુઝુર્ગ લાગે છે અને મઅરેફતના હવાલાથી સૂફિયાણી વાતો પણ કરે છે પરંતુ કિરદાર તથા અમલના ધણી નથી હોતા, કેવળ લોકો પર પ્રભાવ પાડી દુકાનદારી ચમકાવી રાખી હોય છે. લોકો એમની યુક્તિઓથી પ્રભાવિત થઈને તેમના દામનથી વાબસ્તા (મુરીદ) થઈ જાય છે, જ્યારે કે તેઓ સુન્નતને ત્યજનારા અને શરીઅતના હુકમોથી મુખ ફેરવનારા હોય છે. નમાઝ સાથે તેમને દૂરનોય સંબંધ નથી હોતો અને મસ્જિદ ભણી મોઢું કરવાથી પણ નાસે છે ! પરંતુ આંધળી અકીદત તથા જેહાલત તથા અજ્ઞાનતાના કારણે લોકો પથ્થર અને હીરામાં તફાવત નથી કરી શક્તા અને અન્ય લોકોની દેખાદેખી કેવળ ભીડ તથા શોરના કારણે આવા દુન્યાપરસ્ત તથા નફ્સ પરસ્ત પીરોના ચુંગાલમાં ફસાઈ જાય છે. આ પીરોને કુર્આન તથા હદીષની કસોટી પર નથી પારખતા અને તેમના હાથોમાં હાથ આપી દે છે. **હઝરત મૌલાના રૂમ સાહબ** رحمۃ اللہ علیہ દુન્યા પરસ્ત પીરોથી બચવાની તા'લીમ આપતાં ઈર્શાદ ફર્માવે છે :–

*અય બસા ઈબ્લીસ આદમ રૂએ હસ્ત*
*પસ બેહતર દસ્તે ન બાયદ દાદ દસ્ત*

[**અર્થ** : ઘણા શૈતાનો માનવરૂપમાં જોવા મળે છે જેથી દરેક એવા માણસના હાથમાં હાથ ન આપી દેવો જોઈએ.]

આ બધું જોઈને જ કોઈક શાયરે સરસ કહ્યું છે કે :

*પળી હૈ સબ ઉઝળી હૂઈ ખાનકાહેં*
*વો દરવેશો સુલ્તાં કી ઉમ્મીદગાહેં*
*જહાં ઈલ્મે બાતિન કી ખુલતી થી રાહેં*
*ફરિશ્તોં કી પળતી થી જિન પર નિગાહેં*
*વો જઝ્બે ઈલાહી કે ફંદે કહાં હૈં*
*વો અલ્લાહ કે પાક બંદે કહાં હૈં*

પ્યારા વાંચકો ! ઉપરોક્ત વર્ણનથી એ બાબત સ્પષ્ટ થઈ ગઈ કે પીરી મુરીદી એક સારી ચીજ છે, કોઈપણ સહીહુલ અકીદા મુસલમાન પીરી મુરીદીનો ઈન્કાર નથી કરી શક્તો. **પણ આ દૌરની ખૂબ જ દુઃખદાયક વાત છે કે દરેક અચરો**

**ગયરો પીરે તરીકત તથા શયખે તરીકત થવાનો દા'વેદાર છે ! જ્યારે કે પીર અને શયખે તરીકત થવા માટે કેટલીક શરતોની પાબંદી અનિવાર્ય છે, એ શરતોની પાબંદી સિવાય કોઈ પણ હોય પીર થવાને લાયક નથી ભલે તે ગમે તેટલો ઈલ્મવાળો તથા મોટા બુઝુર્ગના ખાનદાનથી સંબંધ ધરાવતો હોય !** જે રીતે ઈમામતના ક્ષેત્રમાં વારસાપણુ નથી ચાલતુ કે ઈમામ બનવા માટે કેટલીક શરતો છે, ઈમામનો પુત્ર તે શરતોના વિના ઈમામ નથી બની શક્તો, એ જ પ્રમાણે તરીકતમાં વારસાપણુ નથી ચાલી શક્તું ! કેમ કે **એમાં પણ અમુક શરતો છે જેના વિના પીરનો સગો પુત્ર પણ પીર નથી બની શક્તો.** એટલા માટે અમે વિચાર્યુ કે સામાન્ય મુસલમાનોના લાભ માટે પીર થવા માટેની શરતોનું મોઅતબર (વિ□સનીય) કિતાબોના હવાલાથી વર્ણન કરી દેવામાં આવે અને સાથોસાથ પબ્લિકના ફાયદા માટે એ પણ દર્શાવી દેવામાં આવે કે શું ખાસ ખુદાના બંદાથી દા.ત. ઝૈદથી મુરીદ થવું જરૂરી છે કે નહીં ? જો જરૂરી નથી તો પછી સૂફી હઝરાતના આ કથનનો શો મતલબ છે કે, 'જેનો કોઈ પીર નથી તેનો પીર શૈતાન છે !" હવે પ્રથમ નીચેના લખાણને ધ્યાનપૂર્વક વાંચો :–

હનફી ફિકહની મશ્હૂર કિતાબ બહારે શરીઅત, ભાગ–૧, પેજ–૭૯ ઉપર પીરી મુરીદીની શરતો ગણાવતાં અલ્લામા સદરુશ્શરીઅહ્ બદરુત્તરીકહ્ અમજદઅલી આ'ઝમી قدس سرہ લખે છે :–

"પીરી મુરીદી માટે **ચાર શરતો** છે, મુરીદ થતાં પહેલાં તેનો લેહાઝ રાખવો **ફર્ઝ** છે.

**પ્રથમ શરત : પીર સુન્ની સહીહુલ્ અકીદા હોય.** એટલે અહલે સુન્નત વ જમાઅતના મુજબના અકીદા ધરાવતો હોય જે અકીદા સહાબા, તાબઈ, તબે તાબઈ તથા ઔલિયાએ કિરામથી ચાલ્યા આવે છે, જેને આજકાલ **સુન્ની બરેલ્વી** તરીકે ઓળખાય છે તથા **મસ્લકે આ'લા હઝરત** તરીકે જે ઓળખાય છે. આ દૌરમાં અકીદા બાબતે બરેલ્વીની મોહર જ સાચા સુન્નીની પેહચાન છે.

આજકાલ કેટલાક પીરો "પીરનો બેટો પીર" ક્રમમાં પીર બની બેઠા છે અને દીની ઈલ્મથી કોરા રહી જાહિલ સૂફી બની બેઠા છે, જેઓ **"કોઈને બુરો ન કહો !"** સૂત્ર અપનાવીને **શીઆ, વહાબી, દેવબંદી** સૌના વહાલા બને છે, તેમને કાફિર કહેતા નથી અને સુલેહકુલ્લી પીર બની બેઠા છે તેમજ ગૈર કૌમો સમક્ષ વહાલા થવા માટે એકતાના નામ પર "અલ્લાહ અને ભગવાન તેમજ રામ તથા રહીમ એક છે" એવું કુફ્રી કલામ બોલે છે **શરીઅતનો કાનૂન** છે કે જેણે એવું કહ્યું **તે કાફિર છે,** તો આવું બોલનાર પીર ક્યાંથી રહેવાનો !

એટલા માટે પીર બનાવતાં પહેલાં ઊંચુ ખાનદાન વગેરે પછી જો જો પ્રથમ અકીદાના બારામાં પીરના શા હાલ છે તેને જુઓ ! પાછળથી પણ ખબર પડે કે પીર લેભાગુ સુલેહકુલ્લી છે તો તેનાથી તરત જ દૂર થઈ જાવ ! નહીં તો એ તો જહન્નમમાં જશે અને તમને પણ લઈ જશે. **શરીઅતના કાનૂનોથી કોઈ અપવાદ નથી** માટે સાવધાન બનો !

**બીજી શરત : (આલિમ હોય)** એટલે કે એટલો ઈલ્મ ધરાવતો હોય કે પોતાની જરૂરતના મસાઈલ કિતાબોમાંથી કાઢી શકે. **અમે તો કેટલાક એવા પીર પણ જોયા કે નમાઝમાં સિજદો કરવાનો સહીહ તરીકો નથી જાણતા ! બીજા ઈલ્મની વાત જ શું થાય !** અને આવા પીરના ખલીફા કેવા હોય ?! અને પછી આવો ક્રમ ચાલતાં ચાલતાં આગળ જતાં આવા પીરો જહાલતના કેવા ઊંડા ખાડામાં પડે ! તે સમજી શકાય છે. અને એવાં દષ્ટાંતો આજે પણ ખૂબ જોવા મળે છે કે જેમના સિલસિલામાં દૂર સુધી ન કોઈ આલિમ જોવા મળે છે ન આલિમથી મહોબ્બત રાખનાર જોવા મળે છે. બલ્કે આલિમોથી મોલ્વીઓથી દૂર રહેવાની સૂચના

મુરીદોને તા'કીદે અપાય છે! (કેમ કે મોલ્વી શરીઅતની રોશની નાખશે તો પીરની પોલી ખુલી જશે!) ટૂંકમાં કે શરીઅતના ઈલ્મવાળો પીર હોવું અનિવાર્ય શરત છે, જાહિલ કદી પીર થઈ શક્તો જ નથી.

**ત્રીજી શરત : ફાસિકે મુઅલિન (ઉઘાડે છોગે, સૌનાં દેખતાં ગુનાહો કરનાર) ન હોય :-**

ઉઘાડા છોગે ગુનાહ કરનાર **ફાસિક** છે અને **ફાસિક નમાઝમાં "ઈમામ" નથી બની શક્તો પીર તો શું બની શકે !** હવે ઉઘાડે છોગે ગુનાહ કયા કયા કહેવાશે? તેને પણ જોઈ લો :–

★ દાઢી મૂંડાવનાર કે એક મુટ્ઠીથી કમ કતરાવનાર ફાસિક છે.

★ બેપર્દા નામહરમ ઔરતોને સામે બેસાડવાનો આદી ફાસિક છે.

★ નામહરમ સ્ત્રીઓ સાથે મુસાફો કરનાર, તેમને હાથ ચૂમાડનાર, શરીર પર હાથ ફેરવનાર, યુવાન નામેહરમ સ્ત્રીઓ પાસે હાથ પગ દબાવનાર ફાસિક છે.

★ નમાઝોને છોડનાર, ટી.વી. પર ફિલ્મો અથવા સીરીયલો, વિવિધ ચેનલોના પ્રોગ્રામો જોવાનો આદી કે જેમાં મોટાભાગે દરેક પ્રોગ્રામમાં નામહરમ સ્ત્રીઓ આવે છે તેને જોનાર ફાસિક છે.

★ **જાહેરમાં ફટાફટ ફોટાઓ પડાવનાર ફાસિક છે.** ફોટા પડાવવાની તો જાણે હવે નવાઈ જ નથી રહી ! આજે તો સ્ટેજો પર કે ઉદ્‌ઘાટનોમાં ધડાધડ અમુક પીરો ફોટા પડાવે છે વળી પેપરોમાં પણ ફોટા છપાય છે તથા લોકીટમાં કે ફ્રેમિંગ કરી તેને ઘરોમાં લટકાવાય છે ! પીરોના ફોટા વેચાય અથવા વહેંચાય છે !

★ જૂઠ બોલનાર તથા અન્ય શરીઅત વિરૂધ્ધ કામો કરનાર ફાસિક છે.

**નોંધ** : કેટલાક સ્ત્રી મુરીદાને **રૂહાની બેટી** કહીને **પર્દો ન કરે તો ચાલે !** એમ સમજાવે છે. તો તેમણે વિચારવું જોઈએ કે **ઉમ્મતની રૂહાની માંઓ** એટલે **રસૂલે પાકની પાક બીવીઓને** તેમજ **બેટીઓને તો નામહરમોથી પર્દાનો હુકમ હતો અને આજકાલના પીરોને ક્યાંથી છૂટ મળી ગઈ ?!** ત્યારથી આજ સુધી પર્દો થતો રહ્યો અને હવે છૂટ ક્યાંથી ઉતરી આવી ?!

**ચેતવણી** : હવે દરેક મુરીદ જો તે શરીઅતનો એટલે **અલ્લાહ તથા રસૂલના હુકમોને માનનારો હોય** તો ઉપરોક્ત બાબતો પરથી **પોતાના પીરની ઈમાનદારીપૂર્વક ચકાસણી કરી લે કે** તેનો પીર તો આમાંનું કોઈ કામ, શરીઅત વિરૂધ્ધનું કોઈ કાર્ય નથી કરતો ને! **જો એવું હોય તો કશાય ભરમમાં રહ્યા વિના સાચા પીરની તલાશમાં લાગી જાય અને શરીઅત વિરૂધ્ધ વર્તતા પીરથી દૂર થઈ જાય !** એમાં જ બંને જહાનની ભલાઈ છે.

**ચોથી શરત : એનો સિલસિલો (એના પીર તેમના પીર એ ક્રમ) હુઝૂર ﷺ સુધી જોડાયેલ હોય :-**

એટલે કે પીરના ઉપલા શજરામાં કોઈ પીર આગલી ત્રણેવ શરતોમાંથી એક પણ શરત તોડનાર ન હોય, નહીં તો ક્રમ કપાઈ જશે અને હુઝૂરે અન્વર ﷺ સુધી સિલસિલો પહોંચશે નહીં.

**ચેતવણી** : જાહિલો તો જાહિલો છે આજકાલ તો કેટલાક ઈલ્મવાળા કહેવાતા દુનિયાના તલબગાર અમુક મોલ્વીઓ તથા ભરમની દુનિયામાં રાચનારાઓ દેખતી આંખે ફાસિક પીરના મુરીદ જોવા મળે છે, **બલ્કે પીરનાં એ કામો હરામ છે તથા એવું કરનાર ફાસિક છે એવું કબૂલીને હઠધર્મીના જોશભેર ગુમરાહીમાં વહીને તેવા પીરને ત્યજવા તૈયાર નથી ! બલ્કે હક્ક વાત દર્શાવનારના દુશ્મન બની જાય છે !** એવા લોકો કયા મોઢે પોતાને મોલ્વી કહેવડાવે છે ! (અલ્લાહની પનાહ !) *(ક્રમશઃ)*

# ઈસ્લામને ત્રાસવાદ સાથે સાંકળવામાં મીડિયાની કાવત્રાબાજી

**લેખક** : ખુશ્તર નૂરાની (અલીગ) તંત્રી : જામે નૂર–દિલ્હી
**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

**૧.** ઈ.સ. ૧૯૬૩ માં યહૂદી ખયાલો તથા તેઓના ફાયદાઓ વિરૂધ્ધ ચળવળ ચલાવનાર અમેરિકી સદર (રાષ્ટ્રપતિ) જોન ઓફ કેનેડીને યહૂદીઓએ કતલ કરાવ્યા પણ જ્યારે અમેરિકાના અમુક નિષ્પક્ષ અધિકારીઓ પોતાના સંશોધન વડે આ ખતરનાક કાવત્રાના મૂળ સુધી પહોંચી જવામાં કામયાબી મેળવી તો યહૂદી મીડિયાએ આખી દુનિયાનું ધ્યાન અસલ હત્યારા તરફથી હટાવી એક અરબ યુવક બશારા સરહાનના માથે હત્યાનો આરોપ લગાડી દીધો અને આખી દુનિયાને તેના તરફ ધ્યાનિત કરી દીધી. આ આરોપના કારણે ઈસ્લામને નિશાનો બનાવવામાં આવ્યો અને તેને ખૂબ જ મશ્હૂર કરવામાં આવ્યો. પરિણામે બશારા સરહાન અને તેના ધર્મ ઈસ્લામ વિરૂધ્ધ યૂરોપી દેશોમાં બલ્કે આખા વિ□માં નફરતની લહેર દોડી ગઈ. આજે પણ બશારા પાછલા ૩ર વર્ષોથી સળીયાઓ પાછળ પોતાના ન કરેલ ગુનાહની સજા ભોગવી રહ્યો છે અને મૌતની વાટ જોઈ રહ્યો છે.

**૨.** ઈ.સ. ૧૯૮૭ એ દક્ષિણ કોરિયાના વિમાનને ધમાકાથી ઉડાડી દેવામાં આવ્યું. હજુ તેની તેહકીક તથા સંશોધન થઈ જ રહ્યું હતું એવામાં યૂરોપી સમાચાર સાધનોએ નવી વાત બહાર કાઢી કે ધમાકા પહેલાં વિમાન બગદાદ તથા બેહરીનમાં ઉતર્યું હતું આથી સ્પષ્ટ રીતે સાબિત થાય છે કે આમાં કોઈ અરબનો જ હાથ છે ! આ અફવાને દરેક ક્ષેત્રે ખૂબ જ આયોજનપૂર્વક ખબરો, રિવ્યૂઓ (સમીક્ષાઓ) અને ઈન્ટરવ્યુઓ વડે ફેલાવવામાં આવી. ઈસ્લામી સિદ્ધાંતો, તરીકાઓ અને તા'લીમ તથા કાયદા કાનૂનો વિરૂધ્ધ એક તોફાન ઉભું થઈ ગયું, પણ એક જ વરસ પછી સંશોધનના પરિણામે એ વાત સામે આવી કે તેમાં દક્ષિણ કોરિયાની જ એક સ્ત્રીનો હાથ હતો. આ બધું થવા છતાં મુસલમાનોથી તેમના ઈસ્લામ વિરૂધ્ધ થયેલ હંગામાના કારણે કોઈ જ માફીની જરૂરત મેહસૂસ ન કરવામાં આવી ! કારણ કે તેઓને આવી અફવાઓ વડે પોતાનાં કાવત્રાંઓને પૂરાં કરવાં હતાં અને એમાં તેઓ કામયાબ થઈ ગયા.

**૩.** જૂન ઈ.સ. ૧૯૮૩ માં અમેરિકાના Detriot ઈલાકામાં Detriot અમેરિકી કસ્ટમ તથા હવાઈ કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ દરમિયાન યૂરોપી સામાન વિશે એક મિટિંગ યોજાઈ જેમાં એક સિનિયર અધિકારીએ કહ્યું કે ૮૦ થી ૮૫ ટકા અરબ જવાનો આ ઈલાકામાં રહે છે તે આતંકવાદી છે અને જેઓ આતંકવાદી નથી તેઓ આતંકવાદીઓના મદદગાર છે. આ ગંભીર આરોપ એક ૨૯ વર્ષના કેનેડામાં રહેવાવાળા અરબ યુવકને હેરોઈન સ્મગ્લિંગ કરવાની કોશિશમાં લગાડવામાં આવ્યો, જ્યારે કે હેરોઈનની સ્મગ્લિંગને આતંકવાદની

સાથે કોઈ જ સંબંધ નથી. ત્યાર પછી શું થયું એ ખૂદ અમેરિકી રાજકરણના મશ્હૂર રાઝદાર પોલ ફન્ડલે પોતાની કિતાબ "They dare to speak out"માં કહે છે :– "ત્યાર પછી જ એક સ્થાનિક દૈનિકે વંશિક રાગ આલાપવાનું શરૂ કરી દીધું કે યમન અરબ રિપબ્લિક (નોર્થ યમન)ના એક ફોજી અફસરને અમેરિકાથી ગનો (ટોપો) બહાર સ્મગ્લિંગ કરવાના આરોપમાં ગિરફતાર કરવામાં આવ્યો. તેના એક મહીના પછી Monthly Detriotમાં એક કહાની લખવામાં આવી How the Arab to Detriot The Mid-East connection. પણ એમાં એક પણ દાખલો ન હતો કે કોઈ અમેરિકન અરબને ક્યારેક ગન અને ડ્રગ સ્મગ્લિંગમાં પકડવામાં આવ્યો હોય ! પણ આ સ્ટોરીથી લગભગ બે લાખ પચાસ હજાર (૨,૫૦,૦૦૦) અમેરિકન આરબોને કાનૂન તોડનાર તથા આતંકવાદી ગૃપના રૂપમાં પેશ કરવામાં આવ્યા !

## ★ ૧૧ સપ્ટેમ્બરનો હુમલો અને દુનિયાની કૌમો દરમ્યાન ઈસ્લામ વિરૂધ્ધ બ્રેઈન વોશિંગ ★

વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર ૧૧ સપ્ટેમ્બર–૨૦૦૧ ના હુમલાએ પૂરી ઈન્સાનિયતને ઝંઝોળીને રાખી દીધી હતી. હજુ દુનિયા આ દર્દનાક તથા માણસાઈ વિરૂધ્ધના પ્રસંગના ગમમાં ડૂબેલી જ હતી અને તેના કાટમાળમાંથી લાશો પણ સંપૂર્ણપણે નીકળી ન હતી તેવામાં એમેરિકી યહૂદીઓએ પોતાના કાવત્રા મુજબ આ બધા કૃત્યોનો આરોપ સીધી રીતે અરબ મુસલમાનો પર રાખી દીધો. એશિયાઈ અને ફ્રાન્સિસી નિષ્ણાતોને આશ્ચર્ય પણ થયું કે જે દેશની સિક્રેટ સર્વિસને બીજા દેશોમાં થતા ફસાદ અને લડાઈઓની જાણ થઈ જાય છે અને પોતાના દેશમાં બેઠાં બેઠાં જ તેઓ મુજરિમોની પણ જાણકારી મેળવી લે છે, પણ તેઓને અમેરિકાના ઈતિહાસમાં થનાર આ દર્દનાક બનાવ અને બનાવની કાવત્રાબાજીનો ઈલ્મ અને જાણકારી કેમ કરી ન થઈ શકી ?! અમેરિકા પોતાના દેશમાં દરેક નાનાથી નાના બનાવની તેહકીક અને સંશોધનનો હુકમ આપનાર રાષ્ટ્ર છે પણ આ દર્દનાક તથા ખતરનાક કાવત્રાની જાણકારી માટે તેહકીક તથા સંશોધનનો હુકમ કેમ ન કર્યો ?! અને તેની જરૂરત કેમ ન પડી ?! હોશમંદ ઈન્સાનો તરફથી આ પ્રકારની ડઝનબંધી અવાજો ઉઠી પરંતુ યહૂદી સમાચાર સંસ્થાઓનો એક પક્ષી નારો "હુમલાની પાછળ અરબ ઈસ્લામી આતંકવાદીઓનો હાથ છે" આ નારાએ તેઓની કમજોર સદાઓને દબાવી દીધી. પણ જ્યારે નિષ્ણાંતોની અંગત તેહકીક તથા સંશોધનનું પરિણામ પહોંચ્યું તો સાંભળવાવાળા તથા વાંચવાવાળાઓનાં દિમાગ સ્તબ્ધ થઈ ગયાં !

**૧૧ સપ્ટેમ્બરનો હુમ્લો અસલમાં અમેરિકી માધ્યમો અને યહૂદી દિમાગોનું પરિણામ** છે જેની કોશિશો ૨૨ વર્ષો પહેલાં રૂસના ઝવાલ પછી શરૂ કરી દેવામાં આવી હતી અને યહૂદીઓ તરફથી આ અફવા ઘણી જ ઈરાદાપૂર્વક ફેલાવવામાં આવી કે આવતી સદી ઈસ્લામની હશે, તેના સિધ્ધાંતો તથા ખયાલો આખા વિ□ પર છવાઈ જશે અને જો તેનો મુકાબલો થશે પણ તો તે કેવળ પશ્ચિમી કલ્ચર સાથે થશે. ઈસ્લામ વિશે અમેરિકામાં ઉચ્ચ હોદ્દો ધરાવતા યહૂદીઓનો ખૌફ અને ઈસ્લામને આતંકવાદી સાબિત કરી દુનિયાથી મિટાવવા માટે જે પ્રકારનાં મંતવ્યો તેમણે આપ્યાં છે તેનાથી તેમના ઈરાદાઓનો અંદાજો લગાડી શકાય છે :–

૧. ઈ.સ. ૧૯૯૦ની વસંતઋતુમાં અમેરિકી વિદેશનીતિના યહૂદી ગુરૂ હેન્રી કિસિન્જરે આંતરરાષ્ટ્રિય વ્યાપારની વાર્ષિક કોન્ફ્રન્સમાં હાજરજનોને સંબોધન કરતાં કહ્યું હતું કે :– "હવે હાલ એ છે કે પશ્ચિમ સામે આરબ તથા ઈસ્લામી વિ□માં જે નવો દુશ્મન છે અને જેનો

તેને સામનો છે તે ઈસ્લામ છે."

૨. કિસિન્જરે બીજું બયાન ૧૫ સપ્ટેમ્બર ઈ.સ. ૨૦૦૧ માં આ રીતે આપ્યું હતું કે :– "ઈસ્લામી આતંકવાદ તથા સખ્તી સામે કાલના બદલે આજે જ યુધ્ધની શરૂઆત કરી દેવી જોઈએ.

૩. ડિસેમ્બર ઈ.સ. ૧૯૯૩ માં એક ફ્રેંચ માસિક "લેમોન્ડ ડિપ્લોમેટ" એ એક લેખ પ્રકાશિત કર્યો જેમાં લખ્યું કે : **"ઈસ્લામ વિરૂધ્ધ યુધ્ધ માત્ર ફૌજી મેદાનમાં જ નહીં થાય પરંતુ પત્રકારત્વ તથા સાંસ્કૃતિક ક્ષેત્રે પણ થશે."**

ઈસ્લામને આતંકવાદ સાબિત કરી વિ[illegible]ની કૌમોમાં નફરત પૈદા કરવામાં યહૂદીઓએ ચાર (૪) તરીકાઓ અપનાવ્યા :–

**(૧) પિક્ચરો :–** આજે "હોલીવુડ"માં પશ્ચિમી ફિલ્મોનું એક સેન્ટર જ નહીં પરંતુ ઈસ્લામ વિરૂધ્ધ યહૂદીઓનો એક મહાન કિલ્લો સમજવામાં આવી રહ્યો છે, જયાં એક સદીથી ફિલ્મો વડે દુનિયાભરમાં મુસલમાનો વિરૂધ્ધ નફરત ફેલાવવાનો ક્રમ ચાલુ છે, જેનું બુનિયાદી બયાન એ જ રહ્યું છે કે આરબ દેશો ખતરનાક હથિયાર (Mass Distruction)ના માલિક છે, જે ઈન્સાનિયતને માટે એક મહાન ખતરો છે. પરંતુ પશ્ચિમી દેશો જે અમ્નના ઝંડાધારી છે તેઓ દુનિયાની કૌમો તરફથી દખલ અંદાઝી કરે છે અને તેના બુનિયાદી સિધ્ધાંતો માટે જાનની બાજી લગાડી દે છે. વધુમાં એ કે તેઓના નાપાક મન્સૂબાઓને નાકામ બનાવવા કોઈ પણ પ્રકારની કુર્બાની આપવા તૈયાર રહે છે. અમુક ફિલ્મોની ટૂંકી યાદી જુઓ જેમણે કામયાબીના રેકોર્ડ તોડયા અને ફિલ્મ સીટીમાં ખૂબ જ કામ્યાબ ફિલ્મો કહેવામાં આવી :–

**(1)** Delta Force **(2)** Jehad in America **(3)** Revange True Lies **(4)** Air Force

**(૨) મીડિયા (પ્રચાર માધ્યમો) :** યહૂદીઓએ પ્રચાર માધ્યમો પર કબ્જો કરી ઈસ્લામ વિરૂધ્ધ જે પ્રકારનાં કાવત્રાં ઘડયાં છે તે હું સંપૂર્ણ ખુલાસા સાથે વર્ણવી ચૂક્યો. ટૂંકમાં અહીં સમજી લેવું જોઈએ કે તેમણે વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલા માટે જે તૈયારીઓ કરી હતી તેમાં પ્રચાર માધ્યમોને પણ હથિયાર રૂપે ઉપયોગમાં લેવામાં આવ્યાં. આથી પ્રચાર માધ્યમો પર કબ્જો કરી ઈસ્લામ અને મુસલમાનો વિરૂધ્ધ લોકોનાં દિમાગો ફેરવવાં, ખુરશી તથા ખ્યાતિના ભૂખ્યા અમુક મુસ્લિમ હાકેમોની શકલમાં પોતાના એજન્ટોને તેમની પશ્ચિમ દુશ્મનીનો પ્રોપેગન્ડો કરી તેઓને મુસલમાનોના હીરો બનાવવા પછી તેમને ઈસ્લામી જગતમાં પોતાના હીરો બનાવ્યા પછી તેઓ થકી ઈસ્લામી જગતમાં પોતાનાં કાવત્રાંઓ મુજબ કામ લેવું, જેમ કે :–

૧. તુર્કી હાકેમ મુસ્તફા કમાલ પાશાને ગાઝી બનાવી ખિલાફતના જબ્બાને ફડાવવું.

૨. જમાલ અબ્દુન્નાસરને અમેરિકી દુશ્મન બતાવી હજારો મિસ્રી લોકોને તેના હાથે કતલ કરાવવા.

૩. સદ્દામ હુસૈનને પહેલા અખાતી યુધ્ધમાં અમેરિકી દુશ્મન બતાવી ઈરાકના મઝલૂમોનું નાહક લોહી વહાવવું. પશ્ચિમી રંગમાં રંગાયેલા કુવૈતને યુદ્ધના બહાને એટમી તાકાત પહોંચાડવી.

૪. બીજી અખાતી જંગમાં સદ્દામ હુસૈનને પકડવાના બહાને ઈરાકને તબાહો બર્બાદ કરી ઈસ્રાઈલી રાષ્ટ્રને મજબૂતી આપવી.

૫. કર્નલ મુઅમ્મર ગદાફીને પશ્ચિમી ખાસને કરી અમેરિકનોના દુશ્મન રૂપે જાહેર કરી ઈસ્લામી જગતમાં તેને મહાન તાકાતવાળો બતાવવો પછી પોતાના ઈશારે ત્યાંના લોકોને પશ્ચિમી રહેણી કરણીમાં જકડી લેવા.

૬. ખતરનાક આતંકવાદીના નામે ઓસામા બિન લાદેનનું નામ જાહેર કરવું. આ બધી કડવી હકીકતોને સામે રાખી હાલની અખાતી જંગ

વિશે અમેરિકી અઠવાડિક "New week" એ મંતવ્ય આપ્યું હતું કે : "જો સદ્દામ ન હોત તો અમેરિકાએ બીજો સદ્દામ બનાવવો પડત !"

**(૩) ઈસ્લામ વિરૂધ્ધ સારી તથા બુરી ખબરો ફેલાવવી :** યહૂદીઓએ ગૈર યહૂદી ખાસ કરી મુસલમાનો વિરૂધ્ધ ફેવર તથા અનફેવરની ખબરો ફેલાવવાનું ચાલુ રાખવાનો મન્સૂબો બનાવ્યો જેથી કોઈ ત્રીજો અવાજ સાંભળવામાં ન આવે.

**(૪) પોતાની નિશાનીઓની કુર્બાની આપવી :** યહૂદીઓએ ઈસ્લામ પર આતંક પસંદીનો આરોપ લગાડવા માટે પોતાના હાથે પોતાની નિશાનીઓ તથા અલામતો ખતમ કરવાનો મન્સૂબો બનાવ્યો જેથી મુસલમાનોને દુનિયાથી મિટાવી દેવાનો મોકો હાથ લાગે જે (બહાનુ મળે) તેઓ માટે ઘણો જ ફાયદામંદ સાબિત થયો.

અમેરિકા, જર્મની અને જાપાન આર્થિક રીતે જગતભરમાં પાયાની હૈસિયત ધરાવે છે પરંતુ પાછલા વીસ (૨૦) વરસોથી અમેરિકા મોટી આર્થિક અધોગતિમાંથી પસાર થઈ રહ્યું છે. તેણે પોતાના સુપર પાવર રહેવાની લાલચમાં જર્મની તથા જાપાનને ઉચ્ચ ફૌજી તાકાતથી વંચિત રાખ્યા અને પોતે વરસમાં ૨૦૦ અબજ ડોલરના નવા હથિયારોની તૈયારી સાથે લશ્કરી બજેટ પર ખર્ચ કરી રહ્યું છે. પોતાના બજેટમાંથી આ કામમાં પાંસઠ ટકા (૬૫ %) ખર્ચ કરે છે જ્યારે કે ઔદ્યોગિક તથા આર્થિક કામોમાં માત્ર બે જ ટકા બજેટમાંથી ખર્ચ કરવામાં આવે છે. પરિણામે ઔદ્યોગિક પેદાવારમાં ભયાનક અધોગતિની સાથોસાથ બાહ્ય દેવું તથા વ્યાપારિક નુકસાન વગેરેમાંથી તે સખત રીતે પસાર થઈ રહ્યું છે. નિષ્ણાતો કહે છે કે અમેરિકાની હાલત દિન પ્રતિ દિન બદ્તરથી બદ્તર થઈ રહી છે. અમેરિકા ઉપર ૩, ૪ ખરબ ડોલરનું બાહ્ય દેવું છે. નિષ્ણાતો વધુમાં એ પણ કહે છે કે "અમેરિકી આર્થિક પડતીને કાનૂન બનાવવાથી દૂર નહીં કરી શકાય એ સિવાય કે કોઈ કૌમી ઘટના સામે આવી જાય."

છેવટે યહૂદીઓની નાપાક કાવત્રાબાજીના પરિણામે વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલાની ઘટના સામે આવી જેથી તેને આધાર બનાવીને તેઓ દક્ષિણ તથા મધ્ય એશિયાના ઈલાકાઓ પર અફઘાનિસ્તાનને કુર્બાનીની ભેટ ચઢાવી તેના પર કબ્જો જમાવી શકે કારણ કે આ બધા ઈલાકાઓ અખાતી દેશો કરતાં કેટલાય ઘણા વધારે કુદરતી ગેસ, પેટ્રોલ, સોનું, ચાંદી, લોખંડ, કિંમતી ધાતુઓ અને ખજાનાઓથી માલામાલ છે.

અફઘાનિસ્તાન પરના હુમલાને જાઈઝ ઠરાવવા માટે જ તેમણે ઓસામા બિન લાદેન પર બળજબરી વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલો કરવાનો આરોપ લગાડયો જ્યારે કે તે (બિન લાદેન) આનાથી પોતાને વંચિત તથા દૂર હોવાનું એ'લાન કરતો રહ્યો, પરંતુ બિન લાદેનને આતંકવાદી તથા તેના ધર્મને પણ આતંકવાદી કહી તેમણે એક તીર વડે બે શિકાર કરવાના હતા જે ઘણી જ સરળ રીતે તેમણે કરી નાખ્યું. અમેરિકામાં વસેલા મુસલમાનોના કારણે ઈસ્લામની ઉચ્ચતા તથા હક્કાનિયત ઈસાઈઓ પર જાહેર થઈ રહી હતી અને ઈસાઈઓની મોટી સંખ્યા ઈસ્લામ કબૂલ કરી ઈમાન તથા યકીનના પ્રકાશમાં આવી રહી હતી, જ્યારે કે યહૂદીઓની સંખ્યામાં ઘણો ઘટાડો થઈ રહ્યો હતો. વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલો કરાવી અગ્રણી યહૂદીઓએ માત્ર પોતાની પોઝિશન જ મજબૂત નથી કરી બલ્કે ઈસ્લામને આતંકવાદી ખયાલોનો મઝહબ ઠરાવી આખા વિ□માં મુસલમાનો વિરૂધ્ધ દુશ્મની તથા નફરતને હવા આપી અને આખી દુનિયામાં ઈસ્લામના ઉચ્ચ સિદ્ધાંતોને દાગદાર કરવાની નાપાક કોશિશોમાં મુખ્ય રોલ અદા કર્યો.

આતંકવાદી સંગઠનો પર નજર રાખવાવાળા પત્રકારો અને અમેરિકી નિરીક્ષકોએ પોતાની

તહેકીકના પરિણામમાં આ વસ્તુ સમય જતાં સ્પષ્ટ કરી દીધી કે હુમલામાં જે દિમાગો અને માધ્યમોની જરૂરત હતી ઓસામા તથા અલ્કાયદા તે દિમાગો તથા માધ્યમોથી વંચિત હતા. પરંતુ પ્રચાર માધ્યમો જેના પર યહૂદીઓનો કબ્જો છે (તેમણે) આ તેહકીકને સદંતર રદ કરીને દબાવી દીધી ! પરંતુ ઈસ્લામી વિ□ હમેશાં તે ફ્રાંસિસી તથા અમેરિકી સ્કોલરોનું એહસાનમંદ રહેશે જેમણે પોતાના અંતરની અવાજ પર ઈન્સાનિયતના નામે બધી જ મુશ્કેલીઓથી મોઢું ફેરવી **૧૧ સપ્ટેમ્બરના હુમ્લા પરથી પર્દો ઉઠાવ્યો અને એ સાબિત કરી દીધું કે આ હુમલાઓ પાછળ કોઈ બીજાનો નહીં પણ ખૂદ અમેરિકી ખતરનાક યહૂદીઓનો હાથ હતો જે બુશ હુકૂમતમાં ઉચ્ચ હોદ્દા ધરાવતા હતા.** આ વિશે નઝરુલ્ હફીઝ નદવી લખે છે કે :– "નીચેના લખાણમાં અમેરિકી તથા ફ્રાન્સિસી નિરીક્ષકોની તેહકીકો તથા દલીલોનો ખુલાસો દર્શાવવામાં આવી રહ્યો છે અને જેને અરબી મોટી સંખ્યામાં છપાતા આંતરરાષ્ટ્રિય અઠવાડિક "અલ્ મુજતમઅ" અને બીજું અરબી દૈનિક "અલ્ કુદ્સ"એ પોતાના ફ્રેશ એડિશનોમાં પ્રકાશિત કર્યું છે.

અત્યારે હાલમાં જ એક અનોખા ફ્રાન્સિસી લેખક તથા મુહક્કિક ટ્રીમેસની એક કિતાબ "એક ખતરનાક જૂઠ, એક ભયાનક ફ્રોડ"ના નામથી માર્કેટમાં આવી અને જોત જોતામાં જ માત્ર બે કલાકમાં જ તેનું પ્રથમ એડિશન ખતમ થઈ ગયું. લેખકની દલીલોને જે પણ વાંચશે તે એ પરિણામ પર પહોંચશે કે **૧૧ સપ્ટેમ્બરના હુમલા વિશે અમેરિકા તથા પ્રચાર માધ્યમોએ જે પ્રોપેગન્ડા કર્યા તે સફેદ જૂઠ છે ! પણ આ ઉચ્ચ ફોજી અધિકારીઓ તરફથી અંદરો અંદર બગાવત હતી જેનો મકસદ સદર બુશને પોતાની પોલીસી બદલવા પર મજબૂર કરવાનો હતો.** આખું વિ□ આશ્ચર્યમાં છે કે જાણે કયામત થઈ ગઈ પણ અમેરિકી સિક્રેટ એજન્સીઓને તેની ભણક પણ ન લાગી ! જ્યારે કે અમેરિકા બીજા દેશોને ખબર આપે છે કે તમારા દેશમાં શું થવાનું છે ! અને નેતાઓને પણ ખબર આપે છે કે તમારા વિરૂધ્ધ બગાવત યોજાવાની છે, તમારી ખુરશી છીનવી લેવામાં આવશે. લેખકે સ્પષ્ટ કર્યું છે કે **જે કાંઈ પણ થયું તે સિક્રેટ સર્વિસની સામે જ થયું છે, કારણ કે તેમણે પહેલેથી જ કાવત્રુ ઘડયું હતું. આ કાર્ય કરવાવાળાએ ટાવર (વર્લ્ડ ટ્રેડ સેન્ટર)માં કામ કરવાવાળા વધુ પડતા લોકોને પહેલેથી જ આગાહ કરી દીધા હતા કે જેથી નુકસાન ઓછામાં ઓછું થાય.** આ જ કારણે હુમલાના સમયે ટાવરમાં ઘણા જ ઓછા લોકો હતા જ્યારે કે તેમાં ચાલીસ પચાસ હજાર માણસો રહેતા હતા. લેખકે ઘણાયે એવા સવાલો ઉપસ્થિત કર્યા છે જેનાથી તેના દા'વાઓને શક્તિ મળે છે, દા.ત. સદર બુશ આખો દિવસ ફોજી હેડ કવાર્ટરમાં સંતાયેલ રહ્યા જ્યારે કે પોતાના નાયબને સંરક્ષણ ખાતામાં મોકલી દીધા. લેખક તેનું કારણ બતાવતાં લખે છે કે હકીકતમાં બધી જ ખાનગી ચાવીઓ (યહૂદી) આતંકવાદીઓના હાથમાં આવી ગઈ હતી. તેઓ તેના વડે એટમી ધમાકાઓ પણ કરાવી શક્તા હતા, ફોજને કોઈ પણ હુકમ આપી શક્તા હતા, આ જ કારણે પ્રમુખ બુશ ફોજી અડ્ડાઓમાં નાસતા ફરી રહ્યા હતા જેથી હાલતને વધુ ખરાબ થવાથી રોકી શકે. લેખક કહે છે કે તે દિવસે વ્હાઈટ હાઉસના એક ભાગમાં પણ આગ લાગી ગઈ હતી જેના કારણે તે સળગી ગયો હતો. પણ એને છુપાવવામાં આવ્યું. લેખક લખે છે કે ખૂબ જ અસરકારક તથા એવાં રહસ્યો જેના પર દેશની સલામતીનો દારોમદાર છે શું તેને બહારના અમુક આતંકવાદીઓ જાણી શકે છે ? હરગિઝ નહીં. *(મગરબી મીડિયા ઔર ઉસ્કે અષરાત, પેજ–૪૪)*

## ★ માનવતા યહૂદીઓના નિશાના પર ★

આજે યહૂદીઓ સમજની મુફલિસીના તે દ્વારે ઉભા છે જ્યાં તેઓ પોતાને "ખૈરે ઉમ્મત (તમામ

ઉમ્મતોમાં અફઝલ)" સમજવાની ભૂલ કરી રહ્યા છે અને દુનિયાની કૌમો પર હુકૂમત કરવા માટે તેના પર પોતાના નાજાઈઝ સખત વલણને "ખુદાઈ ઈખ્તિયાર" હોવાનો દા'વો કરી રહ્યા છે. પોતાની આહો તથા દુઆઓમાં હઝરત દાઊદ અને સુલૈમાન عَلَيْهِمَا الصَّلٰوةُ وَالسَّلَامُ ની હુકૂમતના અધિક વર્ણને તેમને એવી લાલચી કૈફિયતમાં રાખેલા છે કે હવે તેઓ ફરી હુકૂમત મેળવવા ઈન્સાની લોહીથી હોળી રમી રહ્યા છે અને જાનવર જેમ જુલ્મ કરવાથી પણ દૂર નથી રહેતા. ભૂતકાળમાં ખુદાની વહી "તૌરાત"ના કારણે રબ તઆલાએ તેઓને દુનિયાની કૌમો પર ફઝીલત અતા ફર્માવી હતી પરંતુ તેમણે બદ્દયાનતી અને બેહયાઈના કારણે ઝિલ્લત તથા રુસ્વાઈનો દાગ પોતાની પેશાની પર લીધો અને તેમને આ ખુદાઈ નેઅમતથી પણ મેહરૂમ કરી દેવામાં આવ્યા, જેના નશામાં તેઓ શૈતાનિયતના ફંદામાં ફસાઈ ગયા હતા. વહીએ રબ્બાનીના રૂપમાં જે કિતાબ તેમને અતા કરવામાં આવી હતી તે ખુદાની બનાવેલ ધરતી પર જિંદગી પસાર કરવા માટે દીવાદાંડી હતી પણ આ નેઅમતની તેઓ કદર ન કરી શક્યા અને હવે જે આસમાની કિતાબ તૌરાતના નામે પોતાના સીને લગાડી રહ્યા છે તે ફેરબદલ કરનાર લેખકોની હેરફેરનો તે યહૂદી મન્સૂબો છે જેના ઝરીયે તેઓ દુનિયાની કૌમો પર હુકૂમત કરવાને પોતાનો પૈદાઈશી હક્ક ગણે છે. જેનું વાંચન તેમને પોતાના રિવાયતી ધર્મથી દૂર થવા અને હક્ક તથા ઈન્સાફના રસ્તેથી પોતાની તમન્નાઓ પૂરી કરવાની રજા નથી આપતું. તેઓની હાલની કિતાબ "તલ્મૂદ" અને હાલની તૌરાત તેમને ગૈર યહૂદી ખાસ કરી મુસલમાનો અને ઈસાઈઓ વિશે જે પ્રકારના ઝહેર ભર્યા તથા ખતરનાક અકીદાઓ અને ખયાલોની તા'લીમ આપે છે તેના અમુક દાખલાઓ નીચે જુઓ, જે તા'લીમ પર અમલ કરી તેઓ જીવતી લાશોના ઢગલા પર દુનિયાની કૌમો પર પોતાની સરદારીનો માર્ગ સમારી રહ્યા છે :–

૧. યહૂદી અલ્લાહની ચુનેલી (પસંદીદા) કૌમ છે, ગૈરયહૂદી જાનવરોથી પણ બદ્તર છે.

૨. આપણને યહૂદીઓને અલ્લાહ તઆલાએ ખિદમત માટે બે પ્રકારનાં જાનવરો અતા કર્યાં છે, એક તો ગધેડાં, કૂતરાં, સુવ્વર વગેરે વિવિધ જાનવરો અને બીજા મસીહી (ઈસાઈ), મુસલમાન અને બૌધ્ધો વગેરે.

૩. દરેક યહૂદી માટે જરૂરી છે કે દિવસમાં ત્રણ વાર ઈસાઈઓ પર લા'નત પહોંચાડે અને એ દુઆ કરે કે અલ્લાહ તેઓને નેસ્તો ના'બૂદ કરે.

૪. કોઈ રાજ્ય ભલે પોતાના અંદરો અંદરના વિરોધોને કારણે પોતે ખત્મ થઈ જાય અથવા દુશ્મનીના કારણે કોઈ વિરોધીનો લુકમો બની જાય બંને સંજોગોમાં તે રાજ્ય ખત્મ થઈ જશે અને તે (રાજ્યને) એ હાલતે પહોંચાડવું એ આપણું જ કામ છે.

૫. તાકાત તથા ધોકાબાજી, રાજનૈતિક ક્ષેત્રે ખાસ કામ આવનાર વસ્તુઓ છે, એના આધારે બીજાને પોતાના સાથી બનાવવામાં ઘણી જ સહેલાઈ રહે છે જ્યારે કે તેને હોશ્યારી તથા મોટા પર્દાઓમાં લપેટીને ઉપયોગમાં લેવાય. તે હાકેમો જે બાદશાહી તાજને કોઈ નવી તાકાતના એજન્ટોના હવાલે કરવા નથી ઈચ્છતા તેને આતંક તથા જુલ્મ અને ધોકો આપી ઠેકાણે પાડી દેવા જોઈએ.

૬. જો લાંચ, દગાબાજી, મક્કારી અને બેવફાઈના હથિયારો વડે કામયાબી મળી શકે તો તેના ઉપયોગમાં કોઈ શરમ ન રાખવી.

૭. ગેરે યહૂદીને સમજાવી દેવું જોઈએ કે અમે દરેક ગુસ્તાખી અને બેઅદબીના સરને કચુંડવાને જાઈઝ સમજીએ છીએ, આ મામલામાં અમે સખત નિર્દયી પુરવાર થઈશું.

૮. યહૂદીઓ માટે જૂઠ્ઠી કસમો ખાવી જાઈઝ છે જેથી તેઓ ગૈરયહૂદીને નુકસાન પહોંચાડી શકે.

૯. ઈસાઈઓનું કતલ દરેક યહૂદીના બુનિયાદી ફર્ઝોમાંથી છે, જો તે ઈસાઈને કત્લ ન કરી શકે તો તેના સબબો ઉભા કરી આપે અથવા તેની બર્બાદીના સબબો ઉભા કરે.

**૧૦.** યહૂદીઓ માટે ગૈરયહૂદીનો માલ હડપ કરી લેવો બિલકુલ જાઈઝ છે તેઓ ગૈરયહૂદી કૌમોના માલ તથા જાનને જે રીતે ચાહે ઉપયોગમાં લઈ શકે છે.

**૧૧.** (યહૂદીઓનું કહેવું છે કે) તરક્કી પસંદ અને રોશન ખયાલ કહેવડાવવાવાળા દેશોમાં આપણે બેકાર વાતો, બેહયાઈ અને નફરતપાત્ર નિયમોને પહેલેથી જ ઉત્તેજન આપી રાખ્યું છે, હુકૂમતની લગામ સંભાળ્યા પછી અમુક દિવસો સુધી આપણે લોકોની તકરીરી (લેકચર્સ) તથા મનોરંજન પીરસતા પ્રોગ્રામો વડે ખરાબ સંસ્કૃતિને પ્રોત્સાહિત કરતા રહીશું. આપણા (યહૂદી) બુદ્ધિજીવીઓ જેઓને ગૈરેયહૂદીઓની લીડરશીપ સંભાળવાની તર્બિયત (ટ્રેનિંગ) આપવામાં આવશે, તેઓ એવી તકરીરો તથા લેખો તૈયાર કરશે જેનાથી દિમાગ તરત જ અસર કબૂલ કરશે જેથી આવતી પેઢી આપણે નિશ્ચિત કરેલ માર્ગ પર ચાલતી રહે. *(યહૂદી પ્રોટોકોલ્ઝ, અનુવાદક : મુહમ્મદ યહ્યાખાં, પ્રેસ મિલ્લી પબ્લિકેશન્સ, દિલ્હી)*

માનવતા વિરૂધ્ધ તેઓના ખયાલો અને વિચારોના તથા ખતરનાક પ્રોગ્રામોના આ અમુક દાખલા છે જે દષ્ટિ ધરાવનારાઓને બોધગ્રહણ કરવા નિમંત્રે છે. હવે જો યહૂદીઓ આલે દાઊદની સલ્તનતને પાછી મેળવવાના માટે આંતરરાષ્ટ્રિય કક્ષાએ ઈન્સાનિયતને ફાંસીના માંચડે ચઢાવવાના માર્ગે છે તો આપણને આશ્ચર્ય ન થવું જોઈએ કેમ કે **જ્યારે કોઈ ધર્મના અનુયાયીઓ પોતાના ધર્મથી વિમુખ થઈ જાય છે તો તેમની અંદર વંશિક તથા જાતી ગૃપબંદી, સાંસ્કૃતિક તથા ઐતિહાસિક પક્ષપાત, માનવતા વિરૂધ્ધની પ્રક્રિયાઓ અને નગ્નતા તથા બિભત્સતાની બુરાઈઓ જન્મ લે છે.** લગભગ એ જ કારણ છે કે આજે ઈઝરાઈલી સત્તા પોતાના બુરાઈને પ્રિય રાખનારા લીડરોની આગેવાનીમાં ઈન્સાનિયતની સાથે ખૂબ જ ક્રૂરતા તથા જુલ્મો જફાનું પ્રદર્શન કરી રહી છે. તેમની આગેવાનીના માર્ગની આડે આવતો સૌથી મોટો કંટક અને ધાર્મિક હરીફ ઈસ્લામ છે જેથી તેઓ ઈસ્લામી માન્યતાઓ તથા ખયાલોને ત્રાસવાદ તથા આતંકવાદ સાથે સાંકળીને તેને કચડવાને માટે વિ□ની કૌમોનું વિવિધ ટ્રિકો વડે બ્રેઈન વોશિંગ કરી રહ્યા છે, પણ એ તો વિ□ના ધર્મો તથા જાતિઓના ઈતિહાસનો પક્ષપાત વિહોણો ઈતિહાસ જ બતાવશે કે કોણ આતંકવાદને ઉશ્કેરવાની તા'લીમ આપી રહ્યા છે ?

વિ□ની કૌમો ખાસ કરીને ઈસ્લામી રાજસત્તાઓએ આજે જ પોતાની ગફલતો તથા ખામીઓનું નિરીક્ષણ કરવું જોઈએ, આંત્રિક મતભેદો, નિરર્થક રાજ રમતો અને સાંસ્કૃતિક ટકરાવના પરિણામે માનવતાના દુશ્મનોના હાથોને આપણે મજબૂત કર્યા છે અને આજે એવી પોઝિશન છે કે આપણો દરેક ઉઠતો કદમ તેના રાજીપાનો મોહતાજ છે ! જો હજી પણ આપણે આંત્રિક કટુતાને ભૂલાવીને તેમના ષડયંત્રોને ખુલ્લાં પાડવામાં આપણી શારીરિક, દિમાગી, ભૌતિક તથા કલમી શક્તિઓને પ્રદર્શિત ન કરી તો ઈન્સાનિયતનું લોહી આમ જ સસ્તુ થતું જશે, પોતાના લાભોની પરિપૂર્ણતા માટે ૧૧–સપ્ટેમ્બર જેવા હુમ્લા થતા રહેશે અને પૂર્વ તથા મધ્યમાં પેલેસ્ટાઈનીઓ અને અરબોની ઈજ્જત આ જ પ્રમાણે લૂટાતી રહેશે .

*–(ઉર્દૂ માસિક **જામે નૂર**–દિલ્હીના "જેહાદ નંબર" (મે–૦૪)માંથી સાભાર)*

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ

# સૂફીઓની વાતો

**કહેનાર** : હઝરત મૌલાના હસન આદમ કોલનવી
(લેન્કાસ્ટર, યુ.કે.)

## ★ હિકાયત નં. : ૧ ★

હઝરત માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ મહાન વલી હતા. હઝરત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ ના સાથીદારોમાં હતા. એક સમયે નાવડીમાં સફર કરી રહ્યા હતા ત્યારે એક માણસે તેમના પર એક મોતી ચોરી લેવાનો આક્ષેપ મૂક્યો. તેમણે આકાશ તરફ જોયું, તરત જ હજારોની સંખ્યામાં માછલીઓ પાણીમાંથી બહાર નીકળી, દરેકના મોઢામાં એક એક મોતી હતું. તેમણે એક માછલીના મોઢામાંથી મોતી લઈને પેલા આક્ષેપ મૂકનારને આપી દીધું. અને પોતે પાણીની સપાટી પર પગપાળા ચાલીને બીજી પાર પહોંચી ગયા.

આધ્યાત્મિક જીવનમાં પગ મૂક્તાં પહેલાં તેમને દારૂ પીવાની ટેવ થઈ ગઈ હતી. મોટા ભાગનો સમય દારૂના નશામાં પસાર થઈ જતો હતો. તેમને એક સગીર વયની દીકરી હતી જે તેમનો દારૂ નાળીમાં વહાવી દેતી હતી પણ તે બાળકી સાથે આપને અતિશય પ્રેમ હોવાથી તેની એ હરકત તેઓ બર્દાશ્ત કરી લેતા હતા. કુદરતનું કરવું કે તે બાળકી થોડા સમય પછી મૃત્યુ પામી, જેનું ખૂબ જ દુઃખ તેમને થયું અને એ સદમાની હાલતમાં જ આપે એક રાત્રે સ્વપ્ન જોયું કે, એક મોટો અજગર તેમને ભરખી લેવા તેમની પાછળ પડયો છે. તેઓ અજગરને જોઈને તેનાથી બચવા દોડવા માંડયા. જોયું કે રસ્તાના એક કિનારે ખૂબ જ રૂપાળા એક વૃદ્ધ ઉભેલા છે, માલિક બિન દીનારે તે વૃદ્ધને અજગરથી બચાવી લેવા વિનંતિ કરી. પણ તે વૃદ્ધે જવાબ આપ્યો કે, બેટા ! હું ખૂબ જ અશક્ત છું અને અજગર મહાતાકતવાન છે મારાથી એનો સામનો થશે નહીં, પણ પેલો ચાંદીનો પર્વત દેખાય છે તું તેની પાછળ સંતાઈ જા, કદાચ અજગરથી બચી જવાનો કોઈ માર્ગ નીકળી આવશે.

હઝરત માલિક બિન દીનાર પેલા પર્વત પાસે પહોંચ્યા પણ ચોકીદારે તેમને અટકાવ્યા, ગેબથી અવાજ આવ્યો કે, એને અંદર આવવા દો, કદાચ એમની અમાનત અહીં હશે. તેઓ જ્યારે પર્વતની પાછળ પહોંચ્યા ત્યારે શું જુએ છે કે, ઘણા બધાં ખૂબસૂરત ભુલકાંઓ રંગબેરંગી વસ્ત્રો પહેરેલાં ત્યાં કિલ્લોલ કરી રહ્યાં છે. ઓચિંતી એક બાળકી આવે છે અને માલિક બિન દીનારને વિંટળાય પડે છે. આપે જોયું કે આ તો એમની મૃત્યુ પામેલી દીકરી છે. પેલી બાળકી પોતાના પિતાનો હાથ પકડી આગળ વધી અને બીજા હાથ વડે પેલા અજગરને પરત થઈ જવા સંકેત કર્યો કે તરત જ અજગર આપનો પીછો છોડીને પાછો ફર્યો.

તેમણે પ્રેમપૂર્વક બાળકીને છાતી સરસી ચાંપીને પૂછયું કે, બેટી ! આ બધું શું છે ? અને તું અહીં ક્યાંથી ? પેલો અજગર કેમ મારી પાછળ પડયો હતો ? અને પેલા વૃદ્ધ કોણ હતા ? પુત્રીએ જવાબ આપતાં કહ્યું, મારા વ્હાલા પિતાજી ! અજગર એ તમારા ગુનાહો હતા અને તમે જે થોડી ઘણી નેકીઓ કરી હતી તે પેલા વૃદ્ધના રૂપમાં તમે નિહાળી, પણ નેકીઓ ગુનાહોથી ઓછી હોવાથી તેમનામાં તમને ગુનાહોની સજામાંથી ઉગારી લેવાની શક્તિ ન હતી. અને આ બધાં ભુલકાંઓ

નાની ઉંમરમાં મૃત્યુ પામેલાં બાળકો છે. અલ્લાહ તઆલાના હુકમથી તેઓ અહીં ભેગાં થએલાં છે. પછી પેલી બાળકી કુર્આન કરીમની આયત પઢી :

اَلَمْ يَأْنِ لِلَّذِيْنَ اٰمَنُوْا اَنْ تَخْشَعَ قُلُوْبُهُمْ لِذِكْرِاللّٰهِ

**અર્થ** : "શું હજુ ઈમાનવાળાઓ માટે તે સમય આવ્યો નથી કે તેઓનાં હૃદયો અલ્લાહની યાદથી કંપી ઉઠે ?" અને તરત જ આપ ઉંઘમાંથી જાગૃત થઈ ગયા. તે જ દિવસે હઝરત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ પાસે હાજર થયા. પોતાના બધા જ ગુનાહોની તૌબા કરી અને અલ્લાહની યાદમાં લીન થઈ ગયા ત્યાં સુધી કે વિલાયતના ઉચ્ચ પદે પહોંચ્યા. હિ.સ. ૧૩૨ માં આપનો વિસાલ થયો.

## ★ હિકાયત નં. : ૨ ★

હઝરત ફુઝૈલ બિન અયાઝ (વફાત : ૧૮૭ હિ.સ., મઝાર : મક્કા મુકર્રમા) અલ્લાહના વલીઓમાં એક અનોખું સ્થાન ધરાવે છે. દુનિયાની માયાનો ત્યાગ કર્યો ત્યાર પહેલાં તેઓ એક ડાકૂનું જીવન જીવતા હતા. વેપારીઓના કાફલાઓને લૂંટી લેતા હતા. એવી હાલતમાં પણ માનવતાનો દીવો આપના હૃદયમાં પ્રકાશતો હતો. કાફલામાં કોઈ સ્ત્રીને હાથ નહીં લગાડવો. ઓછી મૂડી ધરાવનારને નહીં લૂંટવો અને લૂંટી લીધા પછી થોડુ ઘણુ કાફલાવાળાઓ માટે રહેવા દેવું વિગેરે આપના નિયમો હતા અને પોતાના સાથીદારો પાસે પણ એ નિયમોનું પાલન કરાવતા હતા.

એક સમયે એક સોદાગર કાફલો લઈ રવાના થયો. લોકોએ તેને કહ્યું કે જે માર્ગે તું જઈ રહ્યો છે તે માર્ગમાં ફુઝૈલ ડાકૂની લૂંટફાટ મચેલી છે. પેલા સોદાગરે કહ્યું, મેં સાંભળ્યું છે કે, ફુઝૈલ ડાકૂ તો છે પણ તેનામાં માનવતા પણ છે. હું એની માનવતાને પડકારવાનો બંદોબસ્ત કરીશ. પેલા સોદાગરે પોતાના કાફલામાં ત્રણ કારીઓને સાથી લીધા. જ્યારે ફુઝૈલ ડાકૂ એક જગ્યાએ સંતાયને કાફલાના ઈન્તેઝારમાં હતા. કાફલો નજીક આવ્યો ત્યારે એક કારી કુર્આન શરીફની આયત તિલાવત કરી રહ્યો હતો :–

اَلَمْ يَأْنِ لِلَّذِيْنَ اٰمَنُوْا اَنْ تَخْشَعَ قُلُوْبُهُمْ لِذِكْرِاللّٰهِ

**અર્થ** : "શું હજુ ઈમાનવાળાઓ માટે તે સમય આવ્યો નથી કે તેમનાં હૃદયો અલ્લાહના ઝિક્રથી ધ્રુજી ઉઠે ? "કારીની તિલાવત સાંભળી ફુઝૈલે પોતાના સાથીદારને કહ્યું કે, મને એક તીર વાગ્યું છે. સાથીદારે એમનું આખું શરીર ફંફોસ્યું પણ ક્યાંએ તીરનો ઘા જણાયો નહીં. થોડીવારે બીજા કારીએ તિલાવત શરૂ કરી અને આ આયત પઢયો :

فَفِرُّوا اِلَى اللّٰهِ اِنَّ اللّٰهَ سَرِيْعٌ بِا لحِسَابِ

**અર્થાત** : "અલ્લાહ તરફ દોડી પડો ! અલ્લાહ ટૂંક સમયમાં જ હિસાબ લેવાનો છે." ફુઝૈલે આ આયત સાંભળીને કહ્યું, મને બીજું તીર વાગ્યું છે. એમના સાથીદારોએ પાછું તપાસ્યું પણ ક્યાંએ તીર વાગેલું જણાયું નહીં. ત્યાં જ ત્રીજા કારીએ કુર્આન કરીમની આ આયત તિલાવત કરી :–

وَاَسْلِمُوْا لَهٗ مِنْ قَبْلِ اَنْ يأْ تِيَكُمُ الْعَذَابُ

**અર્થાત** : "તમને શિક્ષા કરવામાં આવે ત્યાર પહેલાં તેની સામે નમી પડો." ફુઝૈલે કહ્યું, મને ત્રીજું તીર વાગ્યું છે. સાથીદારો સમજ્યા કે ફુઝૈલ બેહોશીમાં બકી રહ્યા છે પણ ખરેખર તો ફુઝૈલ બહોશીમાંથી બહાર નીકળીને સભાન હાલતમાં આવી ગયા હતા ! કાફલો લૂંટવાનો વિચાર ત્યાગી દીધો અને સાથીદારોને કહ્યું કે કુર્આનની આયતોએ મારી કાયાપલટ કરી દીધી છે, મને મક્કા મુકર્રમા પહોંચાડી દો. અલ્લાહના દરબારમાં હાજર થઈ સાચા હૃદયની તૌબા કરી આધ્યાત્મિક જીવન ધારણ કર્યું. ઘણા બધા બુઝુર્ગોથી ફૈઝ મેળવ્યો અને વિલાયતના ઊંચા પદે પહોંચ્યા.

## ★ હિકાયત નં. : 3 ★

ફઝલ બિન રબીઅ કહે છે કે, હું હારૂન રશીદ બાદશાહ સાથે મક્કા મુઅ્ઝઝમા ગયો. હજ્જ અદા કરી ચૂક્યા પછી બાદશાહે મને કહ્યું, અહીંયા કોઈ અલ્લાહવાળો છે જેની હું ઝિયારત કરી શકું ? મેં કહ્યું, અહીંયા અબ્દુર્રઝ્ઝાક સનઆની રહે છે. પછી અમે બાદશાહ સાથે તેમના ઘરે ગયા. થોડીવાર બેસીને ત્યાંથી વિદાય થયા ત્યારે હારૂન રશીદે પૂછયું કે, તમારા માથે કંઈક કરજ છે ? જાણવા મળ્યું કે કરજ છે. બાદશાહના હુકમથી તે ચૂકવી દેવામાં આવ્યું. બહાર નીકળીને બાદશાહે કહ્યું કે, મારું હૃદય હજું તરસ્યું છે જો કોઈ બીજા બુઝુર્ગ હોય તો તેમની મુલાકાત લઈએ. મેં કહ્યું કે, અહીં સુફયાન બિન ઉયૈયના પણ છે. પછી અમે તેમની મુલાકાતે ગયા. થોડીવાર ત્યાં બેસ્યા. વિદાય વેળા બાદશાહે તેમને પણ કરજ બાબત પૂછયું, અને તેમના માથે જે કરજ હતું તે ચૂકવી દેવાનો હુકમ કર્યો. બાદશાહે કહ્યું, મારું હૃદય હજુ તૃપ્તિ અનુભવતું નથી. મેં કહ્યું અહીં ફુઝૈલ બિન અયાઝ પણ રહે છે. અમે ત્યાં ગયા, તેઓ પોતાના હુજરામાં કુર્આન શરીફની તિલાવત કરી રહ્યા હતા. અમે દ્વાર ખખડાવ્યાં, પૂછયું, કોણ છે ? મેં કહ્યું, અમીરુલ મો'મિનીન પધાર્યા છે. જવાબ મળ્યો, અમારે અમીરુલ મો'મિનીન સાથે શું લેવા દેવા ? મેં કહ્યું, સુબ્હાનલ્લાહ ! શું તમે હુઝૂર ﷺ નું ફર્માન સાંભળ્યું નથી કે, "કોઈ પણ વ્યક્તિએ અલ્લાહની ફર્માબરદારીમાં બેઈજ્જત થવું જોઈએ નહીં." જવાબ મળ્યો, ખરું છે ! પણ અલ્લાહને ખુશ રાખવો એ હમેશાંની શાનો શૌકતનું કારણ છે. તમે મને બેઈજ્જતીની હાલતમાં જુઓ છો પણ અલ્લાહ તઆલા સાથેની મારી મગ્નતાએ મને ઈજ્જત અને ઝિલ્લતની સીમાઓથી સ્વતંત્ર કરી દીધો છે. આટલું બોલી તેઓ નીચે ઉતર્યા, દીવો સળગતો હતો તે બુઝાવી દીધો અને અંધકારમાં એક ખૂણામાં જતા રહ્યા.

હારૂન રશીદ અંધકારમાં તેમને આમ તેમ શોધતો રહ્યો અંતે બાદશાહનો હાથ તેમને અડયો. ફુઝૈલે કહ્યું, આવો નરમ અને નાઝુક હાથ કદી જોયો નથી ! કેટલું સારું થાય જો એ અલ્લાહના અઝાબથી ઉગરી જાય ! હઝરત ફુઝૈલના આ વાકયનો બાદશાહના દિલ પર એવો અસર થયો કે રડતાં રડતાં બેશુધ્ધ બની ગયો. હોશમાં આવ્યા પછી બોલ્યો, મને કંઈક નસીહત કરો. હઝરત ફુઝૈલ બોલ્યા, હારૂન ! તમારા વંશનું મૂળ હઝરત અબ્બાસ رضی اللہ عنہ છે અને તેઓ અલ્લાહના રસૂલ ﷺ ના કાકા થતા હતા. તેમણે એક સમયે હુઝૂર ﷺ પાસે કોઈક જગ્યાના હાકેમ બનાવી દેવાની માંગણી કરી ત્યારે હુઝૂર ﷺ એ તેમને કહ્યું, દુનિયાની હુકૂમતને બદલે હું તમને હૃદયની હુકૂમત આપુ છું, **અલ્લાહની બંદગીમાં વિતાવેલી એક ક્ષણ લોકો પર એક હજાર વરસો સુધી રાજ કરવા કરતાં ઉત્તમ છે.** રાજપાટ કયામતના દિવસે પસ્તાવાનું નિમિત્ત બનશે.

બાદશાહે વિનંતિ કરી, હજુ વધારે કહો. હઝરત ફુઝૈલે ફર્માવ્યું, જ્યારે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ (હારૂન રશીદના વડવાઓમાંના એક)ને ખલીફા બનાવાયા ત્યારે તેમણે સાલિમ બિન અબ્દુલ્લાહ, રજાઅ બિન હયાત, અને મુહમ્મદ બિન કઅબ કરઝી رضی اللہ عنہ ને બોલાવીને વિનંતિ કરી કે, સત્તા એક ઉપાધિ છે અને હું એ ઉપાધિમાં ફસાયો છું, એમાંથી છૂટવાની કોઈ યુક્તિ શોધી કાઢો. તેમાંથી એકે કહ્યું, જો અલ્લાહના અઝાબમાંથી બચવું હોય તો વૃદ્ધોને બાપ, યુવાનોને ભાઈ અને નાની વયના લોકોને ફરઝંદ સમજો અને તેમની સાથે એવો વર્તાવ કરો જેવો કે પોતાના ઘરમાં બાપ, ભાઈ અને પુત્ર સાથે કરો છો. તારું રાજ્ય તારું ઘર છે અને એના નાગરિકો તારું કુટુંબ છે, બાપનો આદર,

ભાઈ પર ઉપકાર અને દીકરા સાથે સદ્વર્તન કર. અય હારૂન ! તું પણ આ વાત પર ધ્યાન ધર અને એ મુજબ રાજ કર નહીંતર મને ભય છે કે તારું આ રૂપાળુ શરીર દોઝખની ધીખતી આગમાં ફેંકાય જશે !

બાદશાહે પૂછયું, શું તમારા માથે કરજનો બોજો છે ? જવાબ મળ્યો, હા ! અલ્લાહની બંદગીનું કરજ છે અને મને ભય છે કે એ કરજ નહીં ચૂકવવા બદલ મારી ધરપકડ કરવામાં આવશે. બાદશાહે કહ્યું, હું લોકોના કરજ વિશે પૂછું છું. હઝરત ફુઝૈલે જવાબમાં કહ્યું, અલ્લાહનો મોટો આભાર છે તેણે મને ઘણી નેઅમતોથી માલામાલ કર્યો છે અને મને કશી જ જરૂરિયાત નથી, બાદશાહે એક હજાર દીનારની થેલી અર્પણ કરતાં વિનંતિ કરી કે આને પોતાની જરૂરતમાં વાપરો. હઝરત ફુઝૈલે કહ્યું, અફસોસ ! મારી નસીહત બેકાર ગઈ ! તેં મારા પર જુલ્મ કર્યો. બાદશાહે પૂછયું કે, મેં તમારા પર શું જુલ્મ ગુજાર્યો ? આપે કહ્યું, હું તને નજાતનો માર્ગ દેખાડુ છું અને તું મને બરબાદીની ખાઈમાં નાખે છે ! એનું નામ જ અત્યાચાર છે. બાદશાહ રડતાં રડતાં બહાર નીકળ્યો અને બોલ્યો, વાસ્તવમાં બાદશાહ તો તેઓ જ છે.

## ★ હિકાયત નં. : ૪ ★

બગદાદમાં જયારે મુઅતઝિલા (વહાબી ફિર્કા જેવો એક ગુમરાહ ફિર્કો)નું જોર વધ્યું અને તે સમયના બાદશાહને પણ તેમણે ગુમરાહ કર્યો ત્યારે તેઓના કહેવાથી બાદશાહે હઝરત ઈમામ અહમદ બિન હંબલ (વફાત : ૧૨ રબી. અવ્વલ, હિ.સ. ૨૪૧, મઝાર બગદાદમાં)ની ધરપકડ કરી અને કહ્યું કે, તમે પણ મુઅતઝિલાની માન્યતા મુજબ **કુર્આન મજીદને મખ્લૂક કહો !** (કુર્આનને મખ્લૂક કહેવું કુફ્ર છે) આપે ઈન્કાર કર્યો ત્યારે આપને મુશ્કેટાટ બાંધીને બગદાદના ચકલામાં થાંભલા પર લટકાવવામાં આવ્યા અને એક હજાર કોરડાઓની સજા ફટકારવામાં આવી. આપને કોરડાઓ મારવામાં આવતા હતા તે દરમ્યાન આપના પાયજામાનું નાડું તૂટી ગયું, આપના હાથ બંધાએલા હોવાથી આપ પાયજામાને સંભાળી શકે એવી હાલતમાં ન હતા. અલ્લાહના દરબારમાં દુઆ કરી, હે અલ્લાહ ! મારી સતરને ખુલવાથી બચાવ ! ગૈબી સહાય આવી પહોંચી અને આપનું નાડું આપોઆપ બંધાય ગયું. આ કરામત દેખીને આપને છોડી દેવામાં આવ્યા. આપ જખ્મોને વેઠી શકે એમ ન હતા કારણ કે વૃદ્ધાવસ્થાની હાલતમાં હતા. એ જખ્મોના કારણે અમુક દિવસો પછી આપનો વિસાલ થઈ ગયો.

ઈન્તેકાલ પહેલાં લોકોએ આપને પૂછયું કે, જે લોકોએ આપને કોરડાઓનો માર માર્યો તેમના માટે તમારું શું કહેવું છે ? આપે જવાબ આપ્યો કે, મારે કશું કહેવાનું નથી. તેમણે મને અલ્લાહના માર્ગમાં માર્યો છે, કયામતના દિવસે હું તેમની પાસે એક જખ્મનો પણ બદલો માંગવાનો નથી.

અલ્લાહ તેના આવા નેક બંદાઓ પર તેની રહમત ઉતારે અને આપણને તેમના પગલે ચાલવાની હિંમત આપે. *(આમીન)*

## ★ તમારું ખાવા નેક લોકોને ખવડાવો એ શ્રેષ્ઠ છે ★

મદ્રસા કે દારૂલ ઉલૂમમાં પઢતા બાળકો પઢાવનાર ઉલમા તથા હુફ્ફાઝને ખવડાવવાનો ફાયદો એ છે કે તેઓ કુર્આન પઢશે, હદીષ પઢશે, તફસીર પઢશે અને ખાવા સુન્નત પ્રમાણે ખાશે જેમાં બમણો બલ્કે એથી વિશેષ સવાબ તમને મળશે. એ જ ગણત્રી સાથે **જનાબ હાફેઝ ઉસ્માન ફટકિયા–સાંસરોદવાળા** તરફથી મદ્રસા બરકાતે ખ્વાજા આમોદના તલબાને ૧૧ મી શરીફની ન્યાઝ જમાડી હતી. મૌલા તઆલા ગૌષ પાકના વસીલાથી બેહતરીન જઝા આપે. *આમીન*

**નોંધ** : અન્ય સખી દાતા ભલે આમ સુન્ની મુસ્લિમોને પણ ખવડાવે તેમાંય સવાબ છે પણ નેક લોકોને ખવડાવવામાં વિશેષ સવાબ છે તે પણ ન ભૂલે અને એનાથી સંસ્થાને પણ એટલો ફાયદો થશે. પોતાના ત્યાં જ નહીં ગરીબ ગામોમાં પણ પહોંચીને ત્યાં ન્યાઝ કરે એ પણ બેહતર છે. –*(તંત્રી : બરકાતે ખ્વાજા)*

# હાફિઝે મિલ્લતની સંક્ષિપ્ત જીવન ઝાંખી

**અઝ** : જનાબ મુહમ્મદ ઈમરાન રઝા દયાદરવી

*(મુતઅલ્લિમ અલ્ જામિઅતુલ્ અશરફિયહ્, મુબારકપુર)*

જયારે જયારે આ દુનિયામાં કુફ્રો શિર્ક, ઝુલ્મો તશદ્દુદની ઘનઘોર ઘટા છવાઈ, જયારે જયારે ફિસ્કો ફુજૂર ગુનાહો અને બુરાઈઓની આંધીઓ આવી, જયારે પણ પ્રકૃતિના વિરૂધ્ધ કાર્યો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો તો કાનૂને કુદરત પ્રમાણે હઝરત આદમ عليه الصلوٰة والسلام થી હઝરત ઈસા عليه الصلوٰة والسلام સુધી વિવિધ અંબિયા અને મુરસલીન عليهم الصلوٰة والسلام પોતાના સમયની જરૂરિયાત પ્રમાણે દા'વતો તબ્લીગ માટે તશરીફ લાવ્યા. અંતમાં ખત્મુલ્ મુરસલીન ખાતમુન્નબિય્યીન صلى الله تعالى عليه وسلم શ્રેષ્ઠ નબી બની તશરીફ લાવ્યા અને કયામત સુધી નબુવ્વતો રિસાલતનો દ્વાર બંધ કરી દેવામાં આવ્યો. પણ દીને હક્કની દા'વતો તબ્લીગનો સિલસિલો ચાલુ રહ્યો. અંબિયાએ કિરામના આ મિશનને અને રૂશ્દો હિદાયતના મહાન કાર્ય હેતુ : **(અર્થ)** : "ઉલમા અંબિયાના વારસ છે"ના મુજબ ઉમ્મતે મુહમ્મદિયહ્ના ઉલમા અને સાલેહીન ચુનવામાં આવ્યા, જેથી તેઓએ હર જમાનામાં મુસીબતો અને મુશ્કેલીઓનો સામનો કરી જીવનના અંતિમ □સ સુધી દીને હક્કની ખિદમત ફર્માવી. આ ઉમ્મત પર જેઓનાં સેંકડો એહસાન છે તેઓ પૈકી જલાલતુલ ઈલ્મ, ઉસ્તાઝુલ ઉલમા, વલીએ કામિલ હુઝૂર હાફિઝે મિલ્લત અલ્લામા શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી رحمة الله عليه ની અલ્ જામીઅતુલ્ અશરફિયહ્ મુબારકપુરની ઝાતે અકદસ પણ છે.

હિ. ૧૩૧૨ ઈ.સ. ૧૮૯૪ સોમવારના રોજ કસ્બા ભોજપૂર, જિ. મુરાદાબાદના એક દીનદાર, ગરીબ ખાનદાનમાં આપની વિલાદત થઈ. આપના વાલિદે માજિદ ગુલામનૂર બિન અબ્દુર્રહીમ હાફિઝે કુર્આન, દીનદાર અને નેક સીરત બુઝુર્ગ હતા. આપના દાદાજાન મુલ્લા અબ્દુર્રહીમે આપનું નામ હઝરત શૈખ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે દહેલ્વી عليه الرحمة والرضوان ના નામ પર અબ્દુલઅઝીઝ રાખી ફર્માવ્યું, "મારો આ સુપુત્ર દીનનો મહાન આલિમ બનશે."

સૌ પ્રથમ આપના વાલિદે માજિદે પોતાના પાસે જ કુર્આન હિફ્ઝ કરાવ્યું. પ્રાથમિક ઉર્દૂ અને ફારસી શિક્ષણ મૌલ્વી અબ્દુલ મજીદ મુરાદાબાદી અને હાફિઝ નૂર બખ્શથી પ્રાપ્ત કર્યું. પાંચ વર્ષ સુધી હિફ્ઝે કુર્આનના એક મદ્રસામાં મુદર્રિસ અને જુમ્મા મસ્જિદમાં ઈમામ રહ્યા. ત્યાર બાદ એજ્યુકેશન માટે જામિઆ નઈમિયા મુરાદાબાદમાં ત્રણ વર્ષ સુધી રહ્યા અને અધિક શિક્ષણ માટે હુઝૂર સદરુશ્શરીઅહ્ અલ્લામા અમજદ અલી આ'ઝમી عليه الرحمة والرضوان (લેખક : બહારે શરીઅત)ની બારગાહમાં હાજરી આપી, તે સમયે હઝરત સદરુશ્શરીઅહ્ મદ્રસા મુઈનિયા અજમેર શરીફમાં

તા'લીમી ખિદમત ફર્માવી રહ્યા હતા તો તેમણે હુઝૂર હાફિઝે મિલ્લતને ત્યાં આવવા આજ્ઞા કરી. આપની આજ્ઞાનુસાર શવ્વાલ હિ.સ. ૧૩૪૨ માં ત્યાં જઈ હુઝૂર સદરુશ્શરીઅહ્, મુહદ્દિષે આ'ઝમે પાકિસ્તાન અલ્લામા સરદાર અહમદ, ઈમામુન્નહ્વ અલ્લામા ગુલામ જીલાની મેરઠી, મુજાહિદે મિલ્લત મુહમ્મદ મુજીબુર્રહમાન ઓરિસ્વી عليه الرحمة والرضوان જેવા મહાન વિદ્વાનો અને બુઝુર્ગાને દીને પાસેથી તા'લીમ સંપૂર્ણ કરી.

ફરાગત બાદ હુઝૂર સદ્રુશ્શરીઅહ્ عليه الرحمة والرضوان ની ખિદમતમાં હાજર રહ્યા તે દરમ્યાન સદ્રુલ્ અફાઝિલ અલ્લામા સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી عليه الرحمة والرضوان એ આગ્રા જુમ્આ મસ્જિદમાં ઈમામત કરવા કહ્યું તો આપે અર્ઝ કરી, "હુઝૂર હું નોકરી કરવા ઈચ્છતો નથી!" હુઝૂર હાફિઝે મિલ્લત عليه الرحمة والرضوان નિઃસ્વાર્થ અને એક માત્ર અલ્લાહની રઝા માટે દીનની ખિદમત કરવા ઈચ્છતા હતા. માટે જ્યારે હુઝૂર સદ્રુશ્શરીઅહ્ عليه الرحمة والرضوان એ ફર્માવ્યું, "મુબારકપુર જાવ ! હું બહાર રહ્યો અને મારો જિલ્લો (વહાબિયત વગેરેથી) ખરાબ થઈ રહ્યો છે. "આપે અર્ઝ કરી હુઝૂર ! નોકરીનો ઈરાદો નથી ! તો હુઝૂર સદ્રુશ્શરીઅહ્એ ફર્માવ્યું, નોકરી માટે ક્યારે કહ્યું ? હું તો દીનની ખિદમત કાજે તમને મોકલી રહ્યો છું. દીનની ખિદમત કરશો અને એ ન જોતા કે શું મળી રહ્યું છે ? માટે ૨૯ સવ્વાલ, હિ.સ. ૧૩૫૨, ૧૪ જાન્યુઆરી ઈ.સ. ૧૯૩૪ માં પોતાના પવિત્ર પાવન કદમોથી મુબારકપુરની અજ્ઞાત ધરતીને સરફરાઝ ફર્માવી. એક મુદ્દત સુધી મદ્રસા અશરફિયહ્માં દર્સો તદરીસમાં વ્યસ્ત રહ્યા. પોતાની તનતોડ મેહનત, રાત દિવસની કોશિશો અને ખિદમતે દીનના નિઃસ્વાર્થ જઝ્બાથી આ મદ્રસામાં ચાર ચાંદ લગાડી દીધા. થોડા જ મહિના બાદ આપે મદ્રસા અહલે સુન્નત દારુલ ઉલૂમ અશ્રફિયહ્ મિસ્લાહુલ ઉલૂમ તારીખીની નામ "બાગે ફિરદોસ" (હિ.સ. ૧૩૫૩) મોટા બજાર મુબારકપુરની સ્થાપ્ના કરી. આપની વ્યવસ્થા હેઠળ આ સંસ્થાને એટલી ખ્યાતિ પ્રાપ્ત થઈ કે હિંદુસ્તાનના ચારે તરફથી જ્ઞાન પ્રેમીઓના જથ્થા આવવા લાગ્યા. પણ આપ આટલા પર ક્યાં સંતુષ્ટ થયા હતા ! આપની મનોકામના હતી એક અરબી યુનિવર્સિટી બનાવવાની. તો આપે પોતાની નિઃસ્વાર્થ અને અથાગ પ્રયાસોથી મુબારકપુરની વસ્તીથી બહાર ઈ.સ. ૧૯૨૨ માં અલ્જમિઅતુલ્ અશ્રફિયા નામની એવી જ્ઞાન ગંગા વહાવી જેમાં હિન્દો પાક અને દેશ વિદેશથી ઈલ્મના પ્યાસાઓએ આવી પ્યાસ બુઝાવી, જ્યાંથી આજે પણ ફય્ઝાને કુર્આનો હદીષના શ્રોતો વહી રહ્યા છે.

હાફિઝે મિલ્લત عليه الرحمة والرضوان શૈખુલ મશાઈખ હઝરત સય્યદના અલી હુસૈન અશ્રફીમિયાં عليه الرحمة والرضوان થી બયઅત થયા. દૌલતે ખિલાફત હઝરત અશ્રફીમિયાં તથા હુઝૂર સદ્રુશ્શરીઅહ્ عليه الرحمة والرضوان થી પણ પ્રાપ્ત થઈ. આ પ્રસંગનું વર્ણન કરતાં ફર્માવે છે, "તાલિબે ઈલ્મીના જમાનામાં હઝરત શૈખુલ મશાઈખ મૌલાના સૈયદ શાહ અલી હુસૈન કિબ્લા عليه الرحمة والرضوان કિછોછવી અજમેર શરીફ તશ્રીફ લાવ્યા તે સમયે હું હઝરતની ગુલામીમાં દાખિલ થયો. હઝરત મમ્દૂહ (હઝરત સૈયદ અલી હુસૈન અશ્રફી) મુબારકપૂર આવ્યા. હું આપની ખિદમતમાં હાજર થયો અને આપે મને ખિલાફત અર્પણ ફર્માવી તો મેં અર્ઝ કરી, "હુઝૂર ! હું આ લાયક નથી !" આપે ફર્માવ્યું : **દાદે હક્કા રા શર્તે કાબિલિયત નેસ્ત"** હઝરત અતિ કૃપાળુ હતા, ખૂબ શફકત ફર્માવતા હતા. હઝરત સદ્રુશ્શરીઅહ કિબ્લા عليه الرحمة والرضوان ની કાદરી રઝવી નિસ્બત પ્રાપ્ત થઈ. હઝરત સદ્રુશ્શરીઅહ્ عليه الرحمة والرضوان એ મને અને મૌલાના સરદાર અહમદ સાહબ عليه الرحمة والرضوان ને બરૈલી શરીફમાં ખિલાફત અતા ફર્માવી. *(મલ્ફૂઝાતે હાફિઝે મિલ્લત, પેજ-૧૦૯)*

સેંકડો લોકોએ આપથી બયઅત થઈ આપનો ફયૂઝ પ્રાપ્ત કર્યો અને કરી રહ્યા છે. જેમાં અધિકતા આલિમોની છે. આપના મુરીદીન અને મુતવસ્સિલીન આપની નિસ્બતથી પોતાના નામ સાથે "અઝીઝી" લખે છે.

આપના જીવનની એક એક પળ એક એક □સ ખિદમતે દીન માટે વકફ હતી. જ્યાં દીનના બાસલાહિયત મુહાફિઝો તૈયાર થાય એવા મદ્રસાઓની સ્થાપના આપની જિંદગીનો એકમાત્ર હેતુ હતો. તદ્ઉતરાંત તકરીર, વાઅઝ, દર્સો તઅલીમ, ખલ્કે ખુદાની હાજતરવાઈ જેવાં સંઘર્ષમય કાર્યોમાં વ્યસ્ત રહેવા છતાં આપે લેખાંકન દ્વારા પણ મસ્લકે અહલે સુન્નતની ખિદમત ફર્માવી. એક વાર આ બાબત ફર્માવ્યું : "શરૂઆતમાં મારી કલમ ઘણી તેજ હતી પણ વ્યસ્તતાના કારણે કાંઈ લખી ન શક્યો." આપની લેખનકૃતિઓમાં **(૧)** મઆરિફુલ હદીષ **(૨)** ઈર્શાદુલ કુર્આન **(૩)** અલ્ ઈર્શાદ **(૪)** અંબાઊલ ગૈબ **(૫)** અલમિસ્બાહુલ જદીદ (અકાઈદે ઓલમાએ દેવબંદ) **(૬)** ફિરકએ નાજીયા **(૭)** ફતાવા અઝીઝિયા **(૮)** અલ્ અઝાબુશ્શદીદ (અદેવબંદિયત) **(૯)** હાશિયા શર્હે મિર્કાત (અસંપૂર્ણ) જેવી અનમોલ કિતાબો છે.

હુઝૂર હાફિઝે મિલ્લત આલિમે દીન હોવા સાથે વલીએ કામિલ પણ હતા, સરકાર ﷺ ની સુન્નતોના ચુસ્ત પાબંદ હતા. આમ તો આપના જીવન ચરિત્ર પર આલેખિત કિતાબો મઆરિફે મિલ્લત, હાફિઝે મિલ્લત, અફકાર ઔર કારનામે, તજલ્લીયાતે હાફિઝે મિલ્લત, હાફિઝે મિલ્લત વિશેષાંક અશ્રફિયા મંથલી, મલ્ફૂઝાતે હાફિઝે મિલ્લત વગેરે કિતાબોમાં આપની અનેક કરામતો વર્ણવવામાં આવી છે. અત્રે માત્ર એક કરામત લખવામાં આવે છે :–

હાજી ખલીલ અહમદ મુબારકપુરી શીઆ સુન્ની ઝઘડામાં નાહક સપડાઈ ગયા. કોર્ટે આજીવન કેદની સજા સંભળાવી, તેમને બંધ કરી દેવામાં આવ્યા. પરંતુ મુબારકપુરના લોકોની જમાઅત પર કોર્ટે અમુક દિવસો માટે છૂટ્ટી આપી જેથી ઘરે આવ્યા. તો હાફિઝે મિલ્લત علیہ الرحمۃ والرضوان એ ફર્માવ્યું, "હાજી સાહબ ! હવે આપ ફરી જેલ નહીં જાવ !" દુનિયા એ જોયું કે સાચે જ હાફિઝો મિલ્લતના કથને કોર્ટના ફેંસલાને બદલી દીધો અને હાજી ખલીલ અહમદને હમેશાં માટે કેદથી મુક્ત કરી દેવામાં આવ્યા.

નબી, વલી પ્રત્યેક સજીવને એક દિન આખેરતનો સફર કરવાનો હોય છે માટે ૩૧ મે ૧૯૭૬ હિ.સ. ૧૩૯૬ સોમવાર રાત્રીના ૧૧ : ૫૦ કલાકે આપે વિસાલ ફર્માવ્યો અને નમાઝે જનાઝા ૧૩૯૬, ૩ જમાદિલ આખર, ૨ જૂન, ઈ.સ. ૧૯૭૬ દિવસના ૮ કલાકે જામિઅતુલ્ અશ્રફિયાના વિશાળ હોલમાં શહઝાદએ હાફિઝે મિલ્લત સાહબે સજ્જાદા હઝરત અબ્દુલ હફીઝે (હાલ સરબરાહે જામિઆ અશ્રફિયહ્)ની ઈક્તેદામાં અદા કરવામાં આવી. આપનો મઝારે પુર અન્વાર આજે પણ અશ્રફિયહ્ના વિશાળતમ ફિલ્ડમાં હજારો અકીદતમંદોનું રૂહાની કેન્દ્ર છે. આપ કેવળ એક આલિમે દીન અને મુદર્રિસ ન હતા, જ્યાં આપ શરઈ ઉલૂમમાં ઉચ્ચ સ્થાન ધરાવતા હતાં ત્યાં જ આપ સાહેબે તરીકત પણ હતા. ઝોહદો તકવા, સાદગી અને પરહેઝગારી, અમાનતો દયાનત, ખુલૂસો લિલ્લાહિયત, સબ્રો ઈસ્તેકામત અને ઈત્તેબાએ સુન્નતમાં પોતાના જમાનામાં આપ અજોડ હતા. જેમણે લાખો મુદર્રિસો, મુકર્રિરો, મુનાઝિરો, મુસન્નિફો, અને કેટલાયે મુફક્કિરો પૈદા ફર્માવ્યા. એટલે જ તો શાઈરે કેટલું સરસ કહ્યું છે :–

**જિસ્ને પૈદા કિએ કિત્ને લાલો ગૌહર**
**હાફિઝે દીનો મિલ્લત પે લાખોં સલામ**

✩ ✩ ✩ ✩

## બરકાતે ખ્વાજાની ટપાલ

### ★ બરકાતે ખ્વાજા (માસિક)ના આજીવન સભ્ય બન્યા ! ★

**૧.** શબ્બીર મુહમ્મદ ઘંટીવાળા (એંજીનીયર)–દયાદરા

**૨.** હાફેઝ ઉસ્માન ફટકિયા સાહબ–સાંસરોદ

બરકાતે ખ્વાજા (માસિક)ના ૨,૫૦૦–૨,૫૦૦ રૂા. ભરીને આજીવન સભ્ય બન્યા છે. મૌલા તઆલા તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં તેમની નેક નિય્યતનો બંને જહાનમાં બેહતરીન બદલો આપે. *(આમીન)* તમો પણ રૂા. ૨,૫૦૦/– ભરીને આજીવન સભ્ય કે રૂા. ૧,૦૦૦/– ભરીને પેટ્રન સભ્ય (પેટ્રનને ૧૧ વરસ અંક મોકલાશે) બની બનાવી સહકાર કરશો એવી અપીલ છે. *–તંત્રી બરકાતે ખ્વાજા*

### ★ શિકાગોમાં જશ્ને મીલાદુન્નબી મનાવાયો ★

શિકાગો શહેરમાં તા. ૧૫–૫–૦૪, શનીવારે રાત્રે દિવાન એવન્યુ પર આવેલ વિશાળ ''લાલ કિલ્લા હોલ''માં ''જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺ ''નો ભવ્ય પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. પ્રારંભમાં તિલાવતે કલામે પાક બાદ અમેરિકાના મશહૂર નઅતખ્વાંભાઈઓ જનાબ દિલાવર પટેલ, અબ્દુર્રઉફ લાંગ્યા તથા ઝફર કાદરીએ નઅત શરીફના ગુલદસ્તા પેશ કર્યા હતા. ત્યારબાદ શિકાગોના મશહૂર આલિમેદીન, મુફતીએ આ'ઝમે શિકાગો હઝરત અલ્લામા મૌલાના મુહમ્મદ હફીઝુર્રહ્માન સાહેબે નૂરાની બયાન ફર્માવ્યું હતું. મુફતી સાહેબના બયાન બાદ કરાંચી (પાકિસ્તાન)થી પધારેલ ખાસ આમંત્રિત મેહમાન, કાઈદે અહલે સુન્નત, હઝરત મૌલાના સૈયદ શાહ તુરાબુલ હક્ક કાદરી રઝવી સાહબે શાનદાર તકરીર ફર્માવી હતી. અંતમાં સલાતો સલામ અને દુઆ કરવામાં આવી હતી. આખો હોલ આશિકાને રસૂલથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. અત્રે એ યાદ આપવું ઘટે કે હઝરત અલ્લામા શાહ તુરાબુલ હક્ક સાહબ મસ્લકે આ'લા હઝરતના પ્રખર હિમાયતી છે.

તા. ૧૬–૫–૦૪ રવીવારે સોયર એવન્યુ પર આવેલા મદ્રસએ ગૌષિયહ્‌માં હઝરત અલ્લામા શાહ તુરાબુલ હક્ક સાહબનો દીની સવાલોનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો, જેમાં પણ વિશાળ માનવ મેદનીમાંથી પૂછવામાં આવેલ શરીઅતો તરીકતને લગતા સેંકડો સવાલોના આલિમાના જવાબ આપી હઝરતે લોકોને ખુશ કરી દીધા હતા.

*–[**રજૂકર્તા** : ઈકબાલ લાંગ્યા, અબ્દુલ્લાહ ઈસા (મામા) (અંજુમને ગુલામાને ગૌષિયહ્‌, શિકાગો)]*

☆ ✭ ★ ✪

### ★ દયાદરામાં જશ્ને ૧૧વીં માં નઅતિયા મનકબતિયા મુકાબલો ★

૧૧ મી શરીફની રાતે મોટા ચકલા પર હઝરત સૈયદ બડા સાહબની સદારતમાં સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા) થકી શાનદાર નઅતો–મનકબતોના મુકાબલામાં મદ્રસા મઝાહેરુલ ઉલૂમ દયાદરાના બાળકોએ ભાગ લીધો હતો. બાળકોએ ખૂબ જ સરસ અંદાઝમાં નઅત–મનકબતો પેશ કરી મજમાને મુગ્ધ કરી દીધો હતો. પબ્લિકે પણ બાળકોને ખૂબ પ્રોત્સાહિત કર્યાં હતાં. ધગશ વધારી તેમને વધાવી લીધાં હતાં. સર્વને ઈનામમાં રોકડ, પેન, કિતાબો, બરકાતે ખ્વાજા અંક વગેરે તથા ૧ થી ૩ નંબરને ખાસ ઈનામો આપવામાં આવ્યાં હતાં. બીજા દિવસે જુલૂસે ગૌષિયા બાદ ગૌષપાકના બાલ મુબારકની ઝિયારત (મસ્જિદમાં) પછી અકુજી હોલમાં ન્યાઝ જમાડવામાં આવી. મહીનામાં કુલ **આઠ** વાર પૂરા ગામને ન્યાઝ વિવિધ સખીઓ થકી જમાડવામાં આવી.

**ઉમલ્લા** : માં જશ્ને ગૌષે આ'ઝમ તા. ૬–૬–૦૪ ના રોજ શાનો શૌકતથી મનાવાયો. એ નિમિત્તે હઝરત સૈયદ સુબ્હાનીમિયાં અશરીફની સદારતમાં સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગ જનાબ ઈમ્તેયાઝ ભાઈ (બરકાતે ખ્વાજા મદ્રસા–આમોદ) એ ઈમાન અફરોઝ તકરીર કરી હતી. બીજા દિવસે આમ ન્યાઝ રાખવામાં આવી હતી.

*–(**રજૂકર્તા** : અ. કાદિર જે ખત્રી)*

**★ મસ્જિદના બાંધકામ માટે આવેલી ઓફરો ★**

**૧. મસ્જિદે હસની હુસૈની**
C/o. સૈયદ અહમદ હુસૈન હબીબમિયાં ઠે. બોર તળાવ, ધોબી ઘાટ, મુ. ભાવનગર, ફોન : ૨૪૩૭૦૩૯
**(મસ્જિદ સાથેની જમીન માટે બે લાખની તાત્કાલિક જરૂર છે.)**

☆ ★ ★ ★

**૨. ભાગલીવાડ મસ્જિદ–જંબુસર**
**(જમાઅતખાના તથા સહેન વિગેરેના ફિનિશિંગ માટે ૧૦ લાખની જરૂર છે)**

☆ ★ ★ ★

**૩. નેત્રંગ મસ્જિદ–નેત્રંગ** (તા. વાલિયા, જિ. નર્મદા)
**(ફિનિશિંગ માટે કમસે કમ પાંચ લાખની જરૂર છે.)**

☆ ★ ★ ★

**૪. નગીના મસ્જિદ–ભોજ**, તા. પાદરા
ફોન : ૦૨૬૬૨–૨૬૭૨૫૭ **(મસ્જિદ શહીદ કરેલી છે)**

☆ ★ ★ ★

**૫. પંજતન્યા તા'લીમુલ મુસ્લિમીન (મસ્જિદ, મદ્રસા)** C/o. સૈયદ મુહમ્મદઅલી અકબરઅલી, મહાવીર સોસાયટી પાસે–ઉકરડી રોડ મુ. દાહોદ, ફોન : ૨૨૦૬૧૫

☆ ★ ★ ★

**૬. ચિશ્તિયા મસ્જિદ–ભરૂચ**
વસીલા સોસાયટી–ભરૂચ **(૮ લાખનો પ્લાન છે.)**

☆ ★ ★ ★

**૭. સાધી મદ્રસા–સાધી**, તા. પાદરા
**(૩૦ હજારની તાત્કાલિક જરૂર છે.)**

☆ ★ ★ ★

**૮. મદ્રસા ગરીબ નવાઝ–તીલકવાડા** જિ. નર્મદા **(૪ લાખની જરૂર છે.)**

**ખાસ નોંધ** : લિલ્લાહ, ખૈરાત, નઝરો–નિયાઝની તથા મર્હૂમોને સવાબ અર્થેની રકમોને આ કામોમાં પણ વાપરો ! આ પાયાનાં કામો છે !

કેટલાક ભાઈઓ જ્યારે મર્હૂમોના કે પોતાના સવાબ અર્થે રકમ આપવા બેસે છે તો પોતાના જ ગામમાં જરૂર હોય કે ન હોય વરસો વરસ લાખો રૂપિયા આપે છે ! જ્યારે આવી જગાઓએ સહાય ન પહોંચતાં વહાબી દેવબંદી હાથ મારી જાય છે ! તો હવે સમજો અને જરૂરત વધુ ક્યાં છે તે જગા શોધો ! ૧૧ મીના મહીનામાં **ગૌષિયા મસ્જિદ** માટે ૬ટ્ટી શરીફમાં **મસ્જિદે ખ્વાજા ગરીબ નવાઝ** બનાવવા માટે દિલ ખોલીને રકમો કાઢો. નામના કમાવાવા નહીં સવાબ કમાવા પૈસા ખર્ચો !

*–**પ્રમુખ** : ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા*

**★ પોસ્ટકાર્ડ લખી કિતાબ મફત મંગાવો ★**

**કિતાબ :** (૧) નમાઝ અને લાઉડ સ્પીકર
(૨) આદાબે મસ્જિદ

**સંપાદક :** મો. અમીન એ. ચોલા રઝવી નૂરી
**પ્રકાશક:** ગરીબ નવાઝ કમિટી, C/o. ઉસ્માનભાઈ એમ. મન્સુરી, રેલ્વે કોલોની, કવાર્ટર નં. ૯૧/ડી, મુ. હાપા–૩૬૧ ૧૨૦, તા. જિ. : જામનગર

અમુક મસ્અલાઓમાં મતભેદ પહેલાં પણ હતો અને આજે પણ છે, પણ **આજની પરિસ્થિતિ વિચિત્ર છે કે જબરદસ્તી કરવામાં આવે છે કે અમારી વાત જ માનો ! એના પર જ ચાલો !** મસ્જિદોમાં નમાઝ માટે આમ પબ્લિક આવતી હોય છે, કોઈ ચાહે કોઈ ન ચાહે છતાં જુમ્આની નમાઝ વખતે, તરાવીહમાં માઈક ચાલુ રહે છે ! જ્યારે કે દરેકને સુકૂન રહે એવું કરવું જોઈએ જેથી મતભેદવાળા મસ્અલામાં બચવું જ શ્રેષ્ઠ છે. **એ જ પ્રમાણે અન્ય વિવાદી મસ્અલા (જેમ કે V.D.O.)ને લોકો પર હેન્ડ ગ્રેનેડ જેમ ઝીંકી ન દેવા જોઈએ !**

ખૈર ! આગલા બુઝુર્ગો જેમની તહકીક શ્રેષ્ઠ હતી, તક્વો પણ શ્રેષ્ઠ હતો તેમનાં મંતવ્યો વાંચવા ઉપરોક્ત કિતાબ તેમજ મસ્જિદના આદાબ જાણવાની કિતાબ પણ પ્રકાશકના સરનામેથી જરૂર મંગાવો. *–(તંત્રી : બરકાતે ખ્વાજા)*

**મકનપુર શરીફ** : મહાન વલી હઝરત સૈયદ બદીઉદ્દીન ઝિંદાશાહ મદાર رحمۃ اللہ علیہ નો ઉર્સ મુબારક તા. ૪–૫–૬ જુલાઈના દિવસોમાં શાનો શૌકતથી મનાવવામાં આવશે. (વિલાદત : સીરીયાના હલબમાં

૧–શવ્વાલ હિ.સ. ૨૪૨, વિસાલ : ૧૭ જમા. અવ્વલ, હિ.સ. ૮૩૮, ઉમ્ર શરીફ : ૫૯૬ વર્ષ)

### ★ મોઈને મિલ્લતને હઝરત મુફ્તી અમીરે મિલ્લત એવોર્ડ મુબારક હો ! ★

ઉર્સે આ'લા હઝરતના મુબારક પ્રસંગે મોઈને મિલ્લત પીરે તરીકત હઝરત સૈયદ મોઈનુદ્દીનબાવા (ખાનકાહે અહલે સુન્નત–વડોદરા)ને બરેલી શરીફના સજ્જાદાનશીન હઝરત અલ્લામા સુબ્હાન રઝા–સુબ્હાનીમિયાં તથા અન્ય હઝરાતના હાથે "હઝરત મુફ્તી અમીરે મિલ્લત એવોર્ડ" વિવિધ અગ્રણી ઉલમા, શાયરો, પીરઝાદાઓની હાજરીમાં ઉર્સના વાર્ષિક જલસામાં એનાયત કરવામાં આવ્યો. (મુબારકબાદ ! –*તંત્રી : બરકાતે ખ્વાજા*)

### ★ મદ્રસા નૂરે મુહમ્મદીનો વાર્ષિક જલ્સો ★

મદ્રસએ નૂરે મુહમ્મદી, રોશન પાર્ક, ભરૂચનો વાર્ષિક ઈમ્તેહાન તા. ૨/૫/૨૦૦૪ ના રોજ થયો. તા. ૯/૫/૨૦૦૪ ના રોજ બાદ નમાઝે ઈશા આઈશા મસ્જિદ રોશન પાર્ક ભરૂચમાં બચ્ચાઓનો વાર્ષિક ઈનામી જલસો થયો. માશાઅલ્લાહ ! ટ્રસ્ટી સાહેબોની દેખરેખ તેમ જ મુદર્રિસોની મહેનતને લઈને જલ્સો ઘણો જ કામયાબ રહ્યો. મૌલા તઆલા મદ્રસા નૂરે મુહમ્મદીને દીનદુની રાત ચૌગુની તરક્કી અતા ફર્માવે. નૂરે મુહમ્મદી જલ્સા ન્યાઝ કમિટી રોશન પાર્ક ભરૂચ તરફથી ૧૧ મી શરીફની સમૂહ ન્યાઝ મસ્જિદે આઈશાના મેદાનમાં શાનદાર રીતે મનાવવામાં આવી.

### ★ વાંચકો લખે છે ! ★

અસ્સલામુ અલૈકુમ ! મોહતરમ જનાબ, શબ્બીર ભાઈ પટેલ તેમજ બરકાતે ખ્વાજા પરીવાર ! આપના બરકાતે ખ્વાજાના દરેક અંક મેં પઢયા છે અને આપની આ અનોખી ખિદમત અલ્લાહ તઆલા કબૂલ ફર્માવે અને આપના, ઈલ્મ, અમલ અને ઉંમરમાં વધારો આપે. (આમીન) આપની અનોખી નિઃસ્વાર્થ ખિદમત જોઈ મને પણ ખિદમત કરવાની લાગણી જન્મી છે. તેથી હું એક લેખ લખી મોકલું છું મને ઉમ્મીદ છે કે આપ કબૂલ કરશો.

*–મૌલાના સાદિક સાબરી ચિશ્તી દહેગામી–જંબુસર*

[મૌલાના સાહબ ! વઅલૈકુમ સલામ, પત્ર બદલ આભાર આપનો લેખ ઈન્શાઅલ્લાહ ! આવતા મહીનામાં સમાવીશું. –*તંત્રી : બરકાતે ખ્વાજા*]

☆ ★ ★ ★

અસ્સલામુ અલૈકુમ, આપ સર્વેની ખૈરિયત ખુદા પાકથી ચાહીએ છીએ **"બરકાતે ખ્વાજા"** (માસિક)માં પીરસાતી ઈસ્લામી, મુસ્લિમ જગતની વિવિધ માહિતી તથા સુન્નીઓને ડંકાની ચોટ પર ઉજાગર કરતી વિચારોત્તેજક, મનનીય વાંચન–સામગ્રી બદલ હૃદયના ઊંડાણેથી મુબારકબાદ ! ઘણા સુન્ની માસિકો, રિસાલા ગુજરાતી ભાષામાં પ્રગટ થઈ રહ્યા છે. બેશક ! **"બરકાતે ખ્વાજા"** તેમાં નવી ભાત પાડી રહ્યું છે. દીન–કૌમના પ્રશ્નો, મસ્લકની હકીકત તથા સચ્ચાઈ, બાતિલની ખુલ્લી રદ વિગેરે નીડરતાપૂર્વક કરવા બદલ "બરકાતે ખ્વાજા" પરિવારની હિંમત, ધગશ, હોંસલાને દિલી દાદ અને હૃદયથી તેની કામયાબી માટે દુઆ છે.

*–સૈયદ તવફીક હુસૈન ઈમદાદ હુસૈન–વિજાપુર*

**પાલેજ** : ૨૭–૪–૦૪ ના રોજ ઈશા બાદ આઝાદ નગરીમાં મદ્રસા બરકાતે ખ્વાજા આમોદથી આવેલા મુબલ્લિગોએ હુઝૂર ﷺ ની સીરત પર તકરીર કરી સુન્નતો આમ કરવાની દા'વત આપી.

*–અ. મજીદ શેખ ઓપરેટર–પાલેજ*

### ★ શાદીમાં મીલાદે પાકની મેહફિલ ★

હલદરવા (તા. કરજણ)ના ગુલામ ઉમરજી કાળાના નેક ફરઝંદ આસિફની શાદી પરિએજના ઈસ્માઈલ મૂસા જોખાની નેક દુખ્તર રેહાનાબાનુ સાથે તા. ૧૦–૬–૦૪ ના રોજ થઈ. તે પ્રસંગે તા. ૮–૬–૦૪ ના રોજ રાત્રે ઈશા બાદ હલદરવા મુકામે સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો નઅતખ્વાં જનાબ વાસિફ રઝા તથા જનાબ સૈયદ અહમદ રઝા (મુંબઈ)એ અનોખા અંદાઝમાં નઅતોના ગુલદસ્તા પેશ કરી પબ્લિકને ઈશ્કે નબીમાં ઝુમાવી દીધી હતી. શાદી જેવા પ્રસંગે માલદારો તથા ગરીબો પણ નાચ ગાનની પાર્ટીઓ, બેન્ડ બાજા ખખડાવી ગુનાહોની વર્ષામાં નહાય છે ! તેવા સમયે સરકાર ﷺ ની મહોબ્બતના ગુણગાન સંભળાવતી નઅતોના આવા પ્રોગ્રામો કરાવવા એ સાચા ઈશ્કનો તકાઝો છે. મુબારકબાદ ! છે આ દુલ્હા દુલ્હનને તથા માં બાપોને. *–(તંત્રી : બરકાતે ખ્વાજા)*

# એ પરચો જૂઠો છે ! બોગસ છે ! હંબગ છે !

**રજુ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા)*

વરસોથી એક પરચો **"યહ સચ હય ! યહ સચ હય !"** તેમજ **"પઢો ઔર પઢકર સુનાઓ !"** વગેરે હેડીંગ સાથે છપાતો રહે છે અને ઝેરોક્ષો થઈને વહેંચાતો રહે છે. તેમાં શરૂઆતમાં લખે છે કે;

**"મદીના શરીફસે શૈખ અહમદને વસિયતનામા ભેજા હય કે જુમ્આ કી રાત કો મૈં અપને મકાનમેં કુર્આન શરીફ પઢ રહા થા...."**

પછી તેને છપાવવા બાબતે લખે છે કે : **"ગરીબ છપાવાએગા માલદાર હો જાએગા, કરજદાર કા કરજ અદા હો જાયેગા..."** પછી લખે છે : **".....એક શખ્સને જૂઠ સમઝા તો ઉસકા બેટા મર ગયા !..."** તથા એમાં હવે ઉમરો થયો છે કે; **"અજમેર મેં અલાઉદ્દીન પીર સાહબ કા રોઝા નિકલા હૈ.."** તેમાં પણ તેને છપાવવાથી થતા ફાયદા અને ન છપાવનારને થતાં નુકસાન વિશે લખેલ છે.

**આ પરચો જૂઠો, બોગસ, હંબગ છે.** તેને ન છપાવવો ન વહેંચવો ન તેની વાતોને ધ્યાનમાં લેવી. **બરેલી શરીફ**થીએ વિશે બહું પહેલાં ફત્વો પર બહાર પડયો હતો તેમજ **તયબાહ** માસિકમાં પણ અમદાવાદથી એના બોગસ હોવાની જાહેરાત થઈ હતી. વળી હવે એવા જ લખાણવાળા બોગસ પરચા થોડા ફેરફાર સાથે કોઈ હિંદુના લખેલા ગુજરાતી તથા હિંદીમાં વહેતા થયા છે ! લખાણ પરથી ખબર પડે છે કે આ લખાણ કોઈ ગૈર મુસ્લિમનું છે.

પણ શું થાય જાહિલ પબ્લિકનું ! એક ભાઈ મને રસ્તામાં મળ્યા, મને કહે કે આ પરચો લો ને ૧૦૦–૨૦૦ કોપીઓ છપાવી આપજો, જે ખર્ચો થશે તે આપી દઈશ. મેં પરચો જોયો તો હું સમજી ગયો કે આ તે જ બોગસ પરચો છે. જેથી મેં તેમને ઉપર મુજબ સમજાવ્યા છતાં કહે કે, યાર ! શું થાય હવે ! વંચાઈ ગયું તે છપાવવો જ પડશે નહીં તો નુકસાન થશે !! મેં કહ્યું, ભાઈ ! આ ન કુર્આનનો હુકમ છે ન હદીષનો ન કોઈ આલિમ કે બુઝુર્ગનો, આ તો નનામો પરચો છે જેમાં કોઈ જ હવાલો પણ નથી. પણ હું તમને કહું, **બહારે શરીઅત** મશહૂર કિતાબ (**લેખક** : સદરુશ્શરીઅહ્ અમજદઅલીખાં رحمۃ اللہ علیہ)માં સહીહ હદીષ છે કે, **"જેણે જાણી જોઈને નમાઝ છોડી દીધી તેનું ઘર, કુટુંબ, ઔલાદ સર્વનાશ પામ્યું !"** શું આ વાત પર તમારું ઈમાન છે ? કહ્યું કે, હા ! છે ! છતાંય જુઓ મોટા ભાગના લોકો બેધડક નમાઝો છોડે છે કે નહીં ?! તો એમણે કાન પકડયા ! અને વાત ગળે ઉતરી કે પરચો ખરેખર બોગસ છે ! પછી મેં કહ્યું કે, **હવે જો તમારે આવી સ્ટાન્ડર્ડ સાહિત્યની કિતાબો છપાવવામાં મદદ કરવી હોય તો મને જણાવો, આપણે અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા થકી કિતાબો છાપીએ છીએ.** તો એ ભાઈ, હા ! હા ! આપણે પછી મળીશું ! કહીને વિદાય થઈ ગયા !

આ છે જેહાલત ! કે **જૂઠા પરચામાં અધ્ધર કોઈ છાપી દે કે "આવું નહીં કરો તો તમારો પુત્ર મરી જશે, ધંધામાં નુકસાન થશે ! તો ગભરાઈ ઉઠે** ! વાહ ! મુસલમાન વાહ ! તો શું આખેરતના નુકસાન પર તારું ઈમાન નથી ! અને રસૂલે ખુદા જણાવે છે કે, **"જેણે જાણી જોઈને નમાઝ છોડી દીધી તેનો સર્વ નાશ થયો !"** તથા **"તેનું નામ જહન્નમના દરવાજા પર લખી દેવામાં આવે છે."** તેને તું ગંભીર વાત નથી સમજતો ! આ કેવું કમજોર ઈમાન છે ! હે મુસલમાન ! સાવધાન થઈ જા ! અને આવાં બોગસ કામો–પરચા પ્રતિ ધ્યાન ન આપ ! ન પૈસા તથા દિમાગ બગાડ ! બલ્કે દીન શીખ અને તકવો અપનાવ અને દીનની ખિદમત કર ! તનથી, મનથી, ધનથી, દીનની ખિદમતમાં લાગી જા એમાં જ ભલાઈ છે.

# ગાળ તથા ગંદી વાણીની આદત તથા બિભત્સ ગીતો વિશે ફર્માન

*દિન લહ્‌વમેં ખોના તુઝે—શબ સુબ્હ તક સોના તુઝે*
*શર્મે નબી ખૌફે ખુદા યે ભી નહીં ! વો નહીં !*
*રિઝ્કે ખુદા ખાયા કિયા ફર્માને હક્ક ટાલા કિયા*
*શુક્રે કરમ, તરસે સઝા યે ભી નહીં ! વો ભી નહીં !* —(આ'લા હઝરત رضی اللہ عنہ)

અફસોસ ! કે જે કૌમના રસૂલ ﷺ અખ્લાકના ઉચ્ચ સ્થાને હોવાનું રબ તઆલા એ'લાન ફર્માવે છે : وَاِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ (અર્થ) : **"અને બેશક ! તમારું ચારિત્ર્ય (અખ્લાક) અતિ ઉચ્ચ છે."** *(સૂ. કલમ, આ. ૪)*

તેમના જ કહેવાતા આશિકોની આજે મોટા ભાગે એવી હાલત છે કે વાણી વર્તનમાંથી સભ્યતાનું નામો નિશાન મિટાવી ચૂક્યા છે. ઘરમાં બાળકે ઔરતોની હાજરીમાં કે બહાર બેધડક માં બહેનની ગાળો બોલતા રહે છે, જૂઠ તથા ગંદીવાણીનો પ્રવાહ મોઢેથી વહેતો રહે છે, બિભત્સ વાતો તથા શરમને નેવે મૂકી દે તેવાં ગીતો ગાવાં સાંભળવાં કે ટી.વી. પર જોવાં જાણે નિત્યક્રમ થઈ ગયો છે. આજે મોટા ભાગની મેહફિલો જઈને જુઓ તો તેમાં જૂઠ, ગાળ, એકબીજાની ઠેકડી ઉડાડવી, બેઈજ્જતી કરવી, ઠઠ્ઠા મશ્કરી આ બધું એવું સામાન્ય થઈ ગયું કે જાણે તેને ગુનો જ નથી જાણતા ! **બલ્કે ગાળ બોલવાને તો પોતાની નિશાની ઠરાવે છે ! અમે તો ગાળ બોલીએ તો જ ઓળખાઈએ ! અસ્તગફિરુલ્લાહ !**

હે મુસલમાનો ! આવો ! તમે જે રસૂલનો કલ્મો પઢો છો, જેમને જાનથી અધિક પ્રિય કહો છો ! તે પ્યારા રસૂલે પાક ﷺ શું ફર્માવે છે ? જુઓ સાંભળો ! : બિભત્સ ગીતો (ગાયનો) શૈતાની રસમ છે અને કાફિરોની રીત છે. **શૈતાન મલઊન બેહયા છે** અને **અલ્લાહ عزوجل અસીમ હયાવાળો છે.**

બેહયાઈની વાતથી હયાવાળો (રબ તઆલા) નારાજ થાય છે અને તે બેહયાઓનો ઉસ્તાદ (શૈતાન) તેમને પોતાનો મસ્ખરો (ઠઠ્ઠા કરનાર) બનાવશે. હદીષે પાકમાં છે :— **"જન્નત દરેક ગંદી વાણી બકનાર માટે હરામ છે."** —*(હિલિયા)*

આ કોણ ફર્માવે છે ?! અલ્લાહના પ્યારા નબી ﷺ ફર્માવે છે કે :— **"હયા (શરમ) ઈમાન છે અને ઈમાન જન્નતમાં છે અને બિભત્સ બકવું (ગંદી વાણી) બેઅદબી છે અને બેઅદબી દોઝખમાં છે."** *(જામેઅ તિર્મિઝી વગેરે)*

આગળ ફર્માવે છે :— **"શરમ અને કમ બોલવું ઈમાનની બે શાખો છે અને બિભત્સવાણી અને જીભનું તેજ હોવું નિફાક્નાં બે ક્ષેત્રો છે."** *(ઈમામ અહમદ, તિર્મિઝી)* એક હદીષમાં છે :— **"બિભત્સપણુ જ્યારે કોઈ ચીજમાં પ્રવેશ પામશે તો તેને અચબદાર કરી નાખશે, અને હયા કોઈ ચીજમાં પ્રવેશે તો તેને સજાવી દેશે.** *(ઈમામ અહમદ, બુખારી)* તથા ફર્માવ્યું : "અપશબ્દવાળી (ગંદી) વાણી મનહૂસ છે." —*(તિબ્રાની)*

યહ્યા ઈબ્ને ખાલિદે કહ્યું :— **"જ્યારે તું કોઈને જુએ કે ગંદી વાણી બકનારો બેશરમ છે તો જાણી લે કે તેની અસ્લમાં ખતા (તે હરામી) છે."** *(તયસીર શરહે જામિઉસ્સગીર, બહવાલા ફતાવા રઝવિય્યહ્—૨૨)*

દોસ્તો ! એક સમજદાર ઈન્સાન માટે, દીને ઈસ્લામના ચાહક માટે, રસૂલે પાક ﷺ ના આશિક માટે ગાળો ત્યજવા, બિભત્સ ગીતો, વાતો બોલવા સાંભળવાથી તૌબા કરવા માટે આટલી વાતો પૂરતી છે અને જેમને જહન્નમનો ડર નથી, ખુદાનો ખૌફ નથી રસૂલે કરીમ ﷺ ની શરમ જ નથી ! તેને કોણ સમજાવી શકે ?! બસ ! અલ્લાહ તઆલા આપણને સૌને અપશબ્દો, બિભત્સ વાતો, ગીતોથી દૂર રાખી તેના ઝિક્રમાં મશ્ગૂલ રાખે. *(આમીન)*

—*[સંપાદક : તંત્રી : બરકાતે ખ્વાજા]*

# સલામની સુન્નત તથા
# કોઈના ઘરમાં જવાનો ઈસ્લામી તરીકો

(કાર્યાલય તરફથી)

### ★ મુસલમાન અને જીવન પધ્ધતિ કાફિરો જેવી !! ★

વર્તમાનકાળમાં મુસલમાન ગૈરોના રંગમાં રંગાઈને એવો બની ગયો છે કે તેનામાં જાહેરી રીતે કોઈ લક્ષણ મુસલમાન તરીકેનું જોવા મળતું નથી. ઈલ્લા માશાઅલ્લાહ ! ઈસ્લામી નિયમોથી જાણે તેને કોઈ લગાવ જ નથી એ રીતે ન ચહેરો મુસલમાનની ચાડી ખાય છે ન પહેરવેશ ન તેની વાણી કે વર્તનમાં ઈસ્લામ ઝલકે છે બલ્કે ઈસ્લામના દુશ્મનો યહૂદ તથા નસારાના જેવો દેખાવ, તેવી અદાઓ, તેવી સ્ટાઈલો, તેવી વાણી એ તેનો જીવનક્રમ બની ગયો છે. સરકારે દો જહાં ﷺ ની સુન્નતોથી માઈલો દૂર થઈ ગયો છે અને બેહયાઈ તથા બિભત્સતાભરી જિંદગી જીવતી કૌમ તથા ફિલ્મી હીરો હીરોઈનોની સ્ટાઈલોને પ્રેમથી અપનાવી રહ્યો છે !

આપસમાં મુસલમાનોએ એક બીજાને સલામ કરવી એ સરકારે દો જહાં ﷺ ની અતિ પ્યારી સુન્નત છે. અને એનાથી એકબીજામાં મહોબ્બત વધે છે.

### ★ આપસમાં મહોબ્બત પેદા કરવાનો ઈલાજ ★

હુઝૂર ગયબદાં નબી ﷺ એ ફર્માવ્યું : હે મુસલમાનો ! એ ખયાલ રાખશો કે તમારામાં તે મનહૂસ ચીજ પેદા ન થઈ જાય જેના કારણે તમારાથી આગલી કેટલીયે ઉમ્મતો બર્બાદ થઈ ચૂકી, અને તે ચીજ છે ઈર્ષા તથા અદાવત. અને કસમ છે મને તે રબની જેની કુદરતના તાબામાં મુહમ્મદ ﷺ ની જાન છે કે તમે ત્યાં સુધી હરગિઝ જન્નતમાં દાખલ ન થવા પામશો જ્યાં સુધી કે તમે એકબીજા સાથે મિત્રતાપૂર્ણ મહોબ્બત રાખશો નહીં, અને મહોબ્બત પેદા કરવાનો ઈલાજ એ છે આપસમાં એકબીજાને સલામ કરો.

### ★ સલામમાં પહેલ કરનાર અલ્લાહનો પ્રિય છે ! ★

હુઝૂર તાજદારે મદીના ﷺ એ ફર્માવ્યું, "લોકોમાં અલ્લાહથી અધિક નજીક (પ્રિય) તે જ શખ્સ છે જે સલામમાં પહેલ કરે." *(રિયાઝુસ્સાલેહીન)*

આજકાલ ઘમંડમાં રાચતા કેટલાક લોકો એવું વિચારે છે કે સામો મને સલામ કરે ! હું શા માટે સલામ કરું ? જ્યારે કે સલામમાં પહેલ કરનાર તો અલ્લાહનો મુકર્રબ (પ્રિય) બને છે. (સુબ્હાનલ્લાહ !) અરે હુઝૂર ﷺ હમેશાં સલામમાં પહેલ કરતા એટલે સુધી કે બાળકોને પણ પહેલા સલામ કરતા ! તો આપણે પણ સરકાર ﷺ ની આ જ સુન્નત પર અમલ કરવા સતર્ક રહેવું જોઈએ.

### ★ પોતાના કે અન્યના ઘરમાં દાખલ થતાં પહેલાં સલામ કરો ★

આજકાલ નાદાનો જેમ ધડ દઈને કોઈના ઘરમાં અંદર સુધી લોકો રજા વિના જાય છે ! ન સલામ ન કલામ ! તેઓ આ હદીષથી સબક લે. હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, "હે બેટા ! જ્યારે તું તારા ઘરમાં દાખલ થાય તો સલામ કહે ! એ તારા તથા તારા ઘરવાળાંઓ માટે બરકતનો સબબ બનશે." *(તિર્મિઝી)*

એ જ પ્રમાણે ઘરેથી નીકળતી વેળા યહૂદ તથા નસારા જેમ "બાય ! હાય !" કે "ટા–ટા" નહીં પણ

અનુ. ટાઈટલ નં. ૦૩ ઉપર

સલામ જ કરવી જોઈએ. વળી અન્ય શબ્દો "ખુદા હાફિઝ" કે "ફી અમાનિલ્લાહ" ભલે કહે પણ છેવટે તો સલામ જ કહે કે એ જ સુન્નત છે.

## ★ કોઈના ઘરમાં ડાયરેક્ટ ઘુસ ન મારો ! ★

કોઈને મળવા જાવ તો બહાર દરવાજાની એક તરફ ઉભા રહી કહો, "અસ્સલામુ અલૈકુમ ! હું અંદર આવી શકું !" આ રીતે કરતાં જવાબ મળે તો જ અંદર જાવ. ત્રણ વાર સલામ કરવા છતાં જવાબ ન મળે તો પાછા ચાલ્યા જાવ ! એ જ સુન્નત છે. **કેટલાક ભાઈ બહેનો તો કશોય અવાજ કર્યા વિના કોઈના ઘરમાં પેસી જઈને અંદર શયનખંડ કે રસોડા સુધી પહોંચી જાય છે !** તેઓ આ હદીષથી સબક લે :–

હદીષમાં આવ્યું છે કે એક સહાબીએ પૂછયું કે શું હું મારી માંના ઘરે પણ રજા લઈને જાઉં ?! ફર્માવ્યું, હા ! તે સહાબીએ કહ્યું કે હુઝૂર ! હું તેમની ખિદમતમાં રહું છું તોય ?! છેવટે હુઝૂરે ફર્માવ્યું કે શું તમે ચાહો છો કે તમારી માં ને નગ્ન જુઓ ! સહાબીએ કહ્યું, ના !

સારાંશ કે ઘરમાં માણસ નચિંત હોય છે, બેફિકરાઈથી સૂએ બેસે છે, બહેનો પણ પર્દામાં નથી હોતી કેમ કે કોઈ ગૈર મહરમ ત્યાં નથી હોતો. પતિ પત્ની પણ નચિંતથી રહેતાં હોય છે. કોઈ કઈ સ્થિતિમાં હોય જેથી સલામ કરી રજા માંગવી એ અનિવાર્ય બાબત છે જેના પર રસૂલે કરીમ ﷺ એ ભાર મૂકયો છે.

## ★ સલામ કઈ રીતે કરવી અને તેની ફઝીલત શું ? ★

સલામમાં સુન્નત આ પ્રમાણે છે કે કહે : **અસ્સલામુ અલૈકુમ** અને જવાબ આપનાર કહે, **વઅલૈકુમ સલામ.** આ પ્રમાણે કહેનારને ૧૦ નેકી મળે છે અને જે આવું કહે કે : **અસ્સલામુ અલૈકુમ વ રહ્‌મતુલ્લાહિ વ બરકાતુહુ વ મગફિરતુહ્‌** આ બેહતરીન શબ્દો છે એમાં ૪૦ નેકી છે, એ જ પ્રમાણે જવાબ આપનાર કહે : **વ અલૈકુમ સલામ વ રહ્‌મતુલ્લાહિ વ બરકાતુહ્‌ વ મગફિરતુહ્‌**

**ચેતવણી** : કેટલાક ભાઈ અજ્ઞાનતામાં **સલામાલે કુમ !** તથા **માલેકુમ સલામ !** વગેરે શબ્દો તેમજ **આદાબ અર્ઝ, તસ્લીમ**....વગેરે બોલે છે તો એનાથી સલામની સુન્નત અદા થતી નથી. ઈસ્લામી તરીકો અને સુન્નત એ જ સલામ છે જે ઉપર દર્શાવેલ છે.

**લતીફો** : આજકાલ સર્વ વાતો જોરશોરથી કરવામાં આવે છે પણ સલામ દબાતા અવાજમાં કેટલાક **સાંઈકુમ !** જવાબમાં **વાલેકુમ** વગેરે ત્રુટક શબ્દો બોલાય છે, એ ફોગટ છે. કોઈની પાસેથી ફક્ત દસ રૂપિયા લેવાના હોય તો તેક્ને ચોખ્ખુ સંભળાય તેમ બોલાય છે ! પણ દસ નેકી ખુદાથી લેવાની તેની કાળજી ન રાખતાં શરમ આવતી હોય તેમ સલામ કરતા જ નથી અથવા કરે છે તો મનમાં જાણે ગણગણી લે છે ! તો સાંભળી લો !

"સલામ એ રીતે કરવામાં આવે કે જેને સલામ કરે તે બરાબર સાંભળી શકે અને એ રીતે જવાબ પણ આપો."

સવારી પર હોય તે પગે ચાલનારને સલામ કરે, થોડા લોકો વધારે લોકોને અને નાનો મોટાને, પાછળથી આવનાર આગળવાળાને, વૃધ્ધ સ્ત્રીને જોરથી જવાબ આપે જુવાન સ્ત્રીને તે ન સાંભળે એટલો કેવળ પોતે સાંભળે એવો આપે, આવતાં જતાં સલામ કરે, આવનાર બેઠેલાઓને સલામ કરે, બહેનો પણ આપસમાં સલામ કરે, ગૈર મર્દોને ન સલામ કરે ન મુસાફો કરે. (જેમ કે આજકાલ ઈદ વગેરેમાં થાય છે, પર સ્ત્રી સાથે હાથ મેળવવા હરામ છે.)

**ચેતવણી** : વહાબી, દેવબંદી, ગૈર મુકલ્લિદ એટલે કહેવાતા અહલે હદીષ, મૌદૂદી એટલે કહેવાતા જમાઅતે ઈસ્લામી, શીઆ, રાફઝી, ખારજી, કાફિરોને સલામ કરવી જાઈઝ નથી ન જવાબ આપવો. એવો સલામ કરે તો ચૂપ રહે અથવા કેવળ **વ અલૈકુમ** કહેવું. (**નોંધ** : વધુ માટે વાંચો કિતાબ : "ફયૂઝાને શરીઅત")

*Barkate Khwaja (Monthly) July-2004 Regd. No. G/Bch/54*

# આલમી તેહરીક
# સુન્ની દા'વતે ઈસ્લામીમાં જોડાઈ જાવ !

## શું તમે ઈચ્છો છો કે....

★ **શું તમે ઈચ્છો છો કે.....** તમારા ઘરમાં ઈસ્લામી માહોલ હોય, સૌ નમાઝી બની જાય, એક બીજાના હક્કોનો લેહાઝ રાખે, એક બીજાની ઈજ્જત કરે, પ્યાર મહોબ્બતનું સામ્રાજ્ય ઘરમાં સ્થપાય ?!

★ **શું તમે ઈચ્છો છો કે.....** તમારા મહોલ્લામાં ફિલ્મી ગીતો તથા ડ્રામાઓની ધૂમ સ્પીકરો કે ટી.વી. પર ન થાય અને તેને બદલે ઈશ્કે નબીમાં ચૂર બની નઅતે પાકના નગ્માઓ દરેકનાં દિલ તથા ઝબાન ગુનગુનાવતાં રહે અને શરીઅતની પાબંદી માટે સુન્નતોની પાબંદી માટે સૌ કોશિશ કરે ?!

★ **શું તમે ઈચ્છો છો કે.....** ઠઠ્ઠા મશ્કરીથી દૂર રહી નવયુવાનો દીનના કામોમાં અમલી જિંદગીના માટે મહેનત કરતા રહે અને બાઅખ્લાક બની એક સાચા મુસલમાન જેમ જીવન જીવે ?!

★ **શું તમે ઈચ્છો છો કે.....** તમારી આબાદીમાં સૌ માં બહેનો પર્દો અપનાવી એક પાકીઝા માહોલને અસ્તિત્વમાં લાવે ?!

અને હા ! દરેક ઈસ્લામના ચાહક મુસલમાનની એ જ તમન્ના હોય છે કે કાશ ! અમારો માહોલ પાકીઝા, બાઅખ્લાક તથા સુન્નતોથી મહેકતા ગુલશન જેવો હોય.

તો આવો ! આજે જ **"સુન્ની દાવતે ઈસ્લામી"**ની શાખા તમારે ત્યાં સ્થાપો અને સુન્નતોને અપનાવો તથા તેનો ફેલાવો કરો.

**સુન્ની દાવતે ઈસ્લામી કી દાવત હર સૂ આમ કરેં**
**સુન્નતકો ઘર ઘર ફેલાએં તબ્લીગે ઈસ્લામ કરેં**

### ★ સંપર્ક કરો ★

★ **(મર્કઝ) સુન્ની દા'વતે ઈસ્લામી** : ઈસ્માઈલ હબીબ મસ્જિદ, મુહમ્મદ અલી રોડ, મુંબઈ.
**નોંધ** : મર્કઝ પર દર શનિવારે ઈશા બાદ હપ્તાવારી ઈજતેમામાં હાજરી આપો.

★ **સુન્ની દા'વતે ઈસ્લામી (આમોદ શાખા) : C/o.** મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ, ઠે. ચાર રસ્તા, બસ સ્ટેન્ડ પાસે, મુા. પો. આમોદ, જિ. ભરૂચ, ફોન : (૦૨૬૪૧) : ૨૪૬૧૯૨, મો. ૯૪૨૬૮૪૦૨૭૭

★ **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા) : C/o.** ફય્ઝાને રઝા મંઝિલ, મુા. પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. : ૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) : ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મો. : ૯૮૨૪૪૮૬૪૪૩

**નોંધ : આમોદ મદ્રસા બરકાતે ખ્વાજા ખાતે મુબલ્લિગ બનવા માટે કાયમી ધોરણે તર્બિયતી કેમ્પ સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો થકી ચાલે છે તેમાં હાજરી આપી દીની ઈલ્મ શીખો અને મુબલ્લિગ બનો !**

આ **"બરકાતે ખ્વાજા"** (માસિક) **"ઈસ્લામિક વેલ્ફેર મિશન"** દયાદરા તરફથી તેના પ્રમુખ, તંત્રી, પબ્લીશર તથા પ્રિન્ટર પટેલ શબ્બીર અલી રઝવી (B. Sc.)એ **"ટેકનો પ્રિન્ટ"** કાટવાલા એસ્ટેટ, યાકૂતપૂરા, વડોદરામાં છપાવી ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાની ઓફિસેથી પ્રગટ કર્યું.

Barkate Khwaja (Monthly) Aug.-2004 Regd. No. G/Bch/54

# ઈમાનની સલામતી ઈચ્છનારના ઘરમાં આ કિતાબ અવશ્ય હોવી જોઈએ !

**કિતાબ : રહનુમાએ હક્ક** *(પેજીસ : ૩૩૬) પાકુ પુઠ્ઠુ, રેકઝીન બાઈન્ડીંગ ગોલ્ડન કલર પ્રિન્ટીંગ ટાઈટલ*

દુનિયાની ભાગદોડમાં માણસ દૌલત કમાવાની લાયમાં અથવા તો ખેલકૂદમાં કે સુસ્તીમાં પડયા રહેવાની આદતના કારણે આજનો મુસલમાન **ઈમાન એટલે શું ?** તે સમજવાની દરકાર નથી રાખતો. અને લોભ લાલચમાં રહી ગમે તે બાતિલ ફિર્કાવાળાની સાથે રહીને તેમની બદઅકીદગીનો શિકાર બની જાય છે. ક્ષણિક જિંદગી પાછળ પૂરો સમય વાપરી નાખે છે અને હમેશાંની જિંદગી આખેરત માટે તેની પાસે ટાઈમ જ નથી !

તો દોસ્તો ! દીન ઈમાન બાબતે ગંભીર બનો અને **"રહનુમાએ હક્ક"** કિતાબ આજે જ મંગાવો જેમાં ખૂબ જ સરળ ભાષામાં કુર્આન, હદીષ, બુઝુર્ગોના કથનો તેમજ ઈસ્લામિક ઈતિહાસની સાક્ષીએ સાચા ખોટાની સમજ દર્શાવી છે. તો **આજે જ ૫૦/–** રૂા. M.O. કરો ને ઉપરોકત કિતાબ મંગાવો.

## ★ મદ્રસાના કોર્સમાં દાખલ કરો ! ★

**કિતાબ : તા'લીમાતે જાને ઈમાન** *[(ગુજરાતી કિતાબ) પેજીસ : ૫૨, કિંમત : રૂા. ૧૦/–)]*

**પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો !** વર્તમાનકાળમાં રોજ નિત નવા બદ્અકીદા ધરાવતા લોકો પેદા થતા જાય છે, જેથી કોરા દિમાગવાળા બાળકોને સત્ય પંથ કયો છે, તે સમજવું અતિ મુશ્કેલ બની જાય છે. એવા નાઝુક સમયે બાળકોને મદ્રસામાં જ આ કિતાબનું ટીચિંગ કરવામાં આવે, તેમને બાકાયદા તબક્કાવાર પ્રકરણો પઢાઈ દરમ્યાન ચલાવવામાં આવે, તેને યાદ કરાવી તેમના દિમાગમાં આ કિતાબની વાતો બેસાડવામાં આવે અને અંતે તેમની ઈમ્તેહાન પણ આ કિતાબ પઢાવ્યા બાદ લેવામાં આવે તો મદ્રસામાંથી નીકળ્યા બાદ જેમ જેમ તેમનામાં સમજ–શઊર પેદા થશે તેમ તેમ બાતિલ ફિર્કાઓને જલ્દીથી ઓળખી લઈને પોતાના ઈમાનને સલામત રાખી શકશે. માટે **મારી નમ્ર વિનંતિ છે કે આ કિતાબને તમામ મદ્રસાના ટ્રસ્ટીઓ તથા મુદર્રિસો મદ્રસાના કોર્સમાં દાખલ કરી સુન્નિયતને સાચવવા તથા મજબૂત કરવાના માટે કોશિશ કરે.**

## ★ મદ્રસાના બાળકો માટે મંગાવો ★

**કિતાબ : નૂરાની તા'લીમાત** *[(પોકેટ સાઈઝ) પેજીસ : ૮૦, કિંમત : રૂા. ૧૦/–]*

**સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા શાખા** તરફથી છપાયેલી આ કિતાબમાં ગુજરાતી તથા અરબીમાં સાત કલમા, નમાઝની તથા અન્ય દુઆઓ, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમના ફરાઈઝ, નમાઝની શર્તો, વાજિબો, ફર્ઝ, વાજિબ, સુન્નત, હરામ, મકરૂહની વ્યાખ્યાઓ, સીરતે પાક સંક્ષિપ્તમાં સર્વ નામો સાથે અશ્રાએ મુબશ્શિરાનાં નામો, ખાવા, પીવા, સૂવાની સુન્નતો, જુમ્આ–ઈદની સુન્નતો, ત્રીસ પારાનાં નામો, તજવીદના કાયદા (મખરજનું વર્ણન), ૧૪–સૂરતો, સલાતુત્તસ્બીહ નમાઝની રીત, નમાઝના સમયો, રકાતો વગેરેનું વર્ણન–ગાગરમાં સાગર સમાન કિતાબ રૂા. ૧૦/– M.O. કરી મંગાવો :–

**પ્રાપ્તિ સ્થાન : રઝવી કિતાબ ઘર**, મુા.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, ફોન : (૦૨૬૪૨) : ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧

**નોંધ :** *જથ્થાબંધ કિતાબો મંગાવનારને યોગ્ય કમિશન આપવામાં આવશે.*

આ **"બરકાતે ખ્વાજા"** (માસિક) **"ઈસ્લામિક વેલ્ફેર મિશન"** દયાદરા તરફથી તેના પ્રમુખ, તંત્રી, પબ્લીશર તથા પ્રિન્ટર પટેલ શબ્બીર અલી રઝવી (B. Sc.)એ **"ટેકનો પ્રિન્ટ"** કાટવાલા એસ્ટેટ, યાકૂતપૂરા, વડોદરામાં છપાવી ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાની ઓફિસેથી પ્રગટ કર્યું.